**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only

Vol. 13, Issue. 231, Special Issue-5, April 2022

## યુનિવર્સિટી કાર્ય વૃત્તાંત
## તા. ૧–૫–૨૦૨૧ થી ૨૫–૪–૨૦૨૨

### કુલપતિશ્રી : પરિચય



કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાની હાયર સેકન્ડરી સ્કૂલના ટીચરથી પ્રારંભ કરીને કોલેજના અધ્યાપક–આચાર્ય સુધીના વિદ્યાકીય સફર યશસ્વી રહી છે.

જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોલેજ, અમરોલીમાં વર્ષ ૨૦૦૫થી આચાર્યશ્રી તરીકેની યશસ્વી કારકિર્દી ધરાવે છો. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદના સ્ટડી સેન્ટર–૧૯૨૮ના વડા તરીકે પણ આપશ્રી કાર્યરત હતા. Idees: International Multidisciplinary Research Journal ના Editor-in-Chief, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત Board Studies (Accountancy including Costing) ના ચેરમેન, કોમર્સ વિદ્યાશાખાના Other-than-Dean, સેનેટ સભ્ય, તેમજ યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોમાં આપ કાર્ય કરી ચૂકયા છો. Indian Accounting Association ની દક્ષિણ ગુજરાત શાખાના સ્થાપક પ્રમુખ, યુનિવર્સિટી વિસ્તારની સંલગ્ન કોલેજોના એસોસિએશનના સેક્રેટરી, Department of Research Study Committeeના સભ્ય,યુનિવર્સિટીના Study Circle of Lecturers in Accoutancy, Commerce and Managementના પ્રમુખ, Self Financed School Fee Regulation Committee, Surat Zoneના સભ્ય અને અનેકવિધ સામાજિક સંસ્થાઓના સભ્ય તરીકે ઉમદા સેવાઓ આપ બજાવી ચૂકયા છો. 'નેક' મૂલ્યાંકન સમિતિના સભ્ય પણ આપ રહી ચૂકયા છે.

આપશ્રીએ Minor Research Project પણ પ્રસ્તુત કરેલ છે. વિવિધ પ્રકારની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ, સેમિનાર વગેરેનું આયોજન કરેલ છે. 'કોરાના' વૈશ્વિક મહામારીમાં પણ પોતાની વિદ્યાપ્રવૃત્તિને પણ પ્રજવલિત રાખતાં અનેક વિષયોના પર બાવન જેટલા વેબિનારોનું આયોજન પોતાની વિદ્યાપ્રવૃત્તિને પણ પ્રજવલિત રાખતાં અનેક વિષયોના પર બાવન જેટલા વેબિનારોનું આયોજન કોલેજ કક્ષાએ સંપન્ન કરેલ છે અને અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં જીવંત રાખ્યા છે. ઓરિએન્ટેશન અને રિફ્રેશર કોર્ષમાં પણ શૈક્ષણિક પાસાંઓને ઉજાગર કરેલ છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને સંસ્થાઓમાં વી.સી. નોમીની તરીકે ૫૪ વખત અને ૪૦ વખત Subject Expert તરીકે પણ આપશ્રીએ કુશળતાનો ઉપયોગ કર્યો છે.

આપના વિદ્વત માર્ગદર્શનમાં ૧૧ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને ૭ વિદ્યાર્થીઓએ એમ.ફિલ.ની ડિગ્રી મેળવેલ છે. આપના આ તેજસ્વી વિદ્યાર્થીઓ આજે ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણની સુવાસ ફેલાવી રહ્યા છે.

આપની પ્રકાશનયાત્રામાં ૨૮ ગ્રંથો, ૧૫ શોધલેખો પ્રકાશિત થયેલ છે. ૩૩ શોધપત્રોનું પ્રેઝન્ટેશન, આપશ્રીએ કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનારમાં ૭૧ વખત પ્રતિનિધિત્વ કર્યું છે. જે આપની વિદ્યાપ્રીતિની સાક્ષી પૂરે છે.

વિદ્યાકીય વ્યવસાયિક પ્રવૃત્તિઓની અતિ વ્યસ્તતા વચ્ચે પણ આપની સામાજિક ભૂમિકા પણ અત્યંત સરાહનીય રહી છે. જેમાં વીર નર્મદ કિડની ફાઉન્ડેશનના સભ્ય, Earn While Lurn Schemeના સ્થાપક, બ્લડ ડોનેશન કેમ્પનાં આયોજન, સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીના વિવિધ પ્રકારના સામાજિક કાર્યક્રમો,સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની બ્લડ ડોનેશન કમિટિમાં નિયુકિત,એન.એસ.એસ.ની સામાજિક સેવાઓમાં સક્રિય ભાગીદારી, એન.એસ.એસ.ની વિવિધ કમિટિઓમાં સભ્ય, ચૂંટણી પંચની રાષ્ટ્રીય ફરજ, ડ્રાઈવીંગ લાયસંસ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ કેમ્પેઈનની કામગીરીમાં આપની ઉત્સાહસભર ભૂમિકા રહી છે અને લાયન કલબ ઓફ સુરતના ચાર્ટર પ્રેસિડેન્ટ પણ આપશ્રી રહી ચૂકયા છો. આપની કોલેજકાળની ફરજ દરમ્યાન ૨૧ જેટલી વિવિધ સંસ્થાઓમાં શૈક્ષણિક સહકાર માટેના MoU પણ કર્યા છે, જે આપની કોલેજના વડા તરીકેની વહીવટી કુશળતા પૂરવાર કરે છે.

આપશ્રી Indian Commerce Association; Indian Accounting Association; Gujarat state College Principal Association અને Association of Indian College Principalsનું આજીવન સભ્યપદ ધરાવો છે.

આપશ્રી એકાઉન્ટન્સી વિષયના વિદ્વાન અધ્યાપક તરીકે ખ્યાતિપ્રાપ્ત છો. આપની રાહબરી હેઠળ માતૃસંસ્થા કોલેજે સુરત શહેરમાં આગવી ઓળખ ઊભી કરી છે. કોલેજમાં વિવિધ પ્રકારની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી અધ્યાપકોને અને વિદ્યાર્થીઓ સાથે હંમેશાં સંલગ્ન રાખીને કોલેજમાં એક અલગ પ્રકારનું શૈક્ષણિક અને સાંસ્કૃતિક પર્યાવરણ ઊભું કર્યું છે. જેમાં આપનો વિદ્યાકીય પુરુષાર્થ દષ્ટિગોચર થાય છે. હાયર સેકન્ડરી સ્કૂલના ટીચરથી વિદ્યાકીય કારકિર્દીનો પ્રારંભ કરીને કોલેજના આચાર્ય સુધીની સફર પ્રચંડ પુરુષાર્થ વિના સંભવ નથી, સફર અકલ્પનીય છે અદ્વિતીય છે. આ સિધ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે વ્યકિત પોતાનો આત્મા કાર્યોમાં ઓતપ્રોત કરે છે.

કેળવણીકાર અને પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશી કહે છે કે, "વિશ્વવિદ્યાલયનો કેન્દ્રપુરુષ–કુલપતિ કોઈ મંત્ર આપનાર ધર્મપુરુષ ન હોય તો પણ વિદ્યાપુરુષ તો હોવો જ જોઈએ."

આ પ્રદેશના વતની એવા ડૉ.કિશોરસિંહ ચાવડા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સર્વોચ્ચ સ્થાને બિરાજે છે તેમાં યુનિવર્સિટીની શોભા છે. એક પ્રતિભાસંપન્ન, ઉત્સાહી, સૌને આદરથી વશીભૂત કરતા, કર્મઠ અને સરળ વ્યકિતત્વ ધરાવતા 'વિદ્યાપુરુષ' આજે કુલપતિ પદ સ્વીકારે છે તેમાં આપણા સૌનું ગૌરવ સમાયેલું છે, આપની પ્રતિભામાં યુનિવર્સિટીના વિકાસનું પ્રતિબિંબ ઝીલાય છે.

ઉચ્ચશિક્ષણના વહીવટના પડકારોથી વાકેફ એવા આપણા કુલપતિશ્રી કુલપતિપદની ગરિમાને ઊંચાઈએ લઈ જશે એમાં કોઈ શંકા નથી. વિદ્યાપ્રીતિથી ઓતપ્રોત આપનું વ્યકિતત્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને 'જ્ઞાનવિશ્વ'માં એકબીજાના પૂરક બનાવવામાં કડીરૂપ ભૂમિકા ભજવશે.

વીર કવિ નર્મદનો 'જોસ્સો' ધરાવતા એક સફળ વિદ્યાપુરુષનો પ્રવેશ યુનિવર્સિટીમાં થયો છે. એક નવા યુગના મંડાણ થયાં છે. આપણે સૌ સાહેબશ્રીને હૃદયથી વધાવીએ,સ્વીકારીએ. આપણી યુનિવર્સિટીના વિકાસ માટે સાહેબશ્રીએ સેવેલા સ્વપ્નને પૂર્ણ કરવા માટે આપણી ફરજને પવિત્ર માનીને તેમની સાથે મંડી પડીએ. કવિ નર્મદના શબ્દો "યા હોમ કરીને પડો, ફતેહ છે આગે." ને સાર્થક કરીએ.




## વિકાસલક્ષી પ્રવૃત્તિઓ

**કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા તા.૦૧–૦૫–૨૦૨૧થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં થયેલ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ.**

## પરીક્ષા

### ઓનલાઈન પરીક્ષા : ટેકનીકલ સપોર્ટ માટે હેલ્પલાઈન

'આપણી યુનિવર્સિટી આપણું ગૌરવ' એ સૂત્રને સાકાર કરવા માટેનું એક ડગલું આગળ વધતા કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીહિત માટે ઘણો ઉપયોગી છે.

આગામી સમયમાં શરૂ થઈ રહેલી યુનિવર્સિટીની ઓનલાઈન પરીક્ષાઓ માટે જરૂરી ટેકનિકલ સપોર્ટ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે સરળ અને સુલભ વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા ટેલીફોનીક વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન પરીક્ષા સંબંધે કોઈપણ પ્રશ્ન હોય તો આપશ્રી આપેલ હેલ્પલાઈન નં. 0261-238-8888 નો સંપર્ક કરવો. આ હેલ્પલાઈન નંબર વિદ્યાર્થીઓએ નોંધી લેવો.

ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડમાં કે અન્ય કોઈ પણ ટેકનીકલ સમસ્યા સર્જાય તો વિદ્યાર્થીઓની સહાય માટે સવારે ૯ થી ૬ કલાક સુધીની એક ટેલીફોનીક વ્યવસ્થા શરૂ કરી છે. વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા સંદર્ભે કોઈ પણ ટેકનીકલ પ્રશ્ન સંદર્ભે આ હેલ્પલાઈન નં. 0261-238-8888 ઉપયોગ કરી શકે છે.

આ ઉપરાંત ગુગલ મીટ સહાયતા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. ગુગલ મીટ દ્વારા વિદ્યાર્થી પોતાના પ્રશ્નોના નિરાકરણ વિડીયો દ્વારા તાત્કાલિક મેળવી શકશે. ગુગલ મીટ માટેની લીંક અને તમામ હેલ્પ લાઈન નંબર આ સાથે સામેલ છે.

આપશ્રી યુનિવર્સિટીના સોશિયલ મીડિયા Facebook, Instagram, Telegram, Youtube જેવા માધ્યમોનો ઉપયોગ કરી માહિતી મેળવી શકશો. આ તમામ લાભ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ભગીરથ પ્રયાસ કરી રહી છે.








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
દ્વારા વિદ્યાર્થીઓ માટે ગૂગલ મીટ પર સહાયકેન્દ્ર શરૂં કરવામાં આવ્યું છે

ગૂગલ મીટ સહાયકેન્દ્ર

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

| Helpdesk Group | Join With Google Meet | Meeting Code |
|---|---|---|
| VNSGU HELPDESK | https://meet.google.com/xwt-xzzg-dzb | xwt-xzzg-dzb |
| VNSGU HELPDESK 01 | https://meet.google.com/yza-drcs-brg | yza-drcs-brg |
| VNSGU HELPDESK 02 | https://meet.google.com/mni-rwby-wqz | mni-rwby-wqz |
| VNSGU HELPDESK 03 | https://meet.google.com/jeb-tpya-wze | jeb-tpya-wze |
| VNSGU HELPDESK 04 | https://meet.google.com/uab-bbpi-ndc | uab-bbpi-ndc |
| VNSGU HELPDESK 05 | https://meet.google.com/rpo-gpjg-phb | rpo-gpjg-phb |
| VNSGU HELPDESK 06 | https://meet.google.com/eqi-wsoq-spm | eqi-wsoq-spm |
| VNSGU HELPDESK 07 | https://meet.google.com/tew-tubj-wco | tew-tubj-wco |
| VNSGU HELPDESK 08 | https://meet.google.com/aqq-hcrq-pjd | aqq-hcrq-pjd |
| VNSGU HELPDESK 09 | https://meet.google.com/ggq-scjs-kbh | ggq-scjs-kbh |
| VNSGU HELPDESK 10 | https://meet.google.com/jro-fttz-wee | jro-fttz-wee |
| VNSGU HELPDESK 11 | https://meet.google.com/sfu-uqxx-zqx | sfu-uqxx-zqx |
| VNSGU HELPDESK 12 | https://meet.google.com/swq-xcxv-cpz | swq-xcxv-cpz |

www.vnsgu.ac.in info@vnsgu.ac.in

## પર (બાવન)મો ખાસ પદવીદાન સમારોહ









વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૪–૮–૨૦૨૧ મંગળવારના રોજ સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીશ્રીઓ સહિત સમસ્ત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવાર તેમજ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના સંયુકત સહકારની મદદથી પર (બાવન)મો ખાસ પદવીદાન સમારોહનું આયોજન વીર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંમેલન હોલ ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને સુરત પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

## પ૩મો વાર્ષિક પદવીદાન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૨૬–૦૨–૨૦૨૨ના રોજ "કવિશ્રી વીર નર્મદની" પુણ્યતિથિએ કન્વેન્શન હોલમાં વાર્ષિક પ૩માં પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા મહામહિમ કુલાધિપતિશ્રી અને ગુજરાત રાજયના રાજયપાલશ્રી દેવવ્રતભાઈ આચાર્ય, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને શ્રી કુબેરભાઈ ડીંડોર તેમજ સમારોહમાં ઉપસ્થિત સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના સુવર્ણચંદ્રક વિજેતાઓ અને પીએચ.ડી. પદવી મેળવેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને ઉદ્‌બોધન કર્યું હતું.










## Invitation Card





ડો. કિશોરસિંહ એન. ચાવડા
કુલપતિશ્રી
તથા સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત આપને

૫૩મા વાર્ષિક પદવીદાન સમારંભમાં

**શનિવાર, તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે**

કન્વેન્શન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, સુરત ખાતે
ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

**આચાર્ય દેવવ્રત**
માનનીય કુલાધિપતિશ્રી અને રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય
સમારંભના પ્રમુખ સ્થાને બિરાજશે (ઓનલાઈન)

મુખ્ય મહેમાન
**શ્રી જીતુભાઈ વાઘાણી**
માનનીય કેબિનેટ શિક્ષણ મંત્રી,
વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી, ગુજરાત સરકાર
મુખ્ય મહેમાન તરીકે દીક્ષાંત પ્રવચન આપશે (ઓનલાઈન)

અતિથિ વિશેષ
**ડો. કુબેરભાઈ ડીંડોર**
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી અને
વિધાનસભા અને સંસદીય બાબતો, ગુજરાત સરકાર
સમારંભના વિશેષ સ્થાને બિરાજશે (ઓનલાઈન)

**ડો. જયદીપ ચૌધરી**
કા. કુલસચિવ

## Hon'ble Vice Chancellor Speech



आदरणीय चांसलर और राज्यपाल, महामहिम श्री आचार्य देवव्रत जी, हमारे आज के मुख्य अतिथि, आदरणीय शिक्षा मंत्री श्री जीतूभाई वाघाणी जी, आज के हमारे अतिथि विशेष उच्च और तकनिकी शिक्षा राज्य मंत्री आदरणीय डॉ. श्री कुबेर भाई डिंडोर जी और यूनिवर्सिटी के मेरे साथी इन्चार्ज रजिस्ट्रार श्री डॉ. जयदीप चौधरी जी, मेरे सारे सहकर्मी, स्नातक छात्र, और यहाँ उपस्थित सभी आमंत्रित मेहमान एवं वस्तुतः उपस्थित महानुभावो का मैं वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के इस तिरेपनवे वार्षिक दीक्षांत समारोह में मेरी और सभी सीनेट और सिंडिकेट सदस्यों की और से स्वागत करता हूँ।

इसी के साथ-साथ, मैं स्नातक हुए सभी छात्रों और उनके परिवारों को अपनी हार्दिक बधाई देता हूं ।

हमारे आदरणीय राज्यपाल, महामहिम श्री आचार्य देवव्रत साहब का विशेषरूप से आभार प्रकट करना चाहता हूँ क्यूंकि इन्होंने इस यूनिवर्सिटी के हर पहलू में हमेशा गहरी रुचि ली है और हमारे सारें प्रयासों में हमें प्रोत्साहन प्रदान किया है और समर्थन दिया है।

हमारे राज्य के आदरणीय शिक्षा मंत्री श्री जीतूभाई वाघाणी जी, आज इस दीक्षांत समारोह के मुख्य अतिथि के रूप में आपकी विशेष उपस्थिति से यूनिवर्सिटी गर्व महसूस कर रही है। आपके नेतृत्व में शिक्षा मंत्रालय को नई ऊर्जा, नया जोश और नई दिशा मिली है।

आदरणीय डॉ. श्री कुबेर भाई डिंडोर जी, आज इस समारोह में अतिथि विशेष के रूप में आपकी उपस्थिति से हमें बेहद आनंद है । आप निरंतर हमारे शुभचिंतक और समर्थक रहे हैं और आपकी सकारात्मकता हमें दिन प्रतिदिन प्रेरित करती रहती है।

मैं एक बार फिर आप सभी का वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के इस तिरेपनवे दीक्षांत समारोह में तहे दिल से स्वागत करता हूँ ।

जय हिंद, भारत माता की जय ।

## સામાજિક ઉત્તરદાયિત્વ

### વૃક્ષારોપણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે તા. ૦૫ જૂન ૨૦૨૧ના રોજ સુરતથી ૨૭ કી.મી. દૂર આવેલ શ્રી મોરારજી દેસાઈ જન્મશતાબ્દી સેવા પ્રતિષ્ઠાન, મોજે. પોંસરા, તા. જલાલપુર, જી. નવસારી ખાતે આવેલ પરિસર યુનિવર્સિટીને નેચરોપથી ઉપચાર કેન્દ્ર વગેરે હેતુ માટે આપવામાં આવેલ તે સ્થળ પર સવારે ૧૦:૦૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને યુનિવર્સિટીના સેનેટ સિન્ડિકેટના સભ્યશ્રી હસમુખભાઈ પટેલ તથા નવસારી સાયન્સ કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ફરીદાબેન મીનોચેહેર્મજી તથા ઉપાચાર્યશ્રી ડૉ. અલ્કેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભારતીય પરંપરાના પ્રતિક એવા વડ, પીપળો, લીમડો જેવા વૃક્ષો રોપવામાં આવ્યાં હતા. તેની સાથોસાથ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા નવનિયુક્ત સિન્ડિકેટ સભ્યશ્રી હસમુખભાઈ પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું.







### વૃક્ષારોપણ

તા. ૭–૬–૨૦૨૧નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ઓરો યુનિવર્સિટી દ્વારા સંયુક્ત ઉપક્રમે નવા કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો. વૃક્ષારોપણના કાર્યક્રમમાં ઓરો યુનિવર્સિટીના ડીન એકેડેમિક ડૉ. રોહિત સિંઘ, સ્કૂલ ઓફ હોસ્પીટાલીટી મેનેજમેન્ટના અધ્યક્ષ અમરીશ મિશ્રા તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સીલના ડીન તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. કિશોર પોરીયા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભરત ઠાકોર તથા એન.એસ.એસ.નાં સ્વયંસેવકો દ્વારા ૫૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ નવું કેમ્પસ કુદરતના સાન્નિધ્યમાં હરિયાળું બને અને નજીકનાં ભવિષ્યોમાં કેમ્પસનો વિકાસ ઝડપથી થાય તે માટે આગામી સમયમાં જુદા જુદા વિભાગો તથા ફિલ્ડવર્ક માટેની વ્યવસ્થા માટેના ચક્રો ગતિમાન થયા છે.







## COVID-19 Sequencing

યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે ICMR માન્ય COVID-19 RT-PCR Lab હાલમાં કાર્યરત છે. આ ઉપરાંત બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે COVID-19 Genome Sequencing માટે સુવિધા ઊભી કરવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટ ખાતે ૫૫ લાખ રૂપિયાથી વધુની કિંમતનું Illumina mini seq Next Generation Sequencing મશીન લેવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટ ખાતે COVID-19 ના Sequencing કરવા માટે DST અને GBRC માં એક્શેપ્રેશન ઓફ ઈનરેસ આપેલ અને તે સંદર્ભે ડિપાર્ટમેન્ટને Geonome કામગીરી કરવા મંજુરી મળેલ છે અને આ Sequencing કરવા માટે જરૂરી કન્ઝ્યુમેબલ GBRC, DST દ્વારા પૂરાં પાડવામાં આવશે. આમ આગામી સમયમાં કન્ઝ્યુમેબલ મળ્યે અને એ સરકારની સુચના અનુસાર COVID-19 Sequencing ની કામગીરી હાથ ધરવામાં આવશે. જેનાથી આવનાર સમયમાં થર્ડ વેવ દરમ્યાન નવા વેરીયેન્ટની ઓળખ સુરત ખાતે થઈ શકશે.

## મહિલા સશક્તિકરણ



કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં માર્ગદર્શન અને અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૪–૧૦–૨૦૨૧નાં રોજ સવારે ૧૧ કલાકે "મહિલા સશક્તિકરણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે સુરત લિંબાયત વિસ્તારના ધારાસભ્ય શ્રી સંગીતાબેન પાટીલ મહેમાન તરીકે યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્ય ડૉ. પારૂલબેન વડગામા અને રોજગાર કચેરીનાં એમ્પ્લોયમેન્ટ ઓફિસર શ્રી પારૂલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે શ્રી સુનિતિબેન કરવા હાજર રહ્યા હતા.



## Wellness and Beauty

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વુમન ડેવલોપમેન્ટ સેલ WDC દ્વારા તા. ૨૧–૦૯–૨૦૨૧, મંગળવારને બપોરે 3:00 કલાકે બાયોટેકનોલોજી વિભાગમાં "Wellness and Beauty" વેબિનારનું યુનિવર્સિટીના વિવિધ વિભાગોમા કાર્યરત મહિલા કર્મચારીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૭૦ મહિલા કર્મચારીઓ હાજર રહ્યા.






## Blood Donation Camp





A great initiative of organizing a blood donation camp was taken by the NSS Unit, Department of Biotechnology, in association with Surat Raktadan Kendra and Research Centre, Surat, Gujarat on 2nd August 2021. The Camp started at 10:00 am in the presence of Head of Department and Professors, later joined by Dr. Kishorsinh N.Chavda (Honourable Vice Chancellor), Dr. Jaydip Chaudhari (In-charge Registrar), Mr. Prakash Chandra in the auditorium of Department.

## પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના



તા. ૨૨–૦૨–૨૦૨૨ને મંગળવારે અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો દ્વારા ''પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના–હર ખેત કો પાની'' પ્રોજેક્ટ રીપોર્ટના વિમોચન કાર્યક્રમનું આયોજન રૂમ નં. ૨૦૫, મુખ્ય કાર્યાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રોજેક્ટ રીપોર્ટનું વિમોચન કુલપતિ શ્રી ડૉ. કે. એન. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું.




## Word Bamboo Day Celebration

This year Department of Interior Design has done celebration of WORLD BAMBOO DAY on 18th September 2021. Department has Organized Bamboo Plantation at the Department in which our Honourable Vice chancellor Dr. Kishorsinh Chavda was invited as chief guest. In his present students had done plantation, also took oath to care these plants until they mature.





## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

તા. ૨૧–૦૨–૨૦૨૨ને સોમવારે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ ખાતે માતૃભાષા વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી એસ. શ્રીનીવાસા રાવ અને ડૉ. મુકેશભાઈ વસાવાએ પોતાનું વક્તવ્ય રજુ કર્યુ.










## બોધપૂર્વક જીવન જીવવાની કળા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં ઓશો ચેર અને ઓશો લોટસ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૧૩–૧૦–૨૦૨૧, બુધવારના રોજ 'બોધપૂર્વક જીવન જીવવાની કળા' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમના મુખ્ય વકતા સ્વામી શ્રી સત્ય વેદાંતજી હાજર રહ્યા હતા.

## International Women's Day

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી મુકામે જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચોથું વ્યાખ્યાન તારીખ ૮–૩–૨૦૨૨ને મંગળવારે બપોરે ૧૨:૩૦ કલાકે અર્થશાસ્ત્ર વિભાગના સેમીનાર હોલમાં ઓફલાઈન રાખવામાં આવ્યું હતું.













## લોક પરંપરામાં પર્વો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને IQAC ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬–૮–૨૦૨૧ ગુરુવારના રોજ લોક પરંપરામાં પર્વો વિષે ડૉ. પ્રેમજી પટેલ દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## 'વિજ્ઞાન દિવસ

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ "વિજ્ઞાન દિવસ" નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા સંમેલન સભાખંડમાં "સેલીબ્રેશન ઓફ ફિઝિક્સ" કાર્યક્રમ હેઠળ ટી.આઈ.એફ. આર.નાં પૂર્વ પ્રાધ્યાપક, ચારૂ સેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને કોસમોસ કેન્દ્રનાં ડાયરેકટર પ્રો. પંકજ જોષીએ ખૂબ જ રસપ્રદ વ્યાખ્યાન "જોય ઓફ સાયન્સ" આપ્યુ હતું.



## રાષ્ટ્રીય ગણિત દિવસ

ભારતના મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ તા. ૨૨ ડિસેમ્બરને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ભારતભરમાં ઉજવવામાં આવે છે. ગણિતશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ગણિત દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો યોજી કરવામાં આવી હતી, જેમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા મુખ્ય અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યાં હતાં.









## Climate Change Target and Possibilities

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુક્ત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઓનલાઈન માધ્યમ તરીકે બીજું વ્યાખ્યાન તા. ૭–૩–૨૦૨૨ને સોમવાર બપોરે ૩:૦૦ વાગે આયોજીત કરવામાં આવ્યું હતું.






## રાષ્ટ્રીય સેવા યોજના

- તારીખ ૧ થી ૬ મે, ૨૦૨૧ સુધી દરરોજ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન આયોજીત વેબિનાર: **"ડર કે આગે જીત હૈ"**.
- ૧૧ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"આત્મનિર્ભર ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા"**.
- તારીખ ૧૫ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **" શિવમહિમ્નસ્તોત્ર"**.
- તારીખ ૨૦ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **" ઉર્જા વર્કશોપ"**.
- તારીખ ૨૨ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **" નવા વિશ્વમાં ભગવદગીતા"**.
- તારીખ ૨૭ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"Soft Skill is Real Strengt"**.
- તારીખ ૨૮ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"સબીજ નિર્બીજ પ્રાણાયામ"**.
- તારીખ ૨૯ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"આપણી સાહિત્ય દ્રષ્ટિ"**.
- તારીખ ૨૯ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"Cyber Crime – A New Critical Issue for Digital India"**.
- તારીખ ૩૧ મે, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"Resume Writing"**.
- તારીખ ૩ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **" સાહિત્યમાં આરોગ્ય"**.
- તારીખ ૧૨ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"નવગીત લેખન"**.
- તારીખ ૧૬ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"કોરોનામાં યૌગિક ચિકિત્સા"**.
- તારીખ ૧૭ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રોટોકોલ"**.
- તારીખ ૧૭ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"ઉન્નત ભારત અભિયાન"**.
- તારીખ ૧૮ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"પ્રાણાયામનું મહત્વ"**.
- તારીખ ૧૯ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"પાચનતંત્રની ક્ષમતા વધારવામાં યોગની ઉપયોગીતા"**.
- તારીખ ૧૯ જૂન, ૨૦૨૧ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે આયોજીત વેબિનાર **"વ્યંગ્ય લેખન"**.
- તારીખ ૨૦ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"ફેફસાંની મજબૂતી માટે ઉપયોગી આસનો અને પ્રાણાયામ"**.
- તારીખ ૨૨ જૂન,૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"Blood Donation and Thalassemia Screening Awareness"**.
- તારીખ ૨૨ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"IELTS Orientation"**.
- તારીખ ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે આયોજીત વેબિનાર **"How to Plan Study Abroad"**.
- તારીખ ૨૯ જૂન, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"National Career Service Centre for SC/ST Introduction to Concept and Services with Employment Services by Govt. of Gujarat"**.
- તારીખ ૨ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આયોજીત વેબિનાર **"An Introduction to Body Language for Students"**.
- તારીખ ૩ જૂલાઈ, ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આયોજીત વેબિનાર **"Join Indian Army a Career for Nation"**.
- તારીખ ૩ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આયોજીત વેબિનાર **"ADDA 247 & Certificate in Computer Application (CCA) "**.
- તારીખ ૬ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"પ્રાકૃતિક ખેતી"**.
- તારીખ ૭ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"શિક્ષણનું લક્ષ્ય મનુષ્ય નિર્માણ"**.

- તારીખ ૧૦ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"યાત્રા સાહિત્ય લેખન"**.
- તારીખ ૨૫ જૂલાઈ, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર **"વ્યકિતગત જીવનમાં યોગના પ્રભાવ અને અભાવ"**.
- તારીખ ૨ ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન **"રકતદાન શિબિર"નું** આયોજન કરવામાં આવ્યું હતું.
- તારીખ ૧૫ ઓગસ્ટ,૨૦૨૧ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુખ્ય વહીવટી ભવનના પ્રાંગણમાં **"સ્વતંત્રતા દિવસની ઉજવણી"** કરવામાં આવેલ હતી.
- તારીખ ૧૫ ઓગસ્ટ,૨૦૨૧ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુખ્ય વહીવટી ભવનના પ્રાંગણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી બાદ **"એક વૃક્ષ શહીદ કે નામ"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.
- તારીખ ૧ સપ્ટેબર, ૨૦૨૧ ના રોજ એન.એસ.એસ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ ખાતે Feet India Freedom Run નું આયોજન.
- તારીખ ૧૩ સપ્ટેબર, ૨૦૨૧ ના રોજ આયોજીત વેબિનાર " સેવા હી સાધના".
- તારીખ ૬ સપ્ટેબર, ૨૦૨૧ ના રોજ માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના અધ્યક્ષ સ્થાને "સલાહકાર સમિતિ" ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં જન્મ દિવસ નિમિતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૭–૦૯–૨૦૨૧નાં રોજ "ઓર્ગન ડોનેટ પ્રતિજ્ઞા" કાર્યક્રમનું આયોજન.
- રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અંર્તગત આવતી કોલેજો દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં જન્મ દિવસ નિમિતે પ્રધાનમંત્રીશ્રીને અભિવાદન પત્રો મોકલ્યા હતા.
- સુરત મહાનગરનાં મહા વેકશીનેશન અભિયાન અંર્તગત તા. ૧૭–૦૯–૨૦૨૧નાં રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી નાં જન્મ દિવસ નિમિતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની તમામ કોલેજો (સુરત શહેર) માં નેતૃત્વમાં વેકશીનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હતું.
- રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૪/૧૦/૨૦૨૧ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે "મહિલા સશકિતકરણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આઝાદીના ૭૫માં અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૧ નાં રોજ "પ્લોગીંગ રન" કાર્યક્રમનું આયોજન એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત ખાતે કરવામાં આવેલ હતું.
- તારીખ ૨૨ થી ૨૪ સપ્ટેબર,૨૦૨૧ સુધી ક્રાંતિગુરૂ શ્યામજીકૃષ્ણ વર્મા યુનિવર્સિટી, કચ્છ ખાતે "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ–૨૦૨૧" ની રાજ્ય કક્ષાની ઉજવણીમાં ગુજરાતની ૪૫ જેટલી યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ.ની જુદી–જુદી કોલેજોના ૨૫ સ્વયંસેવક/સેવિકાઓએ ભાગ લીધેલ હતો. આ ઉજવણીમાં સોલંકી નંદનીએ મોનો એકિટંગમાં સમગ્ર ગુજરાતમાંથી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીનું નામ રોશન કર્યુ હતું.
- રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત સંલગ્ન જુદી–જુદી કોલેજોના ૦૬ (૦૨ બહેનો અને ૦૪ ભાઈઓ) સ્વયંસેવકોની પસંદગી તા. ૧૨ થી ૨૧ ઓકટોબર, ૨૦૨૧ દરમ્યાન કે.બી.સી. નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ ખાતે યોજાનાર વેસ્ટ ઝોન પ્રિ.આર.ડી. પરેડ માટે થયેલ છે.
- ઝુપડપટ્ટી (સેવાવસ્તી)માં વસવાટ કરતા લોકો વર્ષોથી અનેક પ્રકારની સમસ્યાઓનો ભોગ બની રહયા છે. તેઓ આપણી સાથે ઉભા રહે આપણા મુખ્ય પ્રવાહ સાથે જોડાય તેમજ સમરસતા યુકત સમાજનાં નિર્માણનું એ આપણું દાયિત્ત્વ છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે એન.એસ.એસ. વિભાગ દ્વારા સંલગ્ન કોલેજો નજીકનાં સેવાવસ્તી (સ્લમ વિસ્તાર) દત્તક લેવા જઈ રહી છે અને ત્યાં સેવાકેન્દ્રની સ્થાપના કરશે.
- રાષ્ટ્રીય સેવા યોજના રાજ્ય કક્ષાના એવોર્ડ ૨૦૧૯–૨૦ની જાહેરાત તા. ના રોજ ગાંધીનગર ખાતે માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા કરવામાં આવેલ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત એન.એસ.એસ. સંલગ્ન નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવાનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. અજય પટેલને રાજ્યકક્ષાનાં પ્રોગ્રામ ઓફિસરનો અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, નવસારીના શ્રી જય પટેલને શ્રેષ્ઠ સ્વયંસેવકનો રાજ્યકક્ષાનો એવોર્ડ માન. શિક્ષણમંત્રીશ્રી દ્વારા એનાયત કરવામાં આવેલ હતો.

- રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા તા. ૩૦–૧૦–૨૦૨૧નાં રોજ "એક દિવસીય પ્રોગ્રામ ઓફિસર્સ પ્રશિક્ષણ વર્ગ" નું આયોજન કરવામાં આવ્યું હતું.
- બાયો–ટેક્નોલોજી વિભાગમાં વર્ષ ૨૦૨૦–૨૧માં અભ્યાસ કરતા બી.એસ.સી. બાયો–ટેક્નોલોજી/ માઈક્રોબાયોલોજી સેમેસ્ટર–૩ નાં રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ સંકળાયેલ સ્વયંસેવકો દ્વારા તા.૦૫–૦૮–૨૦૨૧નાં રોજ Innovative way for Plantation using Waste વિષય પર વાવેતર માટેની નવીન રીતોનો ઉપયોગ કર્યો હતો.
- રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૧૮–૧૧–૨૦૨૧નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે "મતદારયાદી સુધારણા કાર્યક્રમ" અંર્તગત એક ઓનલાઈન મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું.
- રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા તા. ૨૩–૧૧–૨૦૨૧નાં રોજ "મતદારયાદી સુધારણા કેમ્પનું" આયોજન કરવામાં આવેલ હતું.

## MoU

- The University Library has entered into an MoU with INFLIBNET.

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે આજ રોજ MoU કરવાના પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણા યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમનું પુષ્પ ગુચ્છથી ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરીના વરદહસ્તે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે Physical education, adventure sports, sports sciences, sports journalism & mass media technology, sports nutrition & diet and fitness & wellness સંદર્ભે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે MoU કરવામાં આવ્યું.



- શિક્ષણની ક્ષિતિજો રાજ્ય અને દેશ જ નહી આંતરરાષ્ટ્રીયકક્ષાએ વિસ્તૃત થાય એવા ઉદેશથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ રશિયાની વિશ્વપ્રસિદ્ધ વ્યાત્કા સ્ટેટ યુનિવર્સિટી, કિરોવ સાથે એક એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરીને એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રવેશ મળે, વિદ્યાર્થીઓનું આદાન–પ્રદાન અને સહયોગ વધે તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે.

- MoU Signing Ceremony તારીખ ૬ ડીસેમ્બર, ૨૦૨૧ સોમવાર સમય ૧૨:૩૦ વાગે સેનેટ હોલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં અલગ અલગ ઈન્ડસ્ટ્રીઝને આમંત્રિત કરેલ હતાં જેમાં ૧૪ ઈન્ડસ્ટ્રીઝ સાથે MoU Sign કરવામાં આવ્યા હતા.

## સીમાચિન્હ

### (GSIRF 2021) : Result

Gujarat Knowledge Consortium (KCG) દ્વારા વર્ષ ૨૦૨૧ માટે GSIRF (Gujarat State Institutional Rating Framework) (GSIRF 2021) નું Result જાહેર કરવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને વર્ષ ૨૦૨૧માં ૩.૧ ના સ્કોર સાથે ૪ સ્ટારનું રેટીગ મળેલ છે. યુનિવર્સિટીને આ રેટીગમાં વિવિધ પેરા મીટરો જેવા કે, (૧) ટિચીંગ અને લર્નીંગ રિસર્ચ (૩૦%) : ૪૫.૨૩ પોઈન્ટ (૨) રિસર્ચ અને પ્રોફેસનલ પ્રેક્ટીસ (૩૦%) : ૪૪.૮૨ પોઈન્ટ (૩) ગ્રેજ્યુએટ આઉટ કમ (૨૦%) : ૮૫.૧૨ પોઈન્ટ (૪) આઉટસોર્સીંગ અને ઈન્કલુસિટીવીટી (૧૦%) : ૬૩.૬૩ પોઈન્ટ અને કુલ CGPA ૩.૧ સાથે ૪ સ્ટારનું રેટીગ મળેલ છે. યુનિવર્સિટીને આ પહેલા વર્ષ ૨૦૨૦માં ૨.૮ CGPA સાથે ૩ સ્ટાર અને વર્ષ ૨૦૧૯માં ૨.૨૮ CGPA સાથે ૩ સ્ટાર મળેલ છે. આમ યુનિવર્સિટી છેલ્લા ત્રણ વર્ષથી GSIRF માં સતત સારો દેખાવ કરી ૪ સ્ટાર રેટીગ પ્રાપ્ત કરેલ છે.

## ભૌતિક સુવિધાઓ

### (અ) નવા બાંધકામો, રીપેર, મરામત, સમારકામ અને નવીનીકરણના શરૂ કરવામાં આવેલ કામોની વિગત.

૧. હિન્દી અને સંસ્કૃત ભવન સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૬.૨૨ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૨. રૂરલ સ્ટડીઝ વિભાગનું મકાન સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૪.૦૬ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૩. વી.આઈ.પી. ગેસ્ટહાઉસનું નવું મકાન સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૧.૫૫ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૪. નવી ગર્લ્સ હોસ્ટેલનું મકાન સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૧.૦૪ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૫. નવી કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૨.૨૦ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૬. યુનિવર્સિટી ગ્રંથાલયનું નવીન ભવનનું કામ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૫.૩૭ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૭. નવા હ્યુમેનીટીઝ બિલ્ડીંગમાં લેબોરેટરીનું કામ સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૪૭.૬૧ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૮. રૂરલ સ્ટડીઝ વિભાગમાં લેબોરેટરીનું કામ સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૨૦.૧૪ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૯. ગુજરાતી ભવનમાં સેમીનાર હોલનું કામ સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૧૩.૩૮ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૧૦. એમ્ફી થિયેટરના સ્ટેજને કવર કરવાનું કામ ખાસ પ્રકારના ટેન્સાઈલ સ્ટ્રકચરની કામગીરી સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રૂા. ૫૫.૯૨ લાખના ખર્ચે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.
૧૧. યુનિવર્સિટીના સ્પોર્ટસ ઝોનમાં ટોયલેટ બ્લોક બનાવવાની કામગીરી સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૧૬.૫૧ લાખના ખર્ચે શરૂ કરવામાં આવી છે.
૧૨. જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડેમીમાં ટોયલેટ બ્લોક, રિપેરીંગ કામ તથા કલરકામ વિગેરે કામગીરી સરકારશ્રીની 'રૂસા' ગ્રાન્ટમાંથી રૂા. ૧૫.૦૦ લાખના ખર્ચે શરૂ કરવામાં આવી છે.
૧૩. સાયન્સ બિલ્ડીંગની સામેના ભાગમાં પેવર બ્લોક લગાડવાનું કામ રૂા. ૫.૦૦ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૧૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતે અપગ્રેડેશન ઓફ એચ.ટી. યાર્ડનું કામ રૂા. ૯.૫૯ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે.
૧૫. કેમ્પસમાં હવે પછી LED લાઈટોનો ઉપયોગ કરી વીજ બીલમાં ઘટાડો કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.
૧૬. કેમ્પસનો નવેસરથી સર્વે કરી માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.
૧૭. કેમ્પસમાં એનર્જી ઓડિટ અને ગ્રીન ઓડિટ કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.
૧૮. કેમ્પસની આંતરિક ટેલિફોન સેવાને અદ્યતન કરવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.
૧૯. કેમ્પસના રસ્તા પહોળા કરી પેવર બ્લોકથી વોક–વે અને સાયકલ ટ્રેક બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.
૨૦. એકવેટીક બાયોલોજીના મકાનના વિસ્તરણની કામગીરી રૂા. ૫૦.૦૦ લાખના ખર્ચે શરૂ કરવામાં આવનાર છે.
૨૧. બેચલર ઓફ ફાઈન આર્ટસ વિભાગનું રૂા. ૨.૩૦ કરોડના ખર્ચે નવીન મકાન બનાવવામાં આવનાર છે.
૨૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવું યુટીલીટી બિલ્ડીંગ બનાવવાનું કામ રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.
૨૩. યુનિવર્સિટીના એમ.એસસી.(આઈ.ટી.) વિભાગનું વિસ્તરણ, ઈન્ટીરીયર અને લેન્ડ સ્કેપીંગને લગતી કામગીરી રૂા. ૨.૦૦ કરોડના ખર્ચે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.

### (બ) નવા બાંધકામ અને નવીનીકરણ, સમારકામ, સુધારાવધારા અને સારસંભાળ અંગેની કામગીરી કરાવવા માટેની દરખાસ્ત જે સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે તેની વિગત

#### [૧] નવા બાંધકામ અંગેની દરખાસ્ત :

24. Construction of Administrative Building – (Rs. 12,00,00,000/-)
25. Construction of Vice Chancellor Bunglow – (Rs. 90,00,000/-)
26. Construction of Commerce Bhavan Building – (Rs. 4,27,50,000/-)
27. Construction of Mass Communication & Journalism Department Building –(Rs. 25,86,000/-)

28. Construction of Museum & Start Up Building – (Rs. 3,00,00,000/-)
29. Construction of Admission & Job Fair Building – (Rs. 1,50,00,000/-)
30. Construction of Training & Faculty Development Building – (Rs. 1,50,00, 000/-)
31. Construction of Registrar Bunglow – (Rs. 50,00,000/-)
32. Construction of Pro Vice Chancellor Bunglow – (Rs. 80,00,000/-)
33. Construction of Controller of Exam Bunglow – (Rs. 50,00,000/-)

**[૨] નવીનીકરણ, સમારકામ, સુધારાવધારા અને સારસંભાળ અંગેની દરખાસ્ત**

૩૪. યુનિવર્સિટી પરિસરના વિવિધ નીચાણવાળા પ્લોટોમાં જરૂરી પુરાણ કરી પેવર બ્લોક લગાડવાનું કામ – (રૂા. ૧,૩૭,૬૧,૧૬૮/–)
૩૫. યુનિવર્સિટી કેમ્પસમાં કમ્પાઉન્ડ વોલને અડીને વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાનું કામ – (રૂા. ૪૬,૭૫,૭૨૫/–)
૩૬. કેમ્પસ ખાતેના વિવિધ રસ્તાઓને પહોળા કરવા માટેનું કામ – (રૂા. ૨,૧૦,૪૪,૧૫૭/– )
૩૭. યુનિવર્સિટીના એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ પાસેની ખુલ્લી જમીનને પુરાણ કરી ડેવલપ કરવાનું કામ – (રૂા. ૨,૭૯,૪૯,૪૪૬/–)
૩૮. યુનિવર્સિટી કેમ્પસના વરસાદના પાણી માટે રીચાર્જીંગ વેલ બનાવવાનું કામ – (રૂા. ૩૯,૧૩, ૬૯૦/–)
૩૯. યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ જગ્યાએ ગાર્ડનનાં કચરાના નિકાલ માટે કોમ્પોસ્ટીંગ ટેન્ક બનાવવાનું કામ – (રૂા. ૮,૦૦,૧૩૨/–)
૪૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ તળાવને વિવિધ હેતુ માટે તથા વરસાદનું પાણી રિચાર્જ કરવાના હેતુથી તળાવનાં ડેવલપમેન્ટ કરવાનું કામ – (રૂા. ૧,૭૮,૭૮,૪૯૮/–)
૪૧. વિવિધ મકાનોનાં ટેરેસ ઉપર સ્ટોર રૂમ બનાવવાના હેતુથી પતરાના સેડ બનાવવાનું કામ – (રૂા. ૯૯,૧૨,૯૨૫/–)
૪૨. યુનિવર્સિટીનાં સ્ટાફ કવાર્ટર્સોમાં ઈલેક્ટ્રીફિકેશનને અપગ્રેડ કરવાનું કામ – (રૂા. ૫૪,૫૭,૯૦૦/–)
૪૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતેની LED Flood Light ને અપગ્રેડ કરવાનું કામ–રૂા. ૩૧,૧૮,૬૪૫/–
૪૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતેની Distribution Panel ને અપગ્રેડ કરવાનું કામ – (રૂા. ૧૪,૫૩,૬૪૮/–)

**(૬) નવા બાંધકામ અને નવીનીકરણ, સમારકામ, સુધારાવધારા અને સારસંભાળ અંગેની કામગીરી કરાવવા માટે વિવિધ વિભાગો તરફથી રજૂઆત આવેલ છે જેને માટે ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવનાર છે તેની વિગત**

૪૫. શિક્ષણ અનુસ્નાતક વિભાગનું નવું મકાન – (રૂા. ૫,૭૬,૦૦,૦૦૦/–)
૪૬. કેમેસ્ટ્રી અનુસ્નાતક વિભાગનું નવું મકાન (Grant in Aid) – (રૂા. ૪,૬૭,૨૯,૮૦૦/–)
૪૭. કેમેસ્ટ્રી અનુસ્નાતક વિભાગનું નવું મકાન (Self Finance) – (રૂા. ૨,૮૮,૮૨,૬૦૦/–)
૪૮. એક્ઝીબીશન સેન્ટર/મલ્ટીપર્પઝ એક્ટિવિટી પાર્ટી પ્લોટ (સમરસ ગર્લ્સ હોસ્ટેલ અને નોન ટીચીંગ સ્ટાફ ક્વાર્ટર્સ વચ્ચેનો પ્લોટ, જુના પ્રોફેસર ક્વાર્ટર્સ વાળા એરીયા) * (ફક્ત હાલમાં સોઈલ ફીલીંગ હાર્ડમુરમ, રોડા, પેવર બ્લોકની ગણતરી લેવામાં આવેલ છે.) – (રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦/–)
૪૯. જી.એચ.ભકતા મેનેજમેન્ટ એકેડેમી ખાતેની ખુલ્લી જમીનમાં એકેડેમીક ઝોન બનાવવા માટે (દરખાસ્ત મોકલનાર ડૉ. મનિષા પાનવાલા, પ્રોફેસર ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, ટીચર ટ્રેનીંગ પ્રોગ્રામ,સ્કીલ ડેવલોપમેન્ટ વર્કસોપ, એકેડેમીક સ્ટાફ કોલેજ અને અન્ય પ્રોગ્રામો)–(રૂા. ૭,૫૬,૦૦,૦૦૦/–)

## વહીવટી સુધારણા

- યુનિવર્સિટીના મહત્વનાં સત્તા મંડળોના એજન્ડા અને મિનિટ્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી. તદ્ઉપરાંત એજન્ડા સંદર્ભે Stake Holders પાસેથી સૂચનો મેળવવાની કાર્યપધ્ધતિનો અમલ કરવામાં આવ્યો.
- યુનિવર્સિટીની સિન્ડિકેટની છેલ્લા દશ વર્ષની સભાની કાર્યવાહી યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી તેમજ આગામી સમયમાં અગાઉના વર્ષોની કાર્યવાહી પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.
- યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજોને યુનિવર્સિટીનાં ડોમેન સાથેના ઈમેલ આઈડી ફાળવવામાં આવ્યાં છે.
- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને જોડાણ માટે સ્થાનિક તપાસ સમિતિએ કોલેજમાં રૂબરૂ તપાસ કરીને શું વિગતો ચકાસવાની છે તેની માર્ગદર્શિકા તૈયાર કરી અમલ કરવામાં આવેલ છે.

- Digital University સંકલ્પ અંતર્ગત સિન્ડિકેટની મીટીંગના દિવસે તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓને લેપટોપ આપી સિન્ડિકેટની કાર્યસૂચિ અને બિડાણો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની ખાલી જગ્યા પર હંગામી/કરાર આધારિત નિમણુંક વખતે નિમણુંક પામનાર ઉમેદવાર જો યુ.જી.સી./એ.આઈ.સી.ટી.ઈ. વગેરે જેવી રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા નિર્ધારિત લાયકાતના ધોરણો ધરાવતા હોય તો તેને આસિસ્ટન્ટ પ્રોફેસર (હંગામી/કરાર આધારિત) તરીકે નિમણુંક આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટીના છેલ્લા ૧૮ વર્ષના વાર્ષિક અહેવાલો વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- તા.૧૧–૦૪–૨૦૨૧ના રોજ સિન્ડિકેટની ચૂંટણીનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે.
- સિન્ડિકેટ પૈકી બે સભ્યોની એકેડેમિક કાઉન્સિલ પર નિયુક્તિ કરવામાં આવેલ છે.
- સેનેટ પર નગરપાલિકાના પ્રમુખની ખાલી બેઠકની ચૂંટણીનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓની સિનિયોરીટી માટે વિષય પ્રમાણે બહાલી આપવાનું ઠરાવવામાં આવેલ છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના જોડાણ અંગેની જોગવાઈઓને સરળ બનાવી Ordinance-66 સુધારવામાં આવેલ છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાકીય બાબતો માટે Ordinance-69 (A) અને (B) સુધારવામાં આવેલ છે.
- યુનિવર્સિટીના અદ્યતન એક્ટ, સ્ટેટ્યૂટ અને ઓર્ડીનન્સની બુકલેટ માનનીય સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે.
- યુનિવર્સિટી ખાતે કરારીય ધોરણે કાર્યરત તમામ માસિક ફિક્સ વેતન વાળા કર્મચારીઓના મહેનતાણાં અંગે સિન્ડિકેટની તા. ૨૧/૯/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક: ૪૨ અન્વયે ઠરાવ નં. ૪૨, ૭૫ અને ૮૬ ની સંયુક્ત ચર્ચા વિચારણા સંદર્ભે વિચારણા કરી કર્મચારીઓનાં મહેનતાણામાં સુધારો કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટી ખાતે પબ્લિક રીલેશન ઓફિસર (P.R.O.) ની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત આપવામાં આવેલ છે.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેનાં ડે–કેર સેન્ટર અને બેઝીક ફેસીલીટી ફોર વુમેનના બિલ્ડીંગમાં કામધેનું યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, સ્પોર્ટ્સ યુનિવર્સિટી, પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના, MYSY સ્કોલરશીપ માર્ગદર્શન કેન્દ્ર, વુમન સેલ તથા ભવિષ્યમાં રાજયની સ્ટેટ યુનિવર્સિટી, સરકારી યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટીનાં સેન્ટરો માટે જગ્યા ફાળવવામાં આવી.
- યુનિવર્સિટી વિભાગોમાં ચાલતા તમામ અભ્યાસક્રમોમાં કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨માં ટ્યુશન ફી માફ કરીને પ્રવેશ આપવામાં આવ્યાં તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને પણ કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧– ૨૦૨૨ માં સ્વેચ્છાએ ટ્યુશન ફી માફ કરવા માટે ભલામણ કરવામાં આવી.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એરિયાનાં વિદ્યાર્થીને ટેલી–મેડીસીનનો લાભ આપવા યુનિવર્સિટીનાં હેલ્થ સેન્ટર ખાતે ટેલી–મેડીસીન સિસ્ટમ સુવિધાની શરૂઆત કરવા અને તે માટે જરૂરી હોય તેવી તમામ પ્રકારના સાધન સુવિધા (સોફટવેર સહિત) અને કર્મચારી વિગેરેની નિમણૂંક માટેની કાર્યવાહી કરવામાં આવી તથા માનદ્ સેવા આપતા તજજ્ઞ ડોકટરની પેનલની નિમણૂંક કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી.
- યુનિવર્સિટીમાં ISO સર્ટીફિકેશન માટેની પ્રક્રિયા કરવા ISO 9001:2015 – Quality Management System and ISO 14001 : 2015 – Environment Management System માટે Quality and Environment Policy and IMS Scope and Boundary બનાવવામાં આવી.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અલગ અલગ પ્રકારના વિભાગો છે જે પૈકી ઘણાં વિભાગ એક જ ફેકલ્ટી નીચે આવે છે તે કારણે અને બીજી કેટલીક વહીવટી બાબતોને કારણે કોઈ બે કે તેથી વધુ વિભાગોને મર્જ કરવા હોય તો વી. ન. દ. ગુ. યુનિવર્સિટી ઓર્ડીનન્સ–૬૬ માં સુધારો વધારો કરી તે અંગેની જોગવાઈઓ ઉમેરવી પડે તેમ છે તે સંદર્ભમાં ઠરાવવામાં આવે છે કે, ઓર્ડીનન્સ–૬૬ (૧) ૬૬ (૨) બી અને સી, ૬૬ (૩) એ, ૬૬ (૩) બી માં વધારો કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી યુનિવર્સિટી એક્ટની કલમ–૩૨ (૧) અન્વયે ઓર્ડીનન્સ ૬૬ (૪) નવો ઉમેરવો જે મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હાલના વિભાગો (Departments of Teaching and Research) પૈકી બે કે તેથી વધુ વિભાગોને મર્જ કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

- યુનિવર્સિટીના ઓર્ગેનાઈઝેશન સ્ટ્રકચરમાં સમાન પ્રકારની અને સાથે જોડાયેલ કામગીરી વધુ ઝડપથી અને સુચારુ રૂપે થઈ શકે તે માટે ઓર્ગેનાઈઝેશન સ્ટ્રકચરમાં ફેરફાર કરી રીસ્ટ્રકચર કરવામાં આવેલ છે.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

### यूरोपियन नवजागरण ओर पूंजीवाद

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગના સંયુક્ત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમનું પ્રથમ વ્યાખ્યાન તા. ૨૪–૦૨–૨૦૨૨ અને ગુરૂવારના રોજ બપોરે ૨:૦૦ થી ૩:૦૦ દરમ્યાન ઓનલાઈન રાખવામાં આવ્યું હતું. જેનો વિષય "यूरोपियन नवजागरण ओर पूंजीवाद का उदय व्याख्यान" હતો. જેમાં વકતાશ્રી ડૉ. વિક્રમસિંહ અમરાવતે વ્યાખ્યાન રજુ કર્યુ હતું.






- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો પાસેથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષ્ટર્નલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર) અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમ અંતર્ગત જાન્યુઆરી–૨૦૨૨થી વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા અંગે જોડાણ અરજીઓ મંગાવવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે સ્નાતક કક્ષાએ ૧૧ નવી કોલેજોમાં ૧૫ નવા અભ્યાસક્રમો અને ચાલુ કોલેજોમાં ૧૮ નવા અભ્યાસક્રમો તથા અનુસ્નાતક કક્ષાએ ૦૩ નવી કોલેજોમાં ૦૩ નવા અભ્યાસક્રમો અને ચાલુ કોલેજોમાં ૩૬ નવા અભ્યાસક્રમોને મંજૂરી આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજોમાં ૨૩૨ સ્નાતક અભ્યાસક્રમો અને ૪૪ અનુસ્નાતક અભ્યાસક્રમો માટે કુલ ૯૭ સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી ચાલુ જોડાણની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજોમાં ૨૦૫ સ્નાતક અભ્યાસક્રમો અને ૪૪ અનુસ્નાતક અભ્યાસક્રમો માટે કુલ ૧૦૨ સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી ચાલુ જોડાણની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- તા. ૧–૫–૨૦૨૧ પછી ૨૯ નવી કોલેજ/ અભ્યાસક્રમોને મંજૂરી આપવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજોમાં સ્નાતક અભ્યાસક્રમો અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી ચાલુ જોડાણની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બી.કોમ. એલએલ.બી પ્રોગ્રામ અને લો ડિપાર્ટમેન્ટનાં કો–ઓર્ડિનેટરશ્રીના તા.૨૩–૯–૨૦૨૧ પત્ર ક્રમાંકઃ કાનૂન/૪૪૯૬ અન્વયે કાનૂન વિભાગ ખાતે ઈવનીંગ કોર્ષ LL.B. અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૧–૨૨થી શરૂ કરવા તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમ માટે ચાલુ શૈક્ષણિક વર્ષથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા આવેદન મંગાવવાની કાર્યવાહી કરવામાં આવી.
- સ્નાતક કક્ષાએ જેનેરીક ઈલેકટીવ વિષયનાં અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવ્યાં.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ સંદર્ભે વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત સ્નાતક કક્ષાએ જેનેરીક ઈલેકટીવ વિષયોનો અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવ્યાં.

### Implementation of NEP 2020

**(i) Multi-level Exit Policy:**

Passed by the Academic Council, Syndicate and Senate. Students can exit after 1st, 2nd or 3rd year of their graduation level education if required and obtain Diploma, Advance Diploma and Graduation degrees respectively. Similarly, Students can exit after 1st year of Post-Graduation and avail Advance Post Graduate Diploma.

**(ii) Credit Transfer Policy:**

Students can avail credits and based on the acquired credits inter university transfer are possible. The equivalence will be based on the credits acquired and remaining credits can be opted by the student. This credit transfer policy is already passed by Academic Council, Syndicate and Senate.

**(iii) Multi-level Entry Policy:**

Based on requirement of program credits, the student can enter at various stages (Even at semester level instead of year-end) based on the credits transfer earned by the student.

**(iv) Four Year Under-Graduation Program (Honor' Degree):**

The University has adopted the structure of four-year Under-graduation program with choice of Multi-level exit option. The student opted for the fourth year of Under-graduation program will be equivalent to the Level-8 of the 10-level concept of the NEP. Exit after 3rd year of Degree will yield Bachelor's degree for respective program and discipline. The fourth year graduation program will provide Honors' Degree in respective discipline. This structure is already passed through Academic Council and Syndicate. Respective Faculties and Boards are informed to design and restructured the syllabus accordingly.

**(v) Competence framework establishment for ABC (Academic Bank of Credit):**

The university has already passed the framework that is compatible to meet the criteria of ABC. The students can easily transfer their earned credits and utilize them using the Multi-level Entry and Multi-level exit policy. The ABC concept is adopted by the university statutory body and passed by Senate.

**(vi) On Demand Examination (ODE):**

The structure of On Demand Examination and its implementation procedure as well as the SOP is already passed by the statutory bodies of university (Academic Council and Syndicate). The ODE will allow students to undergo anytime for the examination for any number of attempts during the academic year. This will make it easy for implementing Multi-disciplinary Holistic education system. The foundation of examination is already laid out by adopting the On Demand Examination (ODE).

**(vii) Multi-Disciplinary and Skill-based Certification and Diplomas:**

The University has adopted framework and SOP to implement 2-credit and 3-credit skill-based certification courses. Students can avail these additional 2-credit and 3-credit certification courses that enhance their skills in various fields apart from their traditional program. Certain skill-oriented certification proposals are already received by various faculties of the university. The framework is already passed by Academic Council and Syndicate. The students can opt for any of these certification courses along with their regular studies and avail additional credits during every semester. The subjects included are related to Soft skills, Technical skills, Indian history, science, Vedic knowledge, Bhagvad Gita and Stress Management etc. This provision is endorsed by Academic Council and Syndicate.

**(viii) Multi-disciplinary regulatory authority (MRA):**

The University has established a multi-disciplinary regulatory authority under the chairmanship of the Hon. Vice Chancellor of the university consists of all Faculty Deans as ex-officio members of the board. Any new proposed multi-disciplinary certificate courses (2 or 3 credits), multi-disciplinary diploma certificate courses (24 to 48 credits) will be passed through this MRA. The MRA will directly recommend to the Academic Council and applied to all respective faculties of the University.

**(ix) Dual Degree / Dual Certification / Simultaneous dual degree:**

The university has adopted the proposal of allowing students to opt for the Dual Degree/Dual certification and Simultaneous dual degree as a policy. The structure and SOP is yet to frame.

**(x) Budget allocation for MOOC/Online Courses Development Studio:**

The University has already allocated budgetary provision for establishment of Media studio where various courses related to MOOC/ Online courses can be developed by the University and university affiliated faculty members. The provision is already endorsed by the syndicate.

**(xi) Double Entry System (Dual Intake):**

The University has adopted double entry system for its various faculties and programs. The affiliated colleges can provide admissions to the students during Summer (regular intake) and Winter (During December intake). This will be beneficial to students who wish to join the programs without waiting for the next year. It will save six months for the students. This provision is endorsed by the Academic Council and Syndicate.

**(xii) Promotion of Research Projects:**

University has invited and approved various minor projects which are beneficial to society and with aim to enhance the research activities. Budgetary provisions are made for this purpose and projects are sanctioned by the university in large numbers to the eligible proposers.

## Policy Implementation Future plans of the University

(i) As per NEP-2020 guide line 11.10 (Page-39) of policy document:

a. Design of 4 year Under graduate syllabus and its implementation.

b. Entry strategy in research work for the Level-8 students.

(ii) Implementation plan of offering education through ODL and plan and strategy to achieve the goal of 40% of direct teaching through online mode.

(iii) Statutory provision for Dual Degree and Double entry system in university.

(iv) Statutory provision for MRA (Multi-disciplinary Regulatory Authority) to implement Holistic and cross faculty education by allowing cross-faculty courses and their credit transfer policy in the existing system. Frame work and SOP for Multi-disciplinary research activity.

(v) Faculty enhancement policy and structure to generate awareness, implementation of the NEP-2020 and to meet the goal.

(vi) Implementation and promotion of MOOC (Massive Open Online Courses), credit transfer policy of MOOC courses and other such online courses. Development of online modules and promoting faculty members of university to develop such modules.

(vii) Development and collaboration for Online Research Laboratory.

(viii) Moving towards ODL (Open and Distance Learning) by replacing the external system.

## નવીન અભ્યાસક્રમ

### IPDC Certificate Course



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને BAPS સારંગપુરનાં સંયુકત ઉપક્રમે તા. ૧૫–૧૨–૨૦૨૧ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં IPDC કોર્સના લોન્ચિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. કે. એન. ચાવડા, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મોટીવેશનલ  સ્પીકર પૂજય જ્ઞાન વત્સલ સ્વામી, અડાજણ BAPS મદિરના પૂજય કોઠારી સ્વામી, સેનેટ સિન્ડિકેટના

સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કોલેજના આચાર્યશ્રીઓ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.














## "સાયન્સ ઇન વેદશાસ્ત્ર" : સર્ટિફિકેટ કોર્ષ

તા. ૨૪ જાન્યુઆરીના રોજ **'સાયન્સ ઇન વેદશાસ્ત્ર'** અભ્યાસક્રમનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી દ્વારા કરવામાં આવ્યું. આ કોર્ષના કો-ઓર્ડિનેટર ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. કિશોર પોરીયા છે.



| Sr. No. | Name of Certificate Course | Credit & Duration | Courses offered by the College |
|---|---|---|---|
| 1 | Basic Statistical Analysis using Excel | 3 credit & 45 hrs | Prof. V. B. Shah Institute of Management, R. V. Patel College of Commerce (English Medium), V.L. Shah College of Commerce (Gujarati Medium), Sutex Bank College of Computer Application and Science, Amroli, Surat |
| 2 | Actuary in Commerce | 3 credit & 45 hrs | |
| 3 | Basic Astrology | 3 credit & 45 hrs | |
| 4 | Basic Skills Workshop | 3 credit & 45 hrs | |
| 5 | Yoga Science | 3 credit & 50 hrs | |
| 6 | Fundamentals of Digital Market | 3 credit & 45 hrs | |
| 7 | Statistical Analysis Tools and Techniques | 3 credit & 45 hrs | |
| 8 | Arduino Programming and Interfacing | 2 credit & 30 hrs | Sir P.T. Sarvajanik College of Science, Surat |
| 9 | સંસ્કૃત વ્યાકરણ સર્ટીફિકેટ કોર્ષ લેવલ–૧ | 2 credit & 30 hrs | Govt. Arts College, Jhagadia (Ranipura), Dist : Bharuch |
| 10 | Mobile Technology | 2 credit & 24 hrs | Dolat Usha Institute of Applied Sciences and Dhiru Sarla Institute of Management & Commerce, Valsad |
| 11 | Advance Mobile Technology | 2 credit & 24 hrs | |
| 12 | Python and Database Handling | 2 credit & 24 hrs | |
| 13 | Machine Learning Concepts | 2 credit & 24 hrs | |
| 14 | Business Analytics | 2 credit & 24 hrs | |
| 15 | Internert of Things (IOT) | 2 credit & 24 hrs | |
| 16 | Event Management | 60 hrs | Shah N. H. Commerce College, Valsad |
| 17 | સામાજીક કાર્ય | 2 credit & 30 hrs | J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Dist : Surat |
| 18 | કમ્પ્યુટરનો પરિચય અને અમલીકરણ | 2 credit & 30 hrs | |
| 19 | Google Basic | 2 credit & 30 hrs | |
| 20 | Instrumentation, Biochemistry & Industrial Safety | 2 credit & 24 hrs | C.B.Patel Computer & J.N.M. Patel Sci. Coll., Bharthana, Surat |
| 21 | Basic of GST | 2 credit & 30 hrs | K.B.S. Commerce & Natraj Professional Sciences Collge, Vapi |
| 22 | Crystal Report with VB.NET | 3 credit & 45 hrs | Vimal Tormal Poddar BCA College, Pandesara, Surat |
| 23 | Communication Skills, Personality Development and Etiquette | 2 credit & 40 hrs | |
| 24 | Foundation Course for Competitive Exam | 2 credit & 30 hrs | Vimal Tormal Poddar Commerce College, Pandesara, Surat |
| 25 | Basic Accounting, Tally ERP 9 & Tally Prime | 2 credit & 40 hrs | |
| 26 | Interior Decoration Basics | 2 credit & 24 hrs | Vidyamandir College of Architechture, Vesu, Surat |
| 27 | CAD Drafting 2D | 2 credit & 24 hrs | |
| 28 | 3D Model Making | 2 credit & 24 hrs | |
| 29 | Vaastu Fundamentals | 2 credit & 24 hrs | |
| 30 | Event Management | 2 credit & 24 hrs | |
| 31 | Kitchen Design Basics | 2 credit & 24 hrs | |
| 32 | Toilet Design Basics | 2 credit & 24 hrs | |
| 33 | Desktop Publishing | 2 credit & 24 hrs | |

| | | | |
|---|---|---|---|
| 34 | Fundamentals of Web Development | 2 credit & 32 hrs | Smt. Tanuben & Dr. Manuben Trivedi College of Information Science, Surat |
| 35 | Fundamentals of App Development | 2 credit & 32 hrs | |
| 36 | Advanced Web Development Using Word press | 2 credit & 32 hrs | |
| 37 | Advanced Web Development Using Flutter | 2 credit & 32 hrs | |
| 38 | Creative Writing | 2 credit & 30 hrs | Shri Mahavir Vidyamandir Trust B.Ed. College, Pandesara, Surat |
| 39 | Life Skills Education | 2 credit & 30 hrs | |
| 40 | Foundation Course on Yoga | 2 credit & 30 hrs | |
| 41 | Ancient Yogic Science and Techniques | 48 hrs | Department of Education, VNSGU, Surat |
| 42 | Basic Communicative English | 3 credit & 45 hrs | Department of English, VNSGU, Surat |
| 43 | Vedik Mathematics | 2 credit & 30 hrs | Department of Mathematics, VNSGU, Surat |
| 44 | Mathematics for Competitive Exam | 2 credit & 30 hrs | |
| 45 | વર્ગખંડનું શિક્ષણ અને શિક્ષકની ભૂમિકા | 3 credit & 45 hrs + 15 prectical | Osho Chair, Department of Gujarati, VNSGU, Surat |
| 46 | Indic Knowledge Tradition | 2 credit & 30 hrs | Department of Sociology, VNSGU, Surat |
| 47 | Shrimad Bhagwad Gita & Stress and Inner Conflict Management if Life | 2 credit & 30 hrs | -- |
| 48 | Beginning with Flutter | | Pro. V.B.Shah Istitute of Manag. R.V.Patel College of Commerce (E.M.) V.L Shah College of Commerc (G.M.), Sutex Bank College of Comp. Appli. Amroli |
| 49 | Essentials of Hindu Dharma | 3 Credit & 45 hrs | |
| 50 | Hindu Dharma and Practices | 3 Credit & 45 hrs | |
| 51 | HINDU PRINCIPLES | 3 Credit | |
| 52 | HINDU PRACTICES | 3 Credit | |
| 53 | Fashion Clothing & Technology | 3 Credit & 45 hrs | |
| 54 | Design Development for Indian Ethnic Wear | 3 Credit & 45 hrs | |
| 55 | Fashion & Media Communication | 3 Credit & 45 hrs | |
| 56 | Textile for Interiors & Fashion | 3 Credit & 45 hrs | |
| 57 | Fashion Knitwear Production and Technology | 3 Credit & 45 hrs | |
| 58 | Toxicological Studies | 2 Credit & 24 hrs | Department of Aquatic Biology, VNSGU, Surat |
| 59 | Live Feed Culture for Fin Fish Shell fish | 2 Credit & 24 hrs | |
| 60 | Spirulina and Chlorella Culture | 2 Credit & 24 hrs | |

| Sr. No. | Name of Diploma Course | Credit & Duration | Courses offered by the College |
|---|---|---|---|
| 61 | Event Management | 88 hrs | Shah N.H. Commerce College, Valsad |
| 62 | Indic Manuscriptology | 16 credit & 160 hrs | Department of Sociology, VNSGU, Surat |
| 63 | Indic Palaeography | 16 credit & 160 hrs | |
| 64 | Indic Philosophy | 16 credit & 160 hrs | |
| 65 | Indic Education System | 16 credit & 160 hrs | |
| 66 | M.A. in Hindu Studies. | - | - |

## NAAC

- NAAC Cycle-4ની Accreditationની કામગીરી માટે સ્ટીયરીંગ કમિટિ અને ક્રાઈટેરીયા વાઈઝ કમિટિની નિયુકિત કરી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- Gujarat State Institutional Ratings Framework (GSIRF) ને Knowledge Consortium of Gujarat, Department of Education, Government of Gujarat દ્વારા વર્ષ ૨૦૨૧ માટે, Star એનાયત કરવામાં આવેલ છે.
- National Institutional Ratings Framework (NIRF) દ્વારા વર્ષ ૨૦૨૧માં 41.42 TLR એનાયત કરવામાં આવેલ છે.

## સંશોધન પ્રવૃત્તિ



- યુનિવર્સિટીના પીએચ.ડી. ડિગ્રીના થિસિસ યુનિવર્સિટી ગ્રંથાલયમાં હાર્ડ સ્વરૂપે ઉપલબ્ધ છે. INFLIBNET ના "શોધગંગા" પ્રારુપ ઉપર કુલ એટલે કે બધા જ ૩૧૫૯ થિસિસ સોફ્ટ સ્વરૂપે ઉપલબ્ધ છે. જે સાહેબશ્રીના કાર્યકાળમાં કાર્ય સંપન્ન થયેલ છે.

  ગ્રંથાલય દ્વારા શોધ શોધગંગાની ડિઝાઈન મુજબ સંશોધક દ્વારા રજૂ કરવામાં આવેલ થિસીસને ચેક કર્યા બાદ પ્રમાણપત્ર આપવામાં આવે છે. ત્યાર બાદ પીજી વિભાગ દ્વારા થિસીસ સ્વીકારવામાં આવે છે. સંશોધકને ડિગ્રી મળ્યા બાદ પીજી વિભાગ દ્વારા થિસીસની હાર્ડ અને સોફ્ટ કોપી ગ્રંથાલયને મોકલવામાં આવે છે. ત્યાર બાદ સીડીને શોધગંગા પ્રારૂપ પ્રમાણે ગ્રંથાલય દ્વારા અપલોડ કરવામાં આવે છે. તા. ૨૫–૪–૨૦૨૨ સુધી અપલોડ કરવાના કોઈ પણ થિસીસ બાકી રહેતા નથી. જે યુનિવર્સિટીનું જમા પાસુ છે. જે યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.
- યુનિવર્સિટીના રિસર્ચ સેલ અને Research for Resurgence Foundation (RFRF) દ્વારા ત્રણ તબકકામાં ચાર દિવસની ICSSR (Proposal Preparation and Mentoring) માટે VNSGU Research Conclave નું આયોજન કરવામાં આવેલ હતું.
- સંશોધન પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે રૂપિયા એક કરોડની જોગવાઈ કરવામાં આવી અને યુનિવર્સિટી અને કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓ પાસેથી રિસર્ચ ગ્રાન્ટ ફાળવવા માટે Major – Minor Research Project Proposals મંગાવવામાં આવેલ છે.
- યુનિવર્સિટીનાં બાયોસાયન્સીસ વિભાગમાં COVID-19 ના ટેસ્ટીંગ માટે આર.ટી.પી.સી.આર.ની લેબોરેટરી શરૂ કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટી ખાતે રિસર્ચ પ્રોજેકટ, ટેસ્ટિંગ પ્રોજેકટ અને કન્સલ્ટન્સી પ્રોજેકટ અંગેની ગાઈડલાઈન અને રૂલ્સનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને આનુસંગિક તમામ પ્રકારના પ્રોજેકટ અને ગ્રાન્ટનું સંકલન કરવા માટેની જરૂરી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૯માં SSIP હેઠળ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે ગ્રાન્ટ રાજય સરકાર દ્વારા મળેલ છે. જેમાં Patent માટે IPR હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, જે માટે Patentની ગાઈડલાઈન અને પોલીસી તૈયાર કરવામાં આવેલ છે.
- રસાયણ શાસ્ત્ર વિભાગમાં FTIR ની જરૂરિયાત હોવાથી તે અંગે GeM Portal પાસેથી રૂ.૨૦,૦૦,૦૦૦/– (વીસ લાખ) સુધીમાં તેના Specification મેળવી રસાયણ વિભાગ માટે FTIR મશીનની ડીપાર્ટમેન્ટના સેલ્ફ–ફાઈનાન્સ ફંડમાંથી ખરીદી કરવા મંજૂરી આપવામાં આવી.
- પીએચ.ડી. પ્રોગ્રામમાં પ્રવેશ સંદર્ભે યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા ગ્રાઉન્ડ ફલોર પર એક રૂમ ફાળવી અને તેમાં જરૂરી Infrastructure ફાળવી અને એક કાઉન્સેલર ફાળવી વિદ્યાર્થીને મદદરૂપ થવા કાર્યવાહી કરવામાં આવી.
- યુનિવર્સિટી ખાતે Excellence through innovation, creativity and discovery માટે Idea & Innovation Cell ની સ્થાપના કરવામાં આવી.
- એકવેટિક બાયોલોજી વિભાગને Water Testing Lab માટે NABL Accreditation મળેલ છે, જેથી વિવિધ સંસ્થાઓને Radio nuclide માટે જુદા જુદા પાણીના સેમ્પલનાં પૃથક્કરણ કરી આપવામાં આવશે.

## વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિ

### ૪૮મો યુવા મહોત્સવ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૫–૩–૨૦૨૨ થી તા. ૯–૩–૨૦૨૨ દરમ્યાન '૪૮માં યુવા મહોત્સવનું આયોજન' કરવામાં આવ્યું હતું. તા. ૫–૩–૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ પહેલી વાર કળાયાત્રા અને ઉદ્‌ઘાટન સમારંભ વગર ૪૮માં યુવા મહોત્ત્સવની શરૂઆત થઈ. જેમાં સાંસ્કૃતિક કલા–કૃતિઓ જેવી કે, એકાંકી નાટક, સમૂહ નૃત્ય, સમૂહ ગીત, ગરબા, એક પાત્રીય અભિનય, શાસ્ત્રીય નૃત્ય, શાસ્ત્રીય કંઠય સંગીત, હળવું કંઠય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય), શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય), હસ્તકળા, શીઘ્ર ચિત્ર સ્પર્ધા, કાવ્યપઠન, પાદ્‌પૂર્તિ અને નવલિકા લેખન જેવી વિવિધ સ્પર્ધાઓમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૧૧૦ જેટલી કોલેજો અને વિભાગોના ૧૫૩૨ કરતાં વધુ સ્પર્ધકોએ ઉત્ત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના ઉત્સાહને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે યુવા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

'૪૮માં યુવા મહોત્સવ'નું સમાપન તા. ૦૯–૦૩–૨૦૨૨ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સ્પર્ધાના વિજેતા ભાઈઓ–બહેનોના સન્માન સમારંભ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભવોમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણનાં વડાશ્રી પોલ ડેવિડ તથા ૪૮માં યુવા મહોત્સવના કો–ઓર્ડિનેટરશ્રી ચિરાગ સોલંકી હાજર રહ્યા હતા. બધા જ મંચસ્થ મહાનુભવોએ વિવિધ રમતના વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને દર વર્ષે ભાગ લેતા રહે તે માટે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ સમાપન સમારંભ અંતર્ગત વિજેતાઓને ટ્રોફી/મેડલ/સર્ટિફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણનાં વડાશ્રી પોલ ડેવિડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમાપન તેમણે સર્વેને અભિનંદન આપી કર્યુ હતું.

### આંતર યુનિવર્સિટી ખો–ખો (બહેનો) સ્પર્ધા ૨૦૨૧–૨૨





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૦–૦૩–૨૦૨૨ થી તા. ૧૩–૦૩–૨૦૨૨ દરમ્યાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ખો–ખો (બહેનો) સ્પર્ધા ૨૦૨૧–૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યની કુલ ૪૧ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં યુનિવર્સિટીના ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન પ્રિ. ડૉ. વિનોદ પટેલ તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ હાજર રહ્યા હતા. સતત ચાર દિવસની નોકઆઉટ કમ લીગ સ્પર્ધાને અંતે પ્રથમ ક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર), દ્વિતિય ક્રમે યુનિવર્સિટી ઓફ મુંબઈ, મુંબઈ (મહારાષ્ટ્ર), તૃતીય ક્રમે આયોજક યુનિવર્સિટી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (ગુજરાત) અને ચોથા ક્રમે શિવાજી યુનિવર્સિટી કોલ્હાપુર (મહારાષ્ટ્ર) રહ્યા હતા.

સ્પર્ધાના અંતે વિજયશ્રી સમારંભમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ હાજર રહ્યા હતા. તેઓના હસ્તે ચારેય વિજેતા ટીમોના ખેલાડીઓ, કોચશ્રી તેમજ મેનેજરશ્રીને મોમેન્ટો આપવામાં આવ્યાં હતા અંતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા ચારેય ટીમોના ખેલાડીઓને આંતર યુનિવર્સિટી– આંતર ઝોનલ સ્પર્ધામાં સારો દેખાવ કરે અને વિજેતા બને એવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ૪૮ મો ખેલકૂદ રમતોત્સવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા વાર્ષિક "૪૮ મો ખેલકૂદ રમતોત્સવ" તા. ૧૪/૦૩/ ૨૦૨૨ થી તા. ૧૭/૦૩/૨૦૨૨ દરમ્યાન યોજાયો હતો. તા.૧૪/૦૩/૨૦૨૨ના રોજ બપોરે ૨.૦૦ કલાકે મહોત્સવનું શુભારંભ તથા ઉદ્દ્ઘાટન યુનિવર્સિટીના રમત ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભાવોમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, રમતોત્સવના મુખ્ય અતિથિ અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન/પ્રિન્સિપાલશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ધ્વજવંદન–ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીએ સ્વાગત ઉદ્દ્બોધન અને શુભકામના પાઠવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રેરણાત્મક ઉદ્દ્બોધન આપવામાં આવ્યું હતું. જેથી ઉપસ્થિત હરીફોને જોશ પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ રમતોત્સવની પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ દ્વારા ડૉ. રૂસ્તમ એન. સદરી અને શ્રી મિનેષભાઈ ઉપરાંત બુકલેટ બનાવવા બદલે શ્રી જીગ્નેશભાઈ, શ્રી અરૂણભાઈ તેમજ અન્ય સહકર્મીઓના ઋણ સ્વીકારવામાં આવ્યા હતા.






બહેનોની વિવિધ સ્પર્ધાઓ જેમ કે, જેવલીન થ્રો, લાંબી કૂદ, ૮૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪×૪૦૦ રીલે, હેમર થ્રો વગેરે જેવી સ્પર્ધાઓ તેમજ ભાઈઓની વિવિધ ફાઈનલ સ્પર્ધાઓ જેવાં કે, ૧૦૦૦ મીટર દોડ, ટ્રીપલ જંપ, ૪૦૦ મી. દોડ, હેમર થ્રો, ૮૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડનું આયોજન થયું હતું, જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

આ વાર્ષિક "૪૮ મો ખેલકૂદ રમતોત્સવ"નું સમાપન તા. ૧૭/૦૩/૨૦૨૨ના રોજ વિવિધ એથ્લેટીક સ્પર્ધાના વિજેતા તેમજ રનર્સ–અપ ભાઈઓ–બહેનોના સન્માન સમારંભ સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મંચસ્થ મહાનુભાવોમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી, રમતોત્સવના મુખ્ય અતિથી અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન/ પ્રિન્સિપાલશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહ્યા હતા. બધા જ મંચસ્થ મહાનુભવોએ વિવિધ રમતના વિજેતાઓ ઉપરાંત રનર્સ–અપને અભિનંદન પાઠવ્યા હતા અને આ જ રીતે નિરાશ થયા વગર દર વર્ષે ભાગ લેતા રહે તે માટે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ સમાપન સમારંભ અંતર્ગત વિજેતાઓને ટ્રોફી/મેડલ/સર્ટિફીકેટ અને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત હાજર રહેલ ખેલાડીઓએ ફોટો સેશન કરાવ્યું હતું.





## માનસિક સ્વાસ્થ્ય સંદર્ભે હેલ્પલાઈન

COVID-19 માં લોકોમાં ચિડિયાપણું, એકલતા, બેચેની, નિરાશા, ગુસ્સો, આક્રમકતા, અનિંદ્રા, અતિ ખોરાક વગેરે જેવી અનેક સમસ્યાઓ જોવા મળી છે. આ સમસ્યાઓના નિવારણ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કાર્યરત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા માનસિક સ્વાસ્થય હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં અધ્યાપકશ્રીઓ દ્વારા નિઃસ્વાર્થભાવે તેમની અનુકૂળતા મુજબ ટેલીફોનિક કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડવામાં આવશે. જેથી આપ સર્વે પોતાની માનસિક સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનું નિવારણ ટેલિફોનિક કાઉન્સેલિંગ દ્વારા મેળવી શકો છો.

## પ્લેસમેન્ટ, ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેલ

યુનિવર્સિટી કાર્યાલયના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા વહીવટી વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી પ્લેસમેન્ટ સેલનું નામાભિધાન "પ્લેસમેન્ટ, ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેલ" કરવામાં આવે છે.

## Celebration

Celebrated 15th national statistics day (29th June 2021) on the birth anniversary of Prof. Prasanta Chandra Mahalanobis With an online session by Ms. Smita Shah, alumnae of the department of Statistics, and organized an online quiz 2021

The government has been celebrating the statistics day, to popularize the use of statistics in everyday life and sensitize public on how statistics helps shaping and framing policies for the welfare of people. it is celebrated every year of the birth anniversary of Prof. P. C. Mahalanobis, on 29th June since 2007, in recognition of his invaluable contribution in establishing the National Statistical System.


15th National Statistics Day ( 29th June 2021)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
Online Quiz 2021
Organized by

Certificate No: HACA4Y-CE000284

Date: 29-6-2021

Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
( NAAC Re- Accredited 'A')

Senior Level
Certificate of Participation

This is to certify that *Mr./ Ms. Aajagiya Pareshkumar Chhaganbhai* from **Department of Statistics, VNSGU** Has actively participated in the 1st Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2021 as a part of celebration of National Statistics Day.

Dr. Shital S. Patel
Organizing Secretary

Dr. Arti J. Rajyaguru
Convener

Dr. Jaydip Chaudhari
I/C Registrar




## જ્ઞાનશકિત દિવસ

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા પ્રેરિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના ઉપક્રમે આયોજિત તા. ૦૧–૦૮–૨૦૨૧ના રોજ યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ ખાતે 'જ્ઞાનશકિત દિવસ'નો કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રી વિજયભાઈ રૂપાણી (માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય) એ મહાત્મા મંદિર ખાતેના મુખ્ય કાર્યક્રમના અધ્યક્ષસ્થાને બિરાજમાન હતા.

આ કાર્યક્રમમાં શ્રી કિશોરભાઈ કાનાણી (માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજય), શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા (માનનીય મેયરશ્રી, સુરત મહાનગરપાલિક), ડૉ. કે.એન.ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), ડૉ. જયદીપ ચૌધરી (કાર્યકારી કુલસચિવ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં વિવિધ યોજનાઓના વિડીયો ધ્વારા માહિતી આપવામાં આવી હતી. તથા મહાત્મા મંદિર ખાતેના મુખ્ય કાર્યક્રમના અધ્યક્ષસ્થાનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રતીકાત્મક નમો–ઈ–ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમજ શોધયોજના અને યુવા સ્વાવલંબન યોજનાનાનો લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આમંત્રણ

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય પ્રેરિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે આયોજિત

જ્ઞાન શક્તિ દિવસ

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની વિવિધ યોજનાઓ અંતર્ગત
લાભાર્થીઓને સહાય વિતરણ કરવા અંગેના કાર્યક્રમમાં
આપશ્રીને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

શ્રી વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

:: મહાનુભાવ ::
શ્રી કિશોરભાઈ કાનાણી
માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

મહાત્માં મંદિર ખાતેના મુખ્ય
કાર્યક્રમના અધ્યક્ષસ્થાને
બિરાજશે.

:: મહાનુભાવ ::
શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા
માનનીય મેયરશ્રી,
સુરત મહાનગરપાલિકા

ડો. કે. એન. ચાવડા
માનનીય કુલપતિશ્રી, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત

:: સમય/સ્થળ ::
રવિવાર, તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૨૧ના સવારે ૧૦.૦૦ કલાકે
સેમિનાર હોલ, બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યનિવર્સિટી પરિસર, સુરત.

નિમંત્રક
ડો. જયદીપ ચૌધરી
ઈ.ચા. કુલસચિવશ્રી















## Farewell to 11th Batch of M. Sc. Biotechnology

Farewell function for 11th Batch of M. Sc. Integrated Biotechnology was organized on 10th July, 2021 at Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat. Honorable Vice Chancellor Dr. Kishorsinh N. Chavda with In-charge

Registrar Dr. Jaydipkumar Chaudari graced the occasion to motivate young batch of future scientist.



## ઝવેરચંદ મેઘાણી : જન્મજયંતી ઉજવણી

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય પ્રેરિત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કન્વેન્શન હોલમાં તા. ૨૮–૮–૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે રમત–ગમત વિભાગ અને સાંસ્કૃતિક વિભાગના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે, Face book, Instagram, Twitter, YouTube પર કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા હાજર રહ્યા હતા.



















## Induction Program






Department of Biotechnology, VNSGU, Surat conducted an "Induction Program" on 14th October, 2021 for the first year students of M. Sc. Integrated Biotechnology course. All students were also accompanied by their respective parents. The event was coordinated by Mrs. Tanvi Tamakuwala, NSS Program Officer and Teaching Assistant at Biotechnology Department. The inauguration function started at 11:00 am in the presence of Dr. Kishorsinh N. Chavda (Honorable Vice Chancellor) followed by our University Song and lighting the lamp. Dr. Gaurav Shah (Coordinator of Biotechnology Department) in his inaugural address heartily welcomed all the new students and their parents and congratulated each and every "fresher", first on having secured their admission to this University and second, for having chosen Department of Biotechnology as their choice and also appreciated the effort of teaching and non-teaching staff members, of the college for taking such educative programme first of its kind to groom and nurture young students in the days to come. Honorable Vice Chancellor Dr. Kishorsinh N. Chavda embraced the students with his precious words of wisdom and motivated them by delivering his speech on Human Values. Towards the end of the event, Dr. Bhikhu More (Class Mentor) expressed gratitude to all and the event ended at a patriotic note with National Anthem. The first session ended at 11:45 am. At 12:00 noon technical session headed by Dr. Gaurav Shah [Open House, Queries from Parents & Students], Dr. Mansi Mehta [Formation of Parent's Association], Dr. BHikhu More [Introduction with Students].

## ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ટીરીયર ડીઝાઈન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી કરી તેમજ પારંપરિક ગરબા અને પોષક સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી.



## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ૨૧ ફેબ્રુઆરી,૨૦૨૨ ના રોજ તમામ શૈક્ષણિક કર્મચારી, બિન–શૈક્ષણિક કર્મચારી અને વિદ્યાર્થીઓ માટે 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીનું આયોજન થયું હતું.






## વકતૃત્વ સ્પર્ધા






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને જીલ્લા કાનૂની સેવા સતા મંડળ સુરતના સંયુકત ઉપક્રમે તારીખ ૨૯–૧૨–૨૦૨૧ ના રોજ ૧૦:૦૦ કલાકે આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય જીલ્લા ન્યાયધીશ શ્રી વિમલભાઈ કે.વ્યાસ અને કુલપતિ શ્રી ડૉ.કિશોરસિંહ એન ચાવડા ઉપસ્થિત રહ્યા હતા મુખ્ય મહેમાનોમાં પૂર્ણકાલિન સચિવ, જીલ્લા કાનૂની સેવા સતામંડળ સુરતના શ્રી કે.એન. પ્રજાપતિ, સી.ડી.સી. ના શ્રી ડૉ.કે.સી. પોરિયા, લો ફેકલ્ટીના ડીન શ્રી ડૉ.વિમલભાઈ પંડયા અને એન.એન.એસ.ના કોઓર્ડિનેટર પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વામી વિવેકાનંદની જન્મજયંતી



તા. ૧૨–૧–૨૦૨૨ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે સ્વામી વિવેકાનંદ સાધનાકેન્દ્ર, સુરત દ્વારા 'પુષ્પાંજલિ' કાર્યક્રમનું આયોજન અને સ્વામી વિવેકાનંદના સાહિત્યનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને દીપ પ્રાગટય કર્યુ હતું. આ પ્રસંગે યુનિવર્સિટી પરિવાર અને સ્વામી વિવેકાનંદ સાધના કેન્દ્રના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## લેખનશુધ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાનું બીજું વ્યાખ્યાન

ઓફલાઈન માધ્યમથી તા. ૫–૩–૨૦૨૨ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે કોમર્સ વિભાગ ખાતે લેખનશુધ્ધિ વિષય પર આયોજન કરવામાં આવ્યું હતું.

## સર્જનાત્મક લેખન શિબિર






ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા પ્રતિવર્ષ પદમડુંગરી ખાતે સર્જનાત્મક લેખન શિબિરનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષની જેમ આ વર્ષે પણ સુરતથી ૯૮ કિ. મી. ના અંતરે તાપી જિલ્લાના ડોલવણથી ૧૫ કિ.મી. દૂર પ્રકૃતિની ગોદમાં આવેલ પદમડુંગરી ઈકોલોજીકલ કેમ્પ સાઈટ ખાતે કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ શિબિરમાં ઓગણચાલીસ શિબિરાર્થી ભાઈ–બહેનો સમગ્ર ગુજરાતનાં બધાં જિલ્લાઓ અને મુંબઈથી આવીને ઉત્સાહપૂર્વક જોડાયા.

તા.૧૬–૧૨–૨૦૨૧ના રોજ સવારે ૮:૩૦ કલાકથી જ બધા શિબિરાર્થીઓ પદમડુંગરી ઈકોલોજીકલ સાઈટ ખાતે આવવાના શરૂ થઈ ગયા હતા. તેમની રહેવાની અને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ કલાકે શિબિરની ઉદ્‌ઘાટન બેઠક યોજાઈ. આ બેઠકમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના સંયોજક શ્રી ડૉ. નરેશ શુકલએ આ શિબિરની ભૂમિકા બાંધી આપી શિબિરાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કરી શિબિરાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણમાં રહી પોતાની સર્જકતાને નિખારવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.







## Competitions






Marked achievement by Students of Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat at First State Level Intercollegiate Competitions under the aegis of Gujarat Integrated Bio Network [GIBioN] organized by P. D. Patel Institute of Applied Science, Charotar University of Science and Technology (CHARUSAT), Changa and sponsored by Gujarat State Biotechnology Mission (GSBTM), Department of Science and technology (DST), Government of Gujarat, Gandhinagar on 12th March, 2022. An event was organized to encourage the life science's students to express their knowledge, skills, enthusiasm by preparing models, providing extempore speech, and developing new biotech based ideas to solve local problems.

Competitions among Post Graduate students from 7 different Universities and Colleges were related to:

1. Biotechnology lead ideas to solve local problem: Success stories/Original idea.
2. Model Making
3. Extempore speech
4. Abstract writing
5. Bio-Quiz

Total 23 students from the Biotechnology department participated in different events accompanied by teachers Mrs. Tanvi Tamakuwala & Ms. Pooja Shukla.

- Priya Pradhan from M. Sc. Biotechnology Semester-VIII grabbed First Prize in Abstract writing.
- Abhishek Singh, Anjali Upadhyay and Kajal Bhavsar of M. Sc. Biotechnology Semester-VIII grabbed Third Prize in Model Making related to Pancreatic Cancer.

Course Coordinator Dr. Gaurav Shah as well as teaching and non-teaching staff members of the department congratulated participants for bringing laurels to the department as well as University.

## Idea and Inovation Cell

- **One-day Workshop on Government Funding Agencies & Research Landscape in Academia.** તારીખ ૧૯ જુલાઈ ૨૦૨૧ સોમવારના રોજ સવારે ૧૧: ૦૦ વાગે સેનેટ હોલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રાખવામાં આવેલ હતી જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. નેહા શર્મા (Prof. Microbiology and Dean Research and Development Maharishi Markandeshwar Medical College & Hospital, Maharishi Markandeshwar University, Kumarhatti, Solan (H.P.) ને આમંત્રિત કરેલ હતાં જેમાં ૪૪ સહભાગીઓએ ભાગ લીધેલ હતો, આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં એન્જીનિયરીંગ, ગણિત, બેઝિક વિજ્ઞાનના પ્રાધ્યાપકો, રિસર્ચ સ્કોલર્સ અને એન્જીનિયરીગ, ગણિત, બેઝિક વિજ્ઞાન પી.જી.ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **One-day workshop on Research Funding Possibilities & Proposal Preparations.** તારીખ: ૦૬ ઓગસ્ટ, ૨૦૨૧ શુક્રવાર સમય બપોરે ૨:૦૦ વાગે સેનેટ હોલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રાખવામાં આવેલ હતી જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. આરતી સૈનિ (Assistant Professor, Department of Commerce, Shaheed Bhagat Singh College, University of Delhi, India (Editor, South Asian Journal of Marketing, Emerald Publishing)ને આમંત્રિત કરેલ હતા, જેમાં ૮૨ સહભાગીઓએ ભાગ લીધેલ હતો આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં કોમર્સ અને મેનેજમેન્ટના પ્રાધ્યાપકો, રિસર્ચ સ્કોલર્સ, કોમર્સ અને મેનેજમેન્ટનાં પી.જી.ના વિદ્યાર્થીઓના વિભાગને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

- **Interactive meet to Discuss Pertinent Issues Concerning Human Resource Management of Textile Industries.** તારીખ ૭ ઓગસ્ટ, ૨૦૨૧ શનિવાર, સમય ૧૧:૦૦ વાગે સેનેટ હોલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજીત કરેલ હતી જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. આરતી સૈની (Assistant Professor, Department of Commerce, Shaheed Bhagat Singh College, University of Delhi, India (Editor, South Asian Journal of Marketing, Emerald Publishing) ને આમંત્રિત કરેલ હતા જેમાં ૦૮ સહભાગીઓએ ભાગ લીધેલ હતો આ વર્કશોપનું આયોજન ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીઝના એચ.આર. ને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **A Round Table Conference on "Implementation of Various Short Term & Long Term Skill Development Courses as per NEP 2020 at affiliated institution".** તારીખ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧ શનિવાર, સમય ૦૨:૦૦ વાગે ૨૦૫ કમિટી રૂમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા પ્રો.કે.ડી. પંચાલ Proficient Member, I & IC, VNSGU, Department of Mechanical Engineering, DRREC, Surat હતાં જેમાં ૧૦ સહભાગીઓએ ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **One day Workshop on fire Precautions & Safety Measures in Academic Institutions** તારીખ ૨૦ સપ્ટેમ્બર,૨૦૨૧ સોમવાર સમય ૧૧:૪૫ વાગે બાયોટેકનોલોજી ઓડીટોરિયમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજીત કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી પન્નાલાલ સોની (Rajashree Polyfil Limited) ને આમંત્રિત કરેલ હતાં જેમાં ૧૨૩ સહભાગીઓએ ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં સંલગ્ન કોલેજના હેડ તથા બાયોટેકનોલજી વિભાગનાં વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **Emotional Intelligence & New Education Policy** અંર્તગત એક દિવસીય એવા બે અલગ અલગ વર્કશોપનું આયોજન તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ મંગળવાર અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ બુધવાર સમય ૦૯:૦૦ કલાકે ચાણકય હોલ, એમ.એસ.આર.ડી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી વિનયપત્રાલે (Chairman Ignited Minds) ને આમંત્રિત કરેલ હતાં જેમાં દિવસ ૧–૯૩ અને દિવસ ૨–૭૫ સહભાગીઓએ ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં પ્રાધ્યાપકોને ટ્રેનીંગ આપવા માટે કરવામાં આવ્યું હતું.
- **One-day Online Webinar on Digital Marketing** તારીખ ૨૫ ઓકટોમ્બર, ૨૦૨૧ સોમવાર સમય ૧૧:૩૦ વાગે કોન્ફરન્સ રૂમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય વકતા તરીકે કુ. પ્રીતિ ભગત (Founder of Infinity Digital)ને આમંત્રિત કરેલ હતાં જેમાં ૨૭૨ સહભાગીઓએ ઓનલાઈન ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **One-day Online Webinar on Making Innovation an Everyday Habit** તારીખ ૨૬ ઓકટોમ્બર,૨૦૨૧ મંગળવાર સમય ૧૧:૩૦ વાગે કોન્ફરન્સ રૂમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી તૃષ્ણા યાજ્ઞિક (Founder of Infinity Digital)ને આમંત્રિત કરેલ હતાં જેમાં ૪૦૪ સહભાગીઓએ ઓનલાઈન ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં તમામ કોલેજોનાં વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.
- **National Education Policy** અંર્તગત એક દિવસીય એવા ચાર અલગ અલગ વર્કશોપનું આયોજન તારીખ ૧૫ ડીસેમ્બર,૨૦૨૧ બુધવાર, તારીખ ૧૬ ડીસેમ્બર,૨૦૨૧ ગુરૂવાર, તારીખ ૧૭ ડીસેમ્બર, ૨૦૨૧ શુક્રવાર, તારીખ ૧૮ ડીસેમ્બર, ૨૦૨૧ શનિવાર સમય ૦૯:૦૦ કલાકે ચાણકય હોલ, એમ.એસ.આર.ડી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમા કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી વિનયપત્રાલે (Chairman Ignited Minds) ને આમંત્રિત કરેલ હતાં જેમાં દિવસ ૧–૯૩ અને દિવસ ૨–૭૫ સહભાગીઓએ ભાગ લીધેલ હતો. આ વર્કશોપનું આયોજન યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગોનાં વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના પ્રાધ્યાપકોને ટ્રેનીંગ આપવા માટે કરવામાં આવ્યું હતું.

- "યુ.જી. સ્પોર્ટસ કવોટા એડમીશન" B.Sc. (Computer Science), B.B.A., B.C.A., B.Com., B.Com. LLB. Hons., B.R.S., B.Sc., M.Sc. (IT), M.A. (HRD) પ્રવેશની કાર્યવાહી ઝડપી પૂર્ણ કરવામાં આવી.
- "વિવિધ ગ્રાઉન્ડની જાળવણી કરવા માટે મશીનરી ખરીદવા" મંજૂરી આપવામાં આવી.
- "૨૦૩૬ના વર્ષમાં યોજાનાર ઓલમ્પિક" ની બ્લ્યૂ પ્રિન્ટની પૂર્વ તૈયારી માટે બોર્ડ ઓફ સ્પોર્ટસમાં મંજૂરી આપવામાં આવી.
- "કોરોના કાળમાં સ્પોર્ટસ એકટીવિટી" ઝડપથી ચાલુ કરવામાં આવી.
- "બોર્ડ ઓફ સ્પોર્ટસ"ના ચેરમેનની નિમણૂંક કરવામાં આવી.
- એફિલેટેડ કોલેજોમાં ફિઝિકલ એજ્યુકેશનનાં અધ્યાપકની નિમણૂંક કરવામાં આવી.
- વર્ષમાં એકવાર બોર્ડ ઓફ સ્પોર્ટસની મિટિંગ કરવામાં આવતી હતી તેની જગ્યાએ વારંવાર મિટિંગ કરવાનું આયોજન કરવામાં આવ્યું
- યુનિવર્સિટીમાં વિવિધ ગ્રાઉન્ડ આવેલ જેનું ભાડું લેવામાં આવતું ન હતું જે ભાડું લેવા માટે સિન્ડિકેટમાં મંજૂર કરી યુનિવર્સિટીની આવકમાં વધારો કરેલ છે.
- રાષ્ટ્રીય કક્ષાએ અથવા રાજય કક્ષાએ ખેલકુદ/ સાંસ્કૃતિક પ્રવૃતિઓ કે જે રમતગમત કે પ્રવૃતિઓ યુનિવર્સિટી દ્વારા જ પૈકીની આપણી યુનિવર્સિટી દ્વારા આગલા વર્ષમાં યોજાયેલ હોય, તેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં વર્ગદીઠ ૪ બેઠકોની ફાળવણી થઈ શકશે અને તે માટે અલગ અરજી મંગાવી મેરીટ બનાવીને વિદ્યાર્થીઓનું Counselling કરી યુવક કલ્યાણ વિભાગ દ્વારા કોલેજોમાં પ્રવેશો ફાળવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.
- વધુમાં ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોમાં સ્પોર્ટસ કવોટામાં ફાળવાયેલી બેઠકોને વધારેની બેઠકો ગણી પ્રવેશ આપવા અને સ્વનિર્ભર કોલેજોમાં સ્પોર્ટસ કવોટામાં ફાળવાયેલી બેઠકોને તે કોલેજોની કુલ બેઠકોના ભાગ તરીકે ગણીને પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.
- એમ.એસસી. તેમજ બી.બી.એ.માં Online Digital Question Papers Distribution System નો અમલ કરવામાં આવ્યો.
- MCQ મુજબ Online પરીક્ષાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.
- કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીગ (અંતિમ) સેમેસ્ટર/વર્ષની પરીક્ષા માટે કુલ પાસીંગના ૫૦% હેડસની લીમીટ દૂર કરવામાં આવી.
- તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીગ (અંતિમ) સેમેસ્ટર/વર્ષ માટે રી–એસસમેન્ટનો લાભ પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવા/ ડિઝરટેશન/આંતરીક મૂલ્યાંકન/સેમીનાર સિવાયનાં બધા જ થિયરી વિષયો માટે પુનઃમૂલ્યાંકનની જોગવાઈ કરવામાં આવી.
- પુનઃમૂલ્યાંકનને પરિણામે જો, અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત તે પેપરના યુનિવર્સિટી પરીક્ષાના ૫ ગુણ અથવા યુનિવર્સિટી પરીક્ષાનાં પેપરનાં કુલ ગુણના ૧૦ ટકા કરતા જે ઓછા હશે તો મૂળ ગુણમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી. જો અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત ૫ ગુણ અથવા કુલ ગુણના ૧૦ ટકા કરતા વધુ હોય તો તે પેપરને બીજા પરીક્ષક પાસે મૂલ્યાંકન કરાવવાનુ રહેશે. આ કિસ્સામાં બન્ને પૂનઃ મૂલ્યાંકનની સરેરાશ કાઢવામાં આવશે અને તે સરેરાશ તે પેપર/વિષયના આખરી ગુણ ગણાશે, તદ્‌અનુસારની જોગવાઈ કરવામાં આવી.
- યુનિવર્સિટીની Arts, Science, Commerce, B.B.A., B.C.A., Computer Science, Law, M.Sc. I.T., Biotechnology, Enviroment Science જેવી તમામ ફેકલ્ટીનાં ઓર્ડરો અગાઉ ઓફ લાઈન પધ્ધતિથી મોકલવામાં આવતા હતા જે હાલ ઓનલાઈન પધ્ધતિ ઈ–મેઈલ દ્વારા તાત્કાલિક જે તે પેપર સેટરો અને પરીક્ષકોને મોકલવામાં આવે છે.
- પત્ર વ્યવહારના પત્રો પણ ઈ–મેઈલથી તુરત જે તે સંબંધિતોને મોકલવામાં આવે છે.
- ઓનલાઈન પત્ર વ્યવહારથી ટપાલ ખર્ચ તથા સ્ટેશનરીનો ખર્ચમાં ઘટાડો થયો છે.
- આમ, ઓનલાઈન પધ્ધતિથી ઈનપુટ અને આઉટ પુટ કાર્યનો ઝડપી નિકાલ કરવામાં આવી રહ્યો છે.
- ઓનલાઈન પરીક્ષાને કારણે વિવિધ કોલેજમાં સુપરવાઈઝરની નિમણુંકની જગ્યાએ યુનિવર્સિટી દ્વારા પ્રોકટરોની નિમણુંક થતા મહેનતાણાંના ખર્ચમાં ઘટાડો થયેલ છે.
- સુપ્રિટેન્ડન્ટ, ફેકટોટમ, સ્ટેશનરી સુપરવાઈઝરની નિમણુંકના ઓર્ડરો પણ ઓનલાઈન થયેલ હોવાથી પોસ્ટલ ખર્ચમાં ઘટાડો થયેલ છે.
- ઓન ડિમાન્ડ એકઝામ પોલીસી આયોજન પ્રક્રિયા હાથ ધરેલ છે.
- ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ થવાથી તમામ વેરીફીકેશનનાં કેસો તથા ડુપ્લીકેટ માર્કશીટના કેસો સારી રીતે હલ થઈ શકે છે.
- પ્રતિ કલાકના મહેનતાણાં અંતર્ગત કર્મચારીઓની સેવાથી કામગીરી સરળતાથી કરવામાં આવી રહી છે.

- વેરીફીકેશન તથા માર્કશીટના વ્યકિત પાસે આઈ.ડી. પ્રુફ ન હોય તો નેટની સુવિધા દ્વારા વિદ્યાર્થીઓને સરળતાથી મળી શકે છે.
- વેરીફીકેશના ઈ–મેઈલ ચેક કરવાથી વિદ્યાર્થીઓને જવાબ સરળતાથી આપી શકાય છે.
- વિદ્યાર્થીઓને માર્કશીટ અને Transcript તાત્કાલિક જરૂરીયાત હોવાથી સ્ટુડન્ટને ઝડપથી મળી જાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.
- જે વિદ્યાર્થીઓની માર્કશીટમાં એ.ટી.કે.ટી. શબ્દનો ઉલ્લેખ થયો હોય એવી માર્કશીટ વિદ્યાર્થી ગ્રેજયુએશન પૂર્ણ કર્યા બાદ માર્કશીટમાં સુધારો કરાવી શકે છે.
- કોન્વોકેશન વિભાગમાંથી હાલમાં આપવામાં આવતી પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્ર ઓફલાઈન આપવામાં આવે છે. જે હવેથી ONLINE ERP STUDENT ને ONLINE પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્ર ઝડપથી આપી શકાય એ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- કોન્વોકેશન વિભાગ થકી વર્ષે બે વાર વાર્ષિક અને ખાસ પદવીદાન સભારંભ કરવામાં આવે છે. જેની પદવીઓ સ્પીડ પોસ્ટ થકી વિદ્યાર્થીઓને મોકલવામાં આવતી હોય છે. જે પદવી પ્રમાણપત્રો DIGILOCKER માં UPLOD કરવા અંગેની કાર્યવાહી હાલ ચાલી રહી છે.
- ઓનલાઈન પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને ટેકનીકલ ખામી કે અન્ય કારણોસર પરીક્ષા ન આપી શકયા તેવા વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવાની તક મળી.
- યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામલક્ષી અત્યંત તાકીદની અને ગોપનીય કામગીરી વધુ પારદર્શક તથા ઝડપી બનાવવા માટે ઓનલાઈન એસેસમેન્ટ/ રી–એસેસમેન્ટ શરૂ કરવામાં આવનાર હોય જેનાં ભાગરૂપે હાલ જુલાઈ/ઓગસ્ટ ૨૦૨૧ની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસના છેવટના સેમેસ્ટરની ઓફલાઈન પરીક્ષાનું રી–એસેસમેન્ટ માટેની ઉત્તરવહીઓનું સ્કેનીંગ કરી નિયુકત કરેલ પરીક્ષા/ એસેસમેન્ટ સેન્ટર પર પરીક્ષકોએ જઈને રી–એસેસમેન્ટની કામગીરી ચાલી રહેલ છે. ઓનલાઈન એસેસમેન્ટને કારણે પરીક્ષકોએ યુનિવર્સિટી ખાતે આવવાનું રહેતું નથી. જેથી ટ્રાન્સપોર્ટ ખર્ચ તથા સમયનો બચત થનાર છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે પરીક્ષાને લગતું સાહિત્ય, માર્કશીટ મોકલવા તેમજ ઉત્તરવહીનું કલેકશન તથા પહોચાડવા જેવી અત્યંત સમય મર્યાદાની કામગીરી માટે જિલ્લા વાઈઝ સબ સેન્ટર નિયુકત કરવા અંગેની કામગીરી માટેની મળેલી મંજૂરી અન્વયે આગળની કાર્યવાહી ચાલી રહી છે.
- યુનિવર્સિટીની પરીક્ષામાં વપરાતી ઉત્તરવહી ઉપર ચોંટાડવા માટેનું વિષય કોડ, વિદ્યાર્થીનો સીટ નંબર તેમજ પરીક્ષાની તારીખ દર્શાવતું સ્ટીકર પ્રશ્નપત્રની બેગમાં સાથે મુકવાની નવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની ફરિયાદ તેમજ સૂચનોને ઓનલાઈન મેળવી તેમની સત્વરે ઓનલાઈન થઈ શકે તેવી વર્ચ્યુલ ગ્રીવન્સ મેનેજમેન્ટ સિસ્ટમ વ્યવસ્થા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓના હિતમાં અને એમના ઉજવળ ભવિષ્યને અને નોકરીની વધુ તકોને ધ્યાનમાં લઈને UPSC - GPSC અને રોજગાર સંબંધિત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવા માટે વિવિધ સેન્ટરો યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટી અંતર્ગત ચાલુ કરવામાં આવશે.
- યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઉચ્ચ પ્રિન્ટીંગ કવોલીટીની ફ્રેમ કરીને/ફોલ્ડરમાં યુનિવર્સિટીને ગૌરવ અપાવે તે મુજબની ડીઝાઈન અને કવોલીટીને ધ્યાનમાં રાખી ડીગ્રીઓ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨–૨૩ના વર્ષ માટે વિવિધ સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોનાં એડમિશન માટેના ઓનલાઈન ફોર્મ ધોરણ–૧૦ના પરિણામને આધારે અને અનુસ્નાતક અભ્યાસક્રમોનાં સ્નાતક કક્ષાના સેમેસ્ટર ૧ થી ૫ ના પરિણામનાં આધારે ભરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## Student Startup and Innovation

- ❖ Student Startup And Innovation Policy (SSIP) વિભાગમાં વિવિધ કમિટીની રચના કરવી.
- ❖ SSIP ને મળેલ ગ્રાંન્ટ હેઠળ Innovation/ startup/Proof of concept/prototype support માટે Startup Project મંગાવવામાં આવેલ છે. તેમજ તેઓની સ્કુટીની કરી ફંડની ફાળવણી કરવા અંગેની કામગીરી.
સાભારઃ www.cialive.in સાચી માહિતી અને સચોટ સમાચાર

# વીર નર્મદ યુનિવર્સિટીમાં કોરોના ટેસ્ટીંગ શરૂ, સુરતમાં વધુ ૪૦૦ સેમ્પલ ટેસ્ટીંગની ક્ષમતા વધી



વીર નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટમાં RT-PCR ટેસ્ટીંગ પ્રક્રિયા કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ તા.૧૪મી મે ૨૦૨૧ના રોજ શરૂ કરાવી

www.cialive.in

સુરત શહેરીજનો માટે મહત્વનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યાન્વિત કરાયું

વીર નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટની લેબમાં હાલ ફક્ત સરકાર દ્વારા આપવામાં આવતા સેમ્પલનું RT-PCR ટેસ્ટીંગ થશે

હાલ અહીં રોજ ૪૦૦ સેમ્પલ્સનું રિયલ ટાઇમ પીસીઆર ટેસ્ટીંગ શક્ય





www.cialive.in

વીર નર્મદ યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ ખાસ ઇનીશીએટિવ લઇને સિન્ડીકેટ સભાની બેઠકમાં RT-PCR ટેસ્ટીંગની દરખાસ્તો પર નિર્ણયો લેવડાવ્યા

www.cialive.in

વીર નર્મદ યુનિ.ની લેબ પર સામાન્ય લોકોએ ટેસ્ટીંગ માટે જવું નહીં, હાલ અહીં સરકાર દ્વારા આપવામાં આવતા સેમ્પલિંગનું જ ટેસ્ટીંગ થાય છે

---

## Veer Narmad South Gujarat University, Surat
## RT-PCR TESTING FACILITY FOR COVID-19

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત
COVID-19 માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગની સુવિધા

### वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत
COVID-19 के लिए आर.टी.पी.सी.आर. परीक्षण सुविधा

1. As per the rules and regulations of the government, the charge of RT-PCR testing of COVID-19 for the citizens is Rs. 700.
2. Rs. 350/- for all academic and non-academic staff of the university and students currently studying in various departments of the university and all academic and non-academic staff of the university affiliated colleges.
3. **It is mandatory to submit a copy of Aadhaar card to those who want to undergo RT-PCR testing. University / College staff and students should bring their institution's card along with Aadhaar card.**

1. સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ શહેરીજનો માટે કોવીડ-૧૯ ના RT-PCR ટેસ્ટીંગ નો ચાર્જ ટેસ્ટ દીઠ રૂ. ૭૦૦/- લેવામાં આવશે .
2. યુનિવર્સીટીના તમામ શૈક્ષણીક અને બિન-શૈક્ષણીક સ્ટાફ અને યુનિવર્સીટી ના વિવિધ વિભાગોમાં હાલમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ તથા યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના તમામ શૈક્ષણીક અને બિન-શૈક્ષણીક સ્ટાફ માટે ટેસ્ટ દીઠ રૂ. ૩૫૦/- લેવામાં આવશે.
3. **જે વ્યક્તિઓએ RT-PCR ટેસ્ટીંગ કરાવવાનું હોય તેઓને આધારકાર્ડની એક નકલ ફરજીયાત જમા કરાવવી. યુનિવર્સીટી/કોલેજ ના સ્ટાફ અને વિધાર્થીઓએ આધારકાર્ડ ઉપરાંત પોતાની સંસ્થાનું કાર્ડ સાથે લાવવું.**

1. सरकार के नियम-कायदों के अनुसार नागरिकों के लिए कोविड-19 की आरटी-पीसीआर जांच का शुल्क रु. 700/- लिया जाएगा।
2. विश्वविद्यालय के सभी शैक्षणिक और गैर-शैक्षणिक कर्मचारियों और वर्तमान में विश्वविद्यालय के विभिन्न विभागों में अध्ययन कर रहे छात्रों एवं विश्वविद्यालय से संलग्न कॉलेजों के सभी शैक्षणिक और गैर-शैक्षणिक कर्मचारियों के लिए, रु 350/- लिया जाएगा।
3. **जो लोग आरटी-पीसीआर परीक्षण से गुजरना चाहते हैं, उन्हें आधार कार्ड की एक प्रति अनिवार्य रूप से जमा करना। विश्वविद्यालय/महाविद्यालय के कर्मचारी एवं छात्र आधार कार्ड के अतिरिक्त अपना स्वयं का संस्थान कार्ड लेकर आएं।**




| | | |
|---|---|---|
| **Place:** University Health Centre<br>**Date:** 22/05/2021<br>**Time:** 10 to 12 AM | **સ્થળ:** યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર<br>**તારીખ:** 22/05/2021<br>**સમય:** સવારે 10 થી 12 | **स्थान:** विश्वविद्यालय स्वास्थ्य केंद्र<br>**दिनांक:** 22/05/2021<br>**समय:** सुबह 10 से 12 बजे |

Veer Narmad South Gujarat University, Udhana - Magdalla Road, Surat, Gujarat 395007

**Dr. Kishorsinh N. Chavda**
Hon'ble Vice Chancellor, Veer Narmad South Gujarat University, Surat

**Shri A.V. Dhaduk**
I/C Registrar, Veer Narmad South Gujarat University, Surat

---

સાભારઃ ધબકાર તા. ૨૨–૫–૨૦૨૧

# નર્મદ યુનિવર્સિટી ખાતે શહેરીજનો માટે આજથી આર.ટી-પી.સી.આર ટેસ્ટ શરૂ

ધબકાર પ્રતિનિધિ સુરત, તા.૧૯

નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગને કોરોના ટેસ્ટિંગ માટે આર.ટી-પી.સી.આર ટેસ્ટ કરવા આઇ.સી.એમ.આર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આવતીકાલથી જાહેરજનતા પોતાનો કોરોના ટેસ્ટ યુનિવર્સિટી ખાતે કરાવી શકશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગ ખાતે આધુનિક આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેની લેબ શરૂ કરવામાં આવી છે. બાયોલોજી વિભાગને કોરોના ટેસ્ટિંગ માટે આર.ટી-પી.સી.આર ટેસ્ટ કરવાની પરવાનગી આઇ.સી.એમ.આર દ્વારા આપવામાં આવી છે.

નર્મદ યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે આવતીકાલથી ૨૨મી મે, ૨૦૨૧ થી સોમ થી શનિવાર સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી શહેરીજનો કોરોના ટેસ્ટ કરાવી શકશે. આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેના સેમ્પલ કલેક્શન કરવાનું શરૂ કરવામાં આવશે. સેમ્પલ બાયોસાયન્સ વિભાગની લેબ ખાતે ટેસ્ટ કરવામાં આવશે. સેમ્પલ કલેક્શન કર્યા પછી ૨૪ કલાકમાં રિપોર્ટ આપવામાં આવશે.

આર.ટી-પી.સી.આર ટેસ્ટ માટેનો ચાર્જ યુનિવર્સિટીના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ૩૫૦ રૂપિયા રહેશે. જ્યારે બહારની વ્યક્તિઓ માટે ૭૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે પણ ૩૫૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે.કોરોના ટેસ્ટ માટે આધાર કાર્ડની નકલ ફરજીયાત લાવવાની રહેશે. યુનિવર્સિટી સંલગ્ન વિભાગો, કોલેજોના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ અને યુનિવર્સિટી વિભાગના વિદ્યાર્થીઓ માટે આધારકાર્ડ સાથે સંસ્થા દ્વારા આપવામાં આવતા આઇકાર્ડ પણ સાથે રાખવાનો રહેશે.

**યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે સોમ થી શનિવાર, સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી કોરોના ટેસ્ટ થશે**

---

સાભારઃ સંદેશ તા. ૨૦–૫–૨૦૨૧

### બાયોસાયન્સ વિભાગમાં RTPCR સેમ્પલનું ટેસ્ટિંગ

# યુનિવર્સિટીમાં શરૂ થયેલી કોરોના ટેસ્ટિંગ લેબને ICMRની મંજૂરી

### યુનિવર્સિટીમાં જ દરરોજ ૫૦૦ સેમ્પલની ચકાસણી થઇ શકશે

| સુરત |

કોરોના મહામારીની બીજી લ્હેરમાં દવા, ઇન્જેક્શનથી માંડીને રિપોર્ટ ટેસ્ટીંગ મુદ્દે દર્દીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એવામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ વિકટ સંજોગોને જોતાં બાયોસાયન્સ વિભાગમાં કોરોના દર્દીઓ માટે આરટીપીસીઆર સેમ્પલનું ટેસ્ટીંગ કરવાની લેબોરેટરી ઊભી કરવાનો નિર્ણય લીધો હતો. આ કોરોના સેમ્પલ ટેસ્ટીંગ લેબને આઇ સીએમઆર(ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) દ્વારા મંજૂરીની મ્હોર મારવામાં આવી છે.



નોંધનીય છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં આરટીપીસીઆર સેમ્પલના ટેસ્ટીંગ માટે લેબોરેટરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. ૧૮ લાખ રૂપિયાના ખર્ચે અદ્યતન મશીનની ખરીદી કર્યા બાદ કુલપતિ ડો.કે.એન.ચાવડાની હાજરીમાં સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરીનો આરંભ કરાયો હતો. આ લેબોરેટરીને મેડિકલ રિસર્ચ કાઉન્સિલે મંજૂરી આપી છે. સિન્ડિકેટ સભ્ય ડો. કશ્યપસિંહ ખરચીયાએ જણાવ્યુ હતુ કે, કોરોનાના કપરા કાળમાં સમાજઉપયોગી પ્રવૃત્તિ કરવા માટે યુનિવર્સિટીમાં સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરાઇ હતી. આ લેબોરેટરી આરટીપીસીઆરના રોજના આરટીપીસીઆરના ૫૦૦ સેમ્પલ ટેસ્ટીંગ કરવાની ક્ષમતા ધરાવે છે. સેમ્પલ ટેસ્ટીંગ માટે જો યુનિવર્સિટી પરિસરના જ કર્મચારી હોય તો ૩૫૦ રૂપિયા અને બહારની વ્યક્તિ હોય તો ૭૦૦ રૂપિયા ખર્ચ લેવાશે. અહીં કોરોના દર્દી સાથે સીધા સંપર્કમાં આવ્યા સિવાય પાલિકા તંત્ર દ્વારા મોકલવામાં આવતા સેમ્પલનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. જેને હમણાં સુધીમાં બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે.

સાભાર: ધબકાર તા. ૮-૫-૨૦૨૧

# એન.સી.સી કર્નલ એસ.જે શર્માએ નર્મદ યુનિ. કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાની મુલાકાત લીધી

## સીબીસીએસ હેઠળ જનરલ ઈલેકટિવ ક્રેડિટ કોર્સ તરીકે એનસીસીને વિવિધ મોટા ફાયદાઓ છે : કર્નલ શર્મા




ધબકાર પ્રતિનિધિ, સચિન, તા.૦૭

નવી શિક્ષણ નીતિ હેઠળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એન.સી.સી. કર્નલ શર્મા ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (સીબીસીએસ) હેઠળ ઈલેક્ટિવ ક્રેડિટ કોર્સ ગોઠવવા માટે કુલપતિને મળ્યાં હતાં અને વિદ્યાર્થીઓ માટે નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત વધારાના અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વચ્ચેની અલગતાને દૂર કરવા માટેની વિવિધ ચર્ચાઓ કુલપતિ સાથે કર્નલે કરી હતી.

એન.સી.સી યુવાઓમાં એકતા અને અનુશાસનનો મંત્ર આપનારી સંસ્થા છે અને આ સંસ્થાના કર્નલ એસ.જે શર્માએ ગુરુવારે સાઉથ ગુજરાત યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાની મુલાકાત લીધી હતી. જેમાં નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ અંતર્ગત વધારાના અભ્યાસક્રમ, સહ અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ વચ્ચેની મુશ્કેલીભર્યા પડાવને દૂર કરવા અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ હેઠળ અભ્યાક્રમો જેવી બધી પ્રવૃત્તિઓ પ્રદાન કરવાની દરખાસ્તો ઉપર વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. જનરલ ઈલેક્ટિવ ક્રેડિટ કોર્સ તરીકે એનસીસી વિવિધ મોટા ફાયદાઓ છે જેમાં એનસીસી કેડેટમાં નોંધણી કરાવતાં વિદ્યાર્થીઓ મૂલ્યવાન એનસીસી બી અને સી પ્રમાણપત્રો મેળવવા ઉપરાંત તાલીમ અને શૈક્ષણિક તાલીમ મેળવવામાં મોટા ફાયદાકારક રહેશે.

નાલંદા યુવા વિકાસ ટ્રસ્ટના આદેશ સાબળે અને કર્નલ એસ.કે શર્મા વચ્ચે થયેલી સાથેની વાતચીતમાં સાબળે જણાવે છે કે એનસીસી બાળપણમાં બાળકોને રાષ્ટ્ર નિર્માણ, દેશભક્તિ એકતા અને શિસ્ત સંબધિત તાલીમ આપે છે. દરેક યુવાનોએ પણ દેશમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપતાં રહેવું જોઇએ.

સાભાર: દૈનિક ભાસ્કર તા. ૧૩-૫-૨૦૨૧

**कार्यक्रम** • सिविल अस्पताल के नर्सिंग कॉलेज में अंतरराष्ट्रीय नर्स डे मनाया

# मरीजों की जान बचाने में नर्स भी अहम दायित्व निभाती हैं: कुलपति

सिटी रिपोर्टर | सूरत

नई सिविल अस्पताल स्थित नर्सिंग कॉलेज में बुधवार को अंतरराष्ट्रीय नर्स दिवस मनाया गया। कार्यक्रम में सीमित संख्या में नर्सिंग स्टाफ की उपस्थिति रही। इस अवसर पर वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के वाइस चांसलर केएन चावड़ा ने सभी नर्सिंग स्टाफ को कोरोना काल में उनके द्वारा किए जा रहे सेवा कार्यों की प्रशंसा कर उनका हौंसला बढ़ाया।

उन्होंने कहा कि अस्पतालों में मरीजों की जान बचाने में डॉक्टर के बाद सबसे महत्वपूर्ण दायित्व नर्सिंग स्टाफ निभाता है। डॉक्टर के कंधे से कंधा मिलकर नर्सें कोरोना काल में बिना किसी डर के मरीजों के उपचार में सेवां दे रही हैं। गुजरात नर्सिंग काउंसिल के उपप्रमुख इकबाल कड़ीवाला ने बताया कि कोरोना काल का पिछला एक साल नर्सिंग स्टाफ के लिए अग्नि परीक्षा के समान रहा है। नर्स बहनें घर- परिवार के साथ-साथ अस्पताल में दायित्व निभाकर कर्तव्य पालन कर रही हैं। शहर के सभी सरकारी- अर्धसरकारी और मनपा के हेल्थ सेंटर सहित पर कुल 5 हजार नर्सिंग स्टाफ सेवा दे रहे हैं। इनमें से सिविल अस्पताल में मेल- फीमेल सहित 680 नर्स और स्मीमेर में 553 नर्स दायित्व निभा रही हैं। नर्सिंग के स्टूडेंट की भी सेवाएं ली जा रही हैं।

## 5000 नर्स शहर के अस्पतालों में दे रही हैं सेवा




सिविल अस्पताल के नर्सिंग कॉलेज परिसर में अंतरराष्ट्रीय नर्स डे पर उपस्थित नर्स बहनें एवं अन्य स्टाफ।

## कोरोना काल में नर्स बहनों ने नारी शक्ति की मिसाल पेश कीः त्रिवेदी



सूरत | स्मीमेर के सुप्रींटेंडेंट सुरेंद्र त्रिवेदी ने बताया कि स्मीमेर में नर्सिंग स्टाफ के कई कर्मचारियों को कोरोना हुआ था, सभी ने कोरोना को मात दी और अब स्वस्थ्य होकर पुनः दायित्व निभा रहे हैं। कोरोना काल में नर्सिंग स्टाफ की बहनों ने जान में जोखिम में डालकर नारी शक्ति की मिसाल पेश की है।उन्होंने बताया कि फ्लोरेंस नाईटिंगेल को लेडी विद लैंप कहा जाता है। ब्रिटिश नर्स फ्लोरेंस दिन-रात मरीजों की देखभाल करती थी। उनके जन्मदिन को अंतरराष्ट्रीय डे के रूप मनाया जाता है। नर्स डे के अवसर पर नर्सों ने सिविल में कोरोनो मरीजों को खाना खिलाने से लेकर हाथ धुलवाने सहित अन्य सेवाएं दी।

સાભાર: દિવ્યભાસ્કર તા. ૧૩-૫-૨૦૨૧

યુજીસીના આદેશ બાદ એસી-સિન્ડિકેટની બેઠક મળી

# કોલેજીયનોને NCC પસંદગીના વિષય તરીકે સ્વીકારવાની મંજૂરી

## NSS સહિતના બંને કોર્સને છ સેમેસ્ટરમાં ભણાવાશે

એજ્યુકેશનરિપોર્ટર | સુરત

યુજીસીના આદેશ બાદ કોલેજીયનોને NCC અને NSS પસંદગીના વિષય તરીકે સ્વીકારવાની મંજૂરી અપાઈ છે એટલે કે યુનિવર્સિટીમાં અંડર ગ્રેજ્યુએટમાં એનસીસી અને એનએસએસનો ઈલેક્ટિવ ક્રેડીટ કોર્સ આગામી શૈક્ષણિક વર્ષથી દાખલ કરવાનો નિર્ણય એકેડેમિક કાઉન્સિલે કર્યો છે. બન્ને કોર્સને છ સેમેસ્ટરમાં ભણાવવા માટેનો અભ્યાસક્રમ બનાવવાની પણ સૂચના અપાય છે. એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બેઠકમાં આ નિર્ણય યુજીસીના આદેશ પર કર્યો છે. બન્ને કોર્સ પૂર્ણ કર્યા બાદ સર્ટિફિકેટ અપાશે.

એકેડેમિક કાઉન્સિલે ટીવાય એલએલબીમાં એડીઆરમાં ઈન્ટરનલની 40 માર્ક્સની ગુંચવણ દૂર કરી છે. જે મુજબ કોલેજે ઓર્ગેનાઈઝિંગ લિગલ લિટરસી કેમ્પના 15 ગુણ, લોક અદાલત એટેન્ડન્સ 15 ગુણ, એસાઈમેન્ટ સબમિશનના 10 ગુણ અને વાયવાના 10 ગુણ એમ કુલ 50 ગુણની ઈન્ટરનલ પરીક્ષા લેવાની રહેશે.

### કુલપતિ-સિન્ડિકેટ સભ્યોએ યુનિ. કેમ્પસમાં 2 કલાક સુધી ફર્યા

નવા કુલપતિ ડો. પ્રો. કે. એન. ચાવડાએ સિન્ડિકેટ સભ્યોને યુનિવર્સિટીને કેમ્પસ ફેરવ્યા હતા. જેમાં તળાવને ડેવલોપ કરવા માટેની ખાનગી સમાજ સેવા સંસ્થાની પ્રપોઝલ આવી હતી. જેની પર ચર્ચા-વિચારણા પણ કરાય હતી. ઉપરાંત ભગવાન મહાવીર કોલેજ પાસે વિદ્યાર્થીઓના પરિણામ સહિતના ડોક્યુમેન્સ મામલે એફિડેવિટ લેવાનું રહેશે.

### Ph.D.નું ટાઇટલ તૈયાર કરવાનું રહેશે

સિનોક્સીસ જમા કરવા ત્યાં સુધીમાં વિદ્યાર્થીએ ગાઇડની ભલામણ સાથે ટાઇટલ તૈયાર કરી દેવાનું રહેશે. તે સાથે શરૂઆતનું ટાઈટલ પ્રોવિઝનલ રખાશે. પીએચડીના ગાઈડોને માન્યતા પણ અપાય હતી. આ સાથે એબીવીના પ્રદેશમંત્રીના પત્રની પણ નોંધ લેવાય હતી.

સાભાર: ગુજરાત ગાર્ડીયન તા. ૧૩-૫-૨૦૨૧

# સુરત નવી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની કામગીરીને બિરદાવતા નર્મદ યુનિ.ના કુલપતિ



## કુલપતિ કિશોરસિંહ ચાવડાએ કોરોનાના કપરા કાળમાં કરેલા સેવાકાર્યોની પ્રશંસા કરી હતી

સુરત,તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં કાર્યરત નર્સિંગ કોલેજમાં વિશ્વ નર્સિંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નવનિયુક્ત વાઇસ ચાન્સેલર કે.એન ચાવડા ખાસ ઉપસ્થિત રહયા હતા. તેઓએ નર્સિંગ સ્ટાફ અને નર્સિંગના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી કોરોના મહામારીમાં જીવન જોખમે તેમની અવિરત સેવાઓને બિરદાવી હતી, સાથે હોસ્પિટલમાં ફરજ બજાવનારા સફાઈ કર્મચારીઓને પણ તેમની સેવાની કદરરૂપે અભિનંદન પાઠવ્યા હતા.

વાઇસ ચાન્સેલર કે એન ચાવડાએ નર્સિંગના વિદ્યાર્થીઓને દેશભક્તિની ભાવના સાથે દેશને આત્મનિર્ભર અને મજબૂત બનાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓની સેવા ભાવનાને બિરદાવી હતી. નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ઇન્દ્રાવતી રાવ, મેડિકલ કોલેજના ડીન ડો. ઋતંભરા મહેતા, સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો.રાગિણી વર્માએ શાલ ઓઢાડી વાઇસ ચાન્સેલરનું અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, દિનેશ અગ્રવાલ, નિલેશ લાઠીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાઇસ ચાન્સેલર ચાવડાએ તેમની નિમણુંક બાદ દક્ષિણ ગુજરાતની ૩૫૦ કોલેજો પૈકી પ્રથમ મુલાકાત પૈકીની સરકારી નર્સિંગ કોલેજની લીધી હતી.

સાભાર: સંદેશ તા. ૧૬-૫-૨૦૨૧

કોરોના મહામારી વચ્ચે દ. ગુ. યુનિવર્સિટીનો માનવતાવાદી અભિગમ

# યુનિ.માં કરાર આધારિત ૫૦૦ કર્મીને વીમાનું સુરક્ષા કવચ આપવાનો નિર્ણય

| સુરત |

કોરોના મહામારી વચ્ચે પ્રાથમિક ધોરણે શહેરીજનોના સ્વાસ્થ્યની સુરક્ષાનું મહત્ત્વ વધી ગયું છે ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માનવતાવાદી અભિગમ દાખવતા કર્મચારી વર્તુળમાં ખુશાલી ફેલાઇ ગઇ છે. યુનિવર્સિટી પ્રશાસને કરાર આધારિત ૫૦૦ કમર્ચારીઓને વીમાનું સુરક્ષા કવચ પૂરું પાડવાનું અને બે વર્ષમાં આકસ્મિક મૃત્યુ પામનારા કર્મચારીના પરિવારને ૨.૫૦ લાખની આર્થિક સહાય આપવાનું નિર્ધારિત કર્યું છે.

પ્રવર્તમાન કોરોના સંજોગોમાં કાયમી અને કરાર આધારિત કર્મચારીઓની સુરક્ષા માટે વીમો, મેડિક્લેઇમ ઉતારવાનું અને મૃતક કર્મચારીના પરિવારને સહાય આપવાની માંગ સિન્ડિકેટ સભ્ય ભાવેશ રબારી દ્વારા કરવામાં આવી હતી. તેમની રજૂઆતોને ધ્યાનમાં લેતાં યુનિવર્સિટીની નાણા સમિતિની બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. નાણા સમિતિના સભ્ય ભાવેશ રબારીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીએ મારી રજૂઆતને આધારે કરાર આધારિત ૫૩૦ અને કાયમી કર્મચારીઓના હિતમાં મોટો નિર્ણય લીધો છે. કોરોના મહામારીના વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામનાર યુનિવર્સિટીના કાયમી અને કરાર આધારિત શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓના વારસદારોને ૨.૫૦ લાખની આર્થિક સહાય યુનિવર્સિટીના સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાંથી ચૂકવવામાં આવશે. જ્યારે યુનિવર્સિટીના તમામ કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની વીમા પોલીસી, મેડિક્લેઇમ ઉતારાશે. તે માટે ટેન્ડર બહાર પાડવાનું નિર્ધારિત કર્યું છે. ટેન્ડર પ્રક્રિયા થાય ત્યાં સુધી પ્રધાનમંત્રી વીમા યોજનાનો લાભ લેવાશે. છેલ્લા ૧ વર્ષમાં કોરોના અને અકસ્માત કેસમાં ૪ કર્મચારી મૃત્યુ પામ્યા છે. અતુલ વેકરિયા અકસ્માત કેસમાં મોતને ભેટેલી ઉર્વશી ચૌધરીના પરિજનોને પણ સહાય કરાશે.

સાભારઃ દિવ્યભાસ્કર તા. ૧૪-૫-૨૦૨૧

**ભાસ્કર વિશેષ** | B.Com, MBA સહિતના કોર્સ માટે અરજી, ગત વર્ષે 2 જ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો હતો

# નર્મદ યુનિ.માં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ સહિતના 10 દેશના 185 વિદ્યાર્થીની પ્રવેશ માટે અરજી, 71ના પ્રવેશ મંજૂર

મિલન માંજરાવાલા | સુરત

રાજ્યની વીર નર્મદ, ગુજરાત યુનિવર્સિટી સહિતની 11 યુનિવર્સિટીમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, યુગાન્ડા, નાઈજિરિયા સહિતના 10 દેશોમાંથી 3771 વિદ્યાર્થીઓએ બી.કોમ, એમબીએ, બીબીએ સહિતની વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા અરજી કરી હતી. જેમાં 711ના એડમિશન ફાઈનલ કરાયા છે. જ્યારે અન્ય પ્રોસેસ હેઠળ છે. સુરતની વીર નર્મદ યુનિ.માં આ વર્ષે પહેલી વખત 185 વિદ્યાર્થીઓએ અરજી કરી. જેમાં 71ના પ્રવેશ ફાઈનલ કરાયા છે. અહીંથી ભણીને ગયેલા વિદ્યાર્થીઓના ફીડબેકના આધારે ત્યાંના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ધસારો હોવાનું યુનિવર્સિટી સત્તાવાળાઓનું કહેવું છે.

## આ કોર્સમાં પ્રવેશ લીધો

બીકોમ, BBA, BCA, B.Sc., એમકોમ, MBA, MCA, MPA, MA ઈકોનોમિક્સ, MSW, LLB, LLM, બીકોમ LLB(હોન્સ), M.Sc. IT, M.Sc. બાયોટેક, MHRD, BRS, M.Sc. બાયોસાયન્સ, M.Sc.બાયો સાયન્સ (એનિમલ સાયન્સ) અને પીએચડીનો અભ્યાસ કરવા વિદેશી વિદ્યાર્થીઓ VNSGUમાં આવી રહ્યા છે.

## 5 વર્ષમાં 28 વિદ્યાર્થી આવ્યા હતા

| શૈક્ષણિક વર્ષ | એપ્લિકેશન | મંજૂર | દેશ |
|---|---|---|---|
| 2015-16 | 12 | 12 | 07 |
| 2016-17 | 10 | 10 | 05 |
| 2017-18 | 01 | 01 | 01 |
| 2018-19 | 04 | 04 | 03 |
| 2019-20 | 02 | 02 | 02 |
| 2021-22 | 185 | 71 | 10 |

**આ દેશમાંથી આવે છેઃ** અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ઘાના, યુગાંડા, મોઝામ્બિક, સુદાન, અંગોલા, ગયાના, ઝિમ્બાબ્વે, તાંઝાનિયા, તાજીકિસ્તાન, સાઉથ સુદાન, પેલેસ્ટાઈન, રવાંડા, નાઈજિરિયા

## ફિડબેક સારો મળતા વિદેશી વિદ્યાર્થી વધ્યા

*ગુજરાતની યુનિવર્સિટીમાં વિદેશી છાત્રોએ સૌથી વધારે એડમિશન મેળવ્યું છે. રાજ્યની યુનિવર્સિટીમાં એજ્યુકેશન અને ફેસેલિટીમાં વધારો કરાયો છે. જેને કારણે અભ્યાસ કરીને પોતાના દેશ જનારા છાત્રો પરિવાર અને મિત્રોને સારો ફિડબેક આપે છે. જેથી આ વખતે વિદેશી વિદ્યાર્થીઓ વધ્યા છે.* » ડૉ. જીગર ઈનામદાર, રિજનલ ડિરેક્ટર, આઈસીસીઆર

---

સાભારઃ ગુજરાતમિત્ર તા. ૧૩-૫-૨૦૨૧

# આગામી વર્ષે નેકના ઇન્સ્પેક્શન પહેલા નર્મદ યુનિ. કેમ્પસ રળિયામણું બનાવવા કવાયત શરૂ

**કુલપતિ** અને સિન્ડિકેટ સભ્યોએ અલગ અલગ વિભાગોની મુલાકાત લઇ શું શું જરૂરિયાત રહેશે તેની માહિતી મેળવી

સુરતઃ વીર નર્મદ યુનિ.માં આગામી વરસે આવનારા નેકની વિઝિટ પહેલા યુનિ. કેમ્પસને બ્યુટિફુલ બનાવવા કવાયત શરૂ થઇ છે. નવા વીસીએ આજે સિન્ડીકેટ સભ્યો સાથે કુલપતિએ યુનિ. પરિસરની મુલાકાત કરી તમામ વિભાગોની તપાસ કરી હતી.

યુનિ.માં સ્થાનિક કુલપતિના આગમન બાદ હવે ધીરેધીરે યુનિ. તંત્ર પાટા ઉપર ચઢી રહ્યું છે. યુનિ.માં અત્યાર લગી ચાલેલા કાવાદાવાને કારણે અસહય નુકસાન થયું હતું. યુનિ.માં રિસર્ચ અને એકેડમિક એક્ટિવિટિઝ લગભગ ઠપ્પ થઇ ગઇ હતી. જેને લઈને સેંકડો શિક્ષણકારોમાં છુપો રોષ હતો. પરંતુ હવે સરકારે યુનિ.માં અમરોલી કોલેજના પ્રિન્સીપાલ ડો.કે.એન.ચાવડાને કુલપિત બનાવાતા તેમણે ધડાધડ યુનિ.ના વર્ષોથી અટકી પડેલા કામોને ગતિ આપી છે.

આજે સિન્ડીકેટ સભ્યો સાથે તેમણે યુનિ.ના અલગ અલગ વિભાગોની વિઝિટ કરી ક્યાં ક્યાં શું શું જરૂરી છે? તેની વિગતો મેળવી હતી. આગામી વર્ષે નેક એક્રિડિટેશન માટે મુલાકાત કરાશે ત્યારે આગામી ફેબ્રુઆરી મહિને નેકના આગમન પહેલા યુનિ.કેમ્પસને રળિયામણું બનાવવા માટેના પ્રયાસો શરૂ થઈ ગયા છે. ખાસ કરીને યુનિ. કેમ્પસના તળાવ આસપાસ ઉજ્જડ જેવી બની ગયેલી જમીન ડેવલપ કરાશે. તે ઉપરાંત અલગ અલગ વિભાગોનું બ્યુટિફિકેશન કરી જ્યાં જ્યાં રિપેરિંગ કામ છે તે કરાવવામાં આવશે.

## ડીબીઆઇએમ વિભાગ ફરતેની જમીન ડેવલપ કરી ઇન્કમ સોર્સ અંગે વિચારણા

યુનિ.ના તત્કાલિન કુલપતિ ડો.પ્રજાપતિની દૂરંદેશીને પગલે યુનિ. કેમ્પસમાં સાકાર થયેલા કન્વેન્શન હોલ અને ક્રિકેટ સ્ટેડિયમ યુનિ. માટે આવકનું સાધન બની છે. યુનિ.એ હવે આવકના વધુ સ્ત્રોત ડેવલપ કરવા કવાયત ચાલુ કરી છે. આજે કુલપતિ ડો.ચાવડાએ યુનિ. કેમ્પસથી બહાર આવેલા જી.ડી.ગોએન્કા સ્કૂલ સામેના ડીબીઆઇએમ વિભાગની મુલાકાત કરી હતી. પ્રાઇમ લોકેશન ઉપર આવેલા આ ડિપાર્ટમેન્ટ ફરતે મોટી જમીન છે. યુનિ.એ આ જમીન ડેવલપ કરવા આયોજન ચાલુ કર્યું છે. ખાસ કરીને આ રોડ ઉપર ઘણા પાર્ટી પ્લોટ છે. વળી સુરત શહેરનો આ એક આઇકોનિક રોડ છે. તે જોતાં યુનિ. આવક રળવા માટેના પ્રયાસો કરી રહી છે.

---

સાભારઃ સંદેશ તા. ૧૩-૫-૨૦૨૧

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને ફરજિયાત સીસીટીવી લગાડવા આદેશ

# યુનિવર્સિટીનો હાઇટેક પ્રયાસ : કોલેજોમાં ચાલતી પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ કરશે

**સીસીટીવી ન હશે તો આચાર્યની જવાબદારી અને કોલેજ સામે પગલાં લેવાશે**

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પરીક્ષાને લઈને હલચલ જોવા મળી રહી છે. ત્યારે હવે યુનિવર્સિટીના હોદ્દેદારોએ કોરોનાના કપરા કાળમાં કોલેજોમાં ચાલતી પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ થઈ શકે એ માટે હાઈટેક પ્રયાસ કર્યો છે. જેમાં હવે કોલેજોમાં ચાલતી પરીક્ષાની ગતિવિધિનું યુનિવર્સિટીના કંટ્રોલ રૂમમાં નિરીક્ષણ કરવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ માટે યુનિવર્સિટીએ તમામ કોલેજોને ફરજિયાત સીસીટીવી લગાડવાનો આદેશ પણ કરી દીધો છે અને કાનૂની પ્રક્રિયા દરમિયાન કોઈ પણ શંકા જણાય તો છેલ્લા એક માસનું રેકોર્ડિંગ રજૂ કરવાની સૂચના પણ આપી દીધી છે.

યુનિવર્સિટીમાં ડો. કે.એન.ચાવડાએ નવા કુલપતિ તરીકે કાર્યભાળ સંભાળ્યા બાદ તેમને પરીક્ષાનું લાઈવ મોનિટરિંગ કરવા માટેની કવાયત શરૂ કરી દીધી છે. પ્રથમ અઠવાડિયામાં જ તેમને કોલેજોને સીસીટીવી કેમેરા લગાડવાની સૂચના આપી હતી. ત્યારબાદ હવે સત્તાવાર પરિપત્ર પણ જાહેર કર્યો છે. પરિપત્રમાં જણાવ્યા મુજબ, કોલેજોમાં સીસીટીવી કેમેરા રાખવા ફરજિયાત છે. સીસીટીવી કેમેરાનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે લાઈવ મોનિટરિંગ સુપેરે થઈ શકે તે માટે કોલેજોમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના સીસીટીવી કેમેરાને જે ડીવીઆર સાથે જોડેલા છે તે ડીવીઆરને ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપી પરીક્ષાના સમય દરમિયાન સીસીટીવી ચાલુ રહે એ અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યની રહે છે.

સીસીટીવી કેમેરા સિસ્ટમ માટે જોઈતા આઈપી, પાસવર્ડ, યૂઝર નેમ, પોર્ટ પરીક્ષા કેન્દ્રમાં સત્રાંત પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને મળી રહે એવી વ્યવસ્થા કરવાની રહેશે. જો આ વિગતો આપવામાં નહીં આવે અને તેના કારણે પરીક્ષાના સમય દરમિયાન ઈન્ટરનેટ કનેક્ટિવિટી નહીં મળે તો કોલેજના જોડાણ અંગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આગામી પરીક્ષા માટે સીસીટીવી કેમેરા ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. કાયમી ધોરણે વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ કાનૂની પ્રક્રિયા દરમિયાન રેકોર્ડિંગ માંગવામાં આવે ત્યારે છેલ્લા એક માસ સુધીનું વીડિયો રેકોર્ડિંગ રજૂ કરવાનું રહેશે.

સાભાર: ગુજરાત સમાચાર તા. ૧૬–૫–૨૦૨૧

# નર્મદ યુનિ.ના કર્મીનું આકસ્મિક મૃત્યુ થાય તો વારસોને રૂ. ૨.૫૦ લાખ સહાય

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

નર્મદ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૭૦૦ થી વધુ કર્મચારીઓ માટે નાણા સમિતિની બેઠકમાં મહત્વનો નિર્ણય લઈને આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામે તો યુનિવર્સિટી દ્વારા વારસદારોને ૨.૫૦ લાખ આર્થિક સહાય ચૂકવવામાં આવશે.

## કર્મચારીઓ માટે વીમા પોલીસી અને મેડિક્લેઈમ માટે ટેન્ડર બહાર પડાશે- ૭૦૦થી વધુ કર્મચારીઓને રાહત

હાલના કોરોનાની સ્થિતિમાં નર્મદ યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓ માટે બજેટમાં રૂપિયા ફાળવવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી એક પણ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો નથી. આ સાથે જ હાલની સ્થિતિ જોતા યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ કાયમી અને હંગામી માટે વીમા પોલીસી ઉતારવવાની સિન્ડીકેટ સભ્ય ભાવેશ રબારીએ માંગ કરાઇ હતી. જેના પગલે નાણા સમિતિની મળેલી બેઠકમાં કોરોનાની મહામારીના વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામનારા યુનિવર્સિટીના તમામ કાયમી અને કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓના વારસદારોને ૨.૫૦ લાખ ની આર્થિક સહાય ચૂકવવાનો નિર્ણય કરાયો હતો. સાથે જ યુનિવર્સિટીના તમામ કરાર આધારિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની વીમા પોલીસી, મેડિકલેઇમ માટે ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરાયુ હતુ. હાલ ૭૦૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

# VNSGU collects over ₹4L for kin of peon who died of nCov

Yagnesh.Mehta
@timesgroup.com

Gaurang Joshi



Shibha Pradhan

**Surat:** Life, for the children of Shiba Pradhan, a migrant worker from Odisha who served as a peon in the department of human resource development (DHRD) in Veer Narmad South Gujarat University (VNSGU), will be difficult but won't stop after their father lost the battle to Covid-19 in April. A grateful department has ensured that Pradhan's children will be able to continue with their studies.

In a move to honour Pradhan's dedicated service of around two decades at the varsity, students, faculties and alumni of the department collected Rs 4.2 lakh fund in the past two months. They created a Shiba Welfare Fund and opened a bank account, in which people were appealed to donate. Faculties and students launched an online campaign to create awareness about the fund.

"He is remembered by all the present and past students of our department. We lost an important colleague who was part of all the major developments in the department. Existing students and PhD students from the country and abroad have contributed to the fund," said Dr Kiran Pandya, head of DHRD.

After battling Covid for more than a week in the hospital, Pradhan died at the New Civil Hospital. He initially worked at the Department of Economics and later joined DHRD.

Pradhan is survived by his wife and two children. "I don't know what we will do now. But with this financial support, my elder sister and I will be able to study further," said Samir, son of Pradhan.

"We lost the earning member of our family. I will take the family back to our native village in Odisha. Hopefully the financial aid will be helpful for the children's studies," said Suresh, elder brother of Pradhan. "Shibabhai was a very kind person. Since his appointment was on a temporary basis the family did not have any support due to his sudden departure. But the aid will help the children," said Naresh Solanki, a peon in DHRD.

સાભાર: રજસ્થાન પત્રિકા તા. ૨૫–૫–૨૦૨૧

## हाइटेक होगी यूनिवर्सिटी, कोरोना महामारी के बीच वीएनएसजीयू की पहल

# अब विद्यार्थियों को दिए जाएंगे डिजिटल आइडेंटिफिकेशन कार्ड

**विवि से संबद्ध 300 महाविद्यालयों के तीन लाख से अधिक विद्यार्थी डिजिटल आई कार्ड से दर्ज कराएंगे उपस्थिति**

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

सूरत. कोरोना महामारी के कारण वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय पढ़ाई, परीक्षा, परिणाम के साथ अन्य कई समस्याओं से जूझ रहा है। इस बीच वीएनएसजीयू प्रशासन ने हाइटेक बनने की कवायद शुरू की है। विश्वविद्यालय के विद्यार्थियों को डिजिटल आइडेंटिफिकेशन कार्ड देने की तैयारी है। इस पर 27 मई को प्रस्तावित सिंडीकेट की बैठक में चर्चा के बाद निर्णय किया जाएगा।

विश्वविद्यालय में 27 मई को सिंडीकेट की बैठक होने वाली है। इस बैठक में विवि को हाइटेक बनाने के उद्देश्य से दो प्रस्ताव सिंडीकेट सदस्यों के समक्ष प्रस्तुत किए जाने वाले हैं। सिंडीकेट सदस्य डॉ. कश्यप खरचिया ने सिंडीकेट सदस्यों के साथ अन्य कई महत्वपूर्ण पदाधिकारियों को लैपटॉप देने की मांग की है। इससे सिंडीकेट जैसी कई महत्वपूर्ण बैठक ऑनलाइन हो सकें। ऑनलाइन ही सभी सदस्य महत्वपूर्ण मामलों पर चर्चा कर फैसले ले सकें। दूसरा प्रस्ताव विश्वविद्यालय संबद्ध महाविद्यालयों के विद्यार्थियों को डिजिटल आईडेंटिफिकेशन कार्ड देने का है। डिजिटल आई कार्ड मिल जाने से विद्यार्थियों को गले में आई कार्ड लटकाने की झंझट से मुक्ति मिलेगी। साथ ही महाविद्यालय, कक्षा, पुस्तकालय, लेबोरेटरी या अन्य कई बडे समारोह में डिजिटल आई कार्ड से ही विद्यार्थियों की उपस्थिति दर्ज की जाएगी। यह कार्ड मात्र विद्यार्थियों को ही नहीं बल्कि अन्य अधिकारियों और कर्मचारियों को भी दिए जाने की योजना है।

### पिछले कई सालों से हो रहे प्रयास

विवि के विद्यार्थियों को डिजिटल कार्ड प्रदान करने का प्रयास पिछले 12 सालों से किया जा रहा है। इस बीच तीन कुलपति बदल गए। अभी तक इस पर किसी तरह का फैसला नहीं लिया गया है। कोरोना काल में जब सबकुछ डिजिटलाइज होता जा रहा है, डिजिटल कार्ड जरूरत बनता जा रहा है।

સાભાર: ધબકાર તા. ૨૫–૫–૨૦૨૧

# નર્મદ યુનિવર્સિટી કેમ્પસ ખાતે કોમર્સ વિભાગ બનશે

## ૫૦ વર્ષ જૂના વહીવટી ભવનને ઉતારી લઈ, નવા ભવનના નિર્માણ સંદર્ભે ફાઈનાન્સ કમિટીમાં ચર્ચા થઈ

ધબકાર પ્રતિનિધિ
સુરત, તા.૨૪

નર્મદ યુનિવર્સિટીની આજરોજ ફાઈનાન્સ કમિટીની બેઠક યોજાઇ હતી. જેમાં યુનિવર્સિટી કેમ્પસમાં કોમર્સ વિભાગ બનાવવામાં આવશે. એ સંદર્ભે પ્રપોઝલ તૈયાર કરવા સુચના આપવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આજરોજ ફાઈનાન્સ કમિટીની બેઠક યોજાઇ હતી. કુલપતિ ડૉ. કે. એન. ચાવડાની અધ્યક્ષતા મળેલી બેઠકમાં કમિટીના સભ્યો ડૉ. ભાવેશ રબારી અને જયરામ ગામીત હાજર રહ્યા હતા. બેઠકમાં યુનિવર્સિટી કેમ્પસમાં કોમર્સ વિભાગ બનાવ સંદર્ભે ચર્ચા થઈ હતી. કમિટીએ સિવિલ ડિપાર્ટમેન્ટના એન્જિનિયર કિરીટ સુરતીને કોમર્સ વિભાગ કઈ જગ્યાએ ઊભું કરવું, વિભાગમાં કઈ સુવિધા રહેશે અને કઇ ગ્રાન્ટમાંથી તૈયાર કરવું સહિતના મુદ્દે પ્રપોઝલ તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી.

વધુમાં ફાયનાન્સ કમિટીની બેઠકમાં યુનિવર્સિટી કેમ્પસના રસ્તા સુધારવાના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી અને -પોઝલ તૈયાર કરવા જણાવવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનાં ૫૦ વર્ષ જૂના વહીવટી ભવનને ઉતારી લઈ, નવું ભવન બનાવવા સંદર્ભે પણ ચર્ચા થઈ હતી.

સાભાર: દિવ્યભાસ્કર તા. ૨૫–૫–૨૦૨૧

## VNSGU હેલ્પલાઈન જાહેર કરશે, ફાઈનાન્સની મીટિંગમાં નિર્ણય

# વિદ્યાર્થીઓ એક જ નંબરથી કોઈપણ વિભાગના હેડ સાથે વાત કરી શકશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

સોમવારે યુનિવર્સિટીની ફાઈનાન્સ કમિટીની મીટિંગ મળી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઇન નંબર જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ એક જ હેલ્પલાઇન નંબરથી વિદ્યાર્થીઓ કોઈપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકશે.

યુનિવર્સિટીમાં સોમવારે મળેલી ફાઈનાન્સ કમિટીની મીટિંગમાં હેલ્પલાઈન નંબર માટે પ્રપોઝલ મૂકાઈ હતી. પ્રપોઝલ પ્રમાણે યુનિવર્સિટીએ એક એવો હેલ્પલાઈન નંબર જાહેર કરવો જોઈએ જેનાથી વાલી કે વિદ્યાર્થી માત્ર એક જ નંબર ડાયલ કરી યુનિવર્સિટીના કોઈપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકે. દા.ત. હેલ્પલાઈન નંબર ડાયલ કરતા સૂચના મળશે કે, એડમિશન અને એજ્યુકેશનને લગતી માહિતી માટે એક દબાવો. નંબર દબાવતા કોલ સીધો એકેડેમિક ડિપાર્ટમેન્ટના હેડને પહોંચશે. આ પગલાંથી વિદ્યાર્થીઓની મુશ્કેલી ઘટશે. યુનિવર્સિટી હેલ્પલાઇન નંબર પર થતી વાતોનું રેકોર્ડિંગ પણ રાખશે. આ હેલ્પલાઇન નંબર માટે કોઈ ચાર્જ પણ લાગશે નહીં.

### મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે

સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ સહિતની મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે. જે બાબત 27 મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે. લેપટોપ મળ્યા બાદ સભ્યોને મીટિંગના એજેન્ડા સહિતની બાબતો પીડીએફમાં મળતા યુનિવર્સિટી પેપરલેસ બનશે.

### ITCની સાથે સ્માર્ટ બોર્ડ મુકાશે

યુનિવર્સિટી ક્લાસમાં ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી સિસ્ટમની સાથે સ્માર્ટ બોર્ડ મુકશે. જેથી વિદ્યાર્થીઓ ઘરે બેસીને સ્માર્ટ ફોન, ટેબલેટ, લેપટોપ સહિતના ગેજેટથી ભણી શકશે. જે મામલે પ્રપોઝલ તૈયાર કરવામાં આવી રહી છે.

### 3.5 લાખ ડિજિટલ ID અપાશે

VNSGUના યુજી-પીજીના 3.5 લાખ વિદ્યાર્થીઓને ડિજિટલ આઈકાર્ડ અપાશે. જેથી વિદ્યાર્થીઓ જે પણ સર્વિસનો ઉપયોગ કરશે તેની હાજરી જાતે જ પુરાઈ જશે. જે બાબત 27મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે.

સાભારઃ દિવ્યભાસ્કર તા. ૨૫–૫–૨૦૨૧

## VNSGU હેલ્પલાઈન જાહેર કરશે, ફાઈનાન્સની મીટિંગમાં નિર્ણય

# વિદ્યાર્થીઓ એક જ નંબરથી કોઈપણ વિભાગના હેડ સાથે વાત કરી શકશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

સોમવારે યુનિવર્સિટીની ફાઈનાન્સ કમિટીની મીટિંગ મળી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઇન નંબર જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ એક જ હેલ્પલાઇન નંબરથી વિદ્યાર્થીઓ કોઈપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકશે.

યુનિવર્સિટીમાં સોમવારે મળેલી ફાઈનાન્સ કમિટીની મીટિંગમાં હેલ્પલાઇન નંબર માટે પ્રપોઝલ મૂકાઈ હતી. પ્રપોઝલ પ્રમાણે યુનિવર્સિટીએ એક એવો હેલ્પલાઇન નંબર જાહેર કરવો જોઈએ જેનાથી વાલી કે વિદ્યાર્થી માત્ર એક જ નંબર ડાયલ કરી યુનિવર્સિટીના કોઈપણ ડિપાર્ટમેન્ટના હેડ સાથે વાત કરી શકે. દા.ત. હેલ્પલાઇન નંબર ડાયલ કરતા સૂચના મળશે કે, એડમિશન અને એજ્યુકેશનને લગતી માહિતી માટે એક દબાવો. નંબર દબાવતા કોલ સીધો એકેડેમિક ડિપાર્ટમેન્ટના હેડને પહોંચશે. આ પગલાંથી વિદ્યાર્થીઓની મુશ્કેલી ઘટશે.યુનિવર્સિટી હેલ્પલાઇન નંબર પર થતી વાતોનું રેકોર્ડિંગ પણ રાખશે. આ હેલ્પલાઇન નંબર માટે કોઈ ચાર્જ પણ લાગશે નહીં.

### મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે

સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ સહિતની મીટિંગના સભ્યોને લેપટોપ અપાશે. જે બાબત 27 મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે. લેપટોપ મળ્યા બાદ સભ્યોને મીટિંગના એજેન્ડા સહિતની બાબતો પીડીએફમાં મળતા યુનિવર્સિટી પેપરલેસ બનશે.

### ITCની સાથે સ્માર્ટ બોર્ડ મુકાશે

યુનિવર્સિટી ક્લાસમાં ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી સિસ્ટમની સાથે સ્માર્ટ બોર્ડ મુકશે. જેથી વિદ્યાર્થીઓ ઘરે બેસીને સ્માર્ટ ફોન, ટેબલેટ, લેપટોપ સહિતના ગેજેટથી ભણી શકશે. જે મામલે પ્રપોઝલ તૈયાર કરવામાં આવી રહી છે.

### 3.5 લાખ ડિજિટલ ID અપાશે

VNSGUના યુજી-પીજીના 3.5 લાખ વિદ્યાર્થીઓને ડિજિટલ આઈકાર્ડ અપાશે. જેથી વિદ્યાર્થીઓ જે પણ સર્વિસનો ઉપયોગ કરશે તેની હાજરી જાતે જ પુરાઈ જશે. જે બાબત 27મેની સિન્ડિકેટમાં મૂકાઈ છે.

---

સાભારઃ સંદેશ તા. ૭–૫–૨૦૨૧

## પડકારો-પ્રશ્નો સામે ઝઝૂમતી વીર નર્મદ યુનિવર્સિટીમાં વહીવટી સ્થિરતા માટે કુલપતિની હૈયાધરપત

# 'યુનિ.ના સર્વાંગી વિકાસનો રોડમેપ તૈયાર થશે'

## ઓનલાઈન પરીક્ષાની તૈયારી માટે ડેટાબેઝ અને શાળામાં પ્રવેશફોર્મ ભરાય એવા પ્રયાસ થશે : ડો. ચાવડા




| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુપ્તાકાળની અંધાધૂંધી બાદ હવે કોરોનાને લઈને પ્રવેશ, પરીક્ષા સહિતના મુદ્દે નવા પડકારોનો સામનો કરવાની નોબત આવી છે. દરમિયાન વિવિધ પ્રશ્નો સાથે ઝઝૂમી રહેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. ચાવડા સાથે થયેલી ખાસ વાતચીતમાં તેમને યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થી, કોલેજો અને શ્રેષ્ઠીઓ સાથે સંવાદનો સેતુ બંધાશે એવી હૈયાધરપત આપી હતી. તે સાથે જ વિવિધ મૂંઝવણો પર ચર્ચા કરી હતી.



**પ્રશ્ન : પ્રવેશની પળોજણ કેવી રીતે દૂર થશે?**

ઉત્તર : નવા સત્રમાં પ્રવેશ મુદ્દે બે વિકલ્પ આપવાની વિચારણા છે. જેમાં ધો-૧૨ના પરિણામની રાહ જોયા વિના પહેલેથી જ નોંધણી પ્રક્રિયા શરૂ કરી દેવા પ્રયાસ થશે. ધો. ૧૦ના પરિણામને આધારે વિદ્યાર્થીઓ પ્રવેશ ફોર્મ ભરી શકશે. જ્યારે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પણ સ્નાતક અભ્યાસક્રમોની સેમેસ્ટર-૧થી ૫ની માર્કશીટને આધારે ફોર્મ ભરી શકાશે. જેથી કરીને જેવું પરિણામ જાહેર થાય ત્યારે માત્ર અંતિમ ગુણની એન્ટ્રી કરવાની સાથે જ ૭ દિવસમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી શકાશે. વળી, હમણાં સુધી માત્ર કોલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરાતા હતા. તેની જગ્યાએ હવે શાળાઓમાં પણ પ્રવેશ ફોર્મ ભરાઇ એવી ગોઠવણ કરાશે. તે માટે શાળા કક્ષાએ સામાન્ય ખર્ચ વસૂલી શકાશે.

**પ્રશ્ન. : પરીક્ષા અંગે શું તૈયારી થશે?**

ઉત્તર : કોરોનાની સ્થિતિ અને સરકારી તંત્રની માર્ગદર્શિકાને આધારે પરીક્ષા અંગે નિર્ણય લેવાશે. જોકે, આગોતરી તૈયારીના ભાગરૂપે ઓનલાઇન પરીક્ષા લઇ શકાય એ માટે તમામ સવલતો ઊભી કરાશે. જે શાળા અને કોલેજોમાં ન્યૂનતમ ૬૦ કોમ્પ્યુટર સાથેની લેબ હોય તેનો ડેટાબેઝ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.

**પ્રશ્ન. કર્મચારીની ઘટ મુદ્દે શું કરશો?**

ઉત્તર : હાલમાં કેટલીક કોલેજોમાં અમલી ૩ શિફ્ટના મોડલ પ્રમાણે કામ કરીશું. વિભાગીય વડાઓને સૂચના આપી દીધી છે. જેમાં યોગ્ય રેમ્યુનેશન સાથે વહીવટી અને શૈક્ષણિક કર્મચારીઓને સેવા લેવાની છૂટ આપવામાં આવશે. તેનો અમલ પણ શરૂ થઇ ગયો છે. સાથે જ ભરતી માટે જરૂરી પ્રયાસો કરીશું.

**પ્રશ્ન. સત્તામંડળની બેઠકો અંગે શું કરશો?**

ઉત્તર : એક મહિનામાં અનિયમિતતાની ગૂંચવણો દૂર કરી દઇશું. આ સિવાય બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન અને બોર્ડ ઓફ એકાઉન્ટના સભ્યોની પસંદગી જેવા મુદ્દાઓ હલ કરવામાં આવશે. ૨૧ મેએ વિવિધ બોર્ડની મુદ્દત પૂરી થવાની હોય નવા બોર્ડની રચના વખતે ખાસ ધ્યાન રાખીશું.

**પ્રશ્ન.બ્યૂટીફિકેશન અંગે શુ કરશો?**

ઉત્તર : યુનિવર્સિટીમાં વહીવટી પ્રણાલી સાથે બ્યૂટીફિકેશન પર ખાસ ભાર મુકાશે. પ્રથમ તબક્કામાં આખા પરિસરમાં ઠેરઠેર કૂંડા મૂકવાનું શરૂ કરી દીધું છે. રોજ કુલપતિ કેબીનમાં આવતા પહેલા યુનિવર્સિટીમાં રાઉન્ડ મારવાની સાથે જ વિવિધ બાબતોનું નિરીક્ષણ કરાશે.

**પ્રશ્ન. સામાજિક પ્રતિષ્ઠાના મુદ્દે શું કરશો?**

ઉત્તર : યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થી, કોલેજો, શ્રેષ્ઠીઓ, અધ્યાપકો, આચાર્યો સાથે સંવાદનો સેતુ બંધાશે. લોક સાહિત્ય જીવતુ રહે એ માટે વિવિધ સામાજિક સંસ્થાઓને યુનિવર્સિટી સાથે જોડીને રોજેરોજના ઓનલાઇન કાર્યક્રમો કરીશું, વધુ ને વધુ શ્રેષ્ઠીઓ યુનિવર્સિટી સાથે સંકળાય એવા પ્રયાસો થશે. આ સિવાય અધ્યાપકોના પ્રમોશન, રિસર્ચની ગુણવત્તામાં સુધારો થાય એ સંદર્ભે વિશેષ પ્રયાસો થશે.

સાભારઃ સંદેશ તા. ૮–૭–૨૦૨૧

### કોરોનાકાળમાં યુનિ.એ સામાજિક જવાબદારી બખૂબી અદા કરી

# વીર નર્મદ યુનિવર્સિટીની લેબોરેટરીમાં કોરોનાના ૧૦ હજાર સેમ્પલ ટેસ્ટ કરાયા

### પાલિકાના ૧૦૮૨૨, ખાનગી રીતે ૪૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું

। સુરત ।

કવિ વીર નર્મદના નામ સાથે જોડાયેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કોરોનાના કપરા કાળમાં પોતાની સામાજિક જવાબદારી બખૂબી રીતે અદા કરી રાજ્ય સ્તરે છવાઈ છે. કોરોનાકાળમાં છેલ્લા દોઢ મહિનામાં યુનિવર્સિટીમાં તૈયાર થયેલી હાઈટેક્ લેબોરેટરીમાં અધધધ ૧૦ હજાર કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે.

યુનિવર્સિટીમાં કુલપતિપદે ડો. કે.એન.ચાવડાની નિમણૂક સાથે જ પ્રથમ તબક્કામાં તેમને કોરોના સેમ્પલ ટેસ્ટિંગ લેબની શરૂઆત કરવાનું બીડું ઝડપ્યું હતું. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં અત્યાધુનિક લેબોરેટરી શરૂ કરવાના નિર્ધાર સાથે યુનિવર્સિટી સિન્ડિકેટમાં મંજૂરી આપી દેવાઈ હતી. અંદાજિત ૧૮ લાખના ખર્ચે અત્યાધુનિક સાધનોની ખરીદી પણ કરાઈ હતી. દરમિયાન સુરત મહાનગરપાલિકા દ્વારા મોકલવામાં આવતા કોરોના સેમ્પલ અને સાથે જ ખાનગી રાહે શહેરીજનોના કોરોના ટેસ્ટિંગની કામગીરી કરાઈ હતી. ૧૭ જૂનથી ૪ જુલાઈ સુધીમાં પાલિકા દ્વારા ૧૦૮૨૨ સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. જે પૈકી ૧૭ જૂન, ૨૬ જૂન અને ૨ જુલાઈના રોજના ૩ સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે ૧૦૮૧૯ સેમ્પલ નેગેટિવ આવ્યા હતા. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં ૨૪ મેથી ૭ જુલાઈ સુધીમાં ખાનગી રાહે ૪૪ શહેરીજનોએ કોરોના ટેસ્ટિંગ કરાવ્યું હતું. તે પૈકી ૧ જૂનના રોજ રોજનો એક રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

#### સુએઝ વોટરના કોરોના ટેસ્ટિંગનો પ્રોજેક્ટ પણ સોંપાયો

યુનિવર્સિટીમાં બાયોસાયન્સ વિભાગમાં કોરોનાની બીજી લહેર વચ્ચે કોરોના સેમ્પલ ટેસ્ટિંગ લેબોરેટરીની શરૂઆત કરાઇ હતી. જ્યારે સુરત શહેરમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવા માટેનો પ્રોજેક્ટ પણ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગને સોંપાયો છે. ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન અંતર્ગત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના અધ્યાપક પ્રવીણ દુધાગરાને સુરતના પ્રોજેક્ટ હેડ બનાવાયા છે. તેઓ સહયોગી રાજેશ પટેલ અને જીજ્ઞા દેસાઇ સાથે મળી સુરતના ૧૧ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી લીધેલા પાણીના સેમ્પલનું ટેસ્ટિંગ કરી રહ્યા છે.

સાભારઃ દિવ્યભાસ્કર તા. ૩–૭–૨૦૨૧

# નવી શિક્ષણ નીતિના અમલ માટે યુનિ.એ સૂચન મંગાવ્યા

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ ટાસ્કફોર્સ તૈયાર કરી છે. જેના અમલ માટે 18 ઓગસ્ટે સેનેટની મીટિંગ મળશે. બેઠક પહેલા યુનિવર્સિટીએ પરિપત્ર જાહેર કરી સિન્ડિકે, સેનેટ, એચઓડી, કો. ઓર્ડિનેટર અને પ્રિન્સિપાલો પાસે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની કઈ કઈ બાબતોનું સુધાર કરવો? તે મામલે સૂચન મંગાવ્યા છે. જે સૂચન 7 જૂલાઈ સુધીમાં આપવાના રહેશે. નવી શિક્ષણ નીતિમાં હાયર એજ્યુકેશન સિસ્ટમ, વોકેશનલ એજ્યુકેશન સહિતના 11 મુદ્દા છે. 33 સભ્યોની ટાસ્કફોર્સ અગામી દિવસોમાં કેન્દ્ર સરકારની મંજૂર કરાયેલી નવી શિક્ષણ નીતિનો અભ્યાસ કરશે અને તેનો રિપોર્ટ બનાવશે.

સાભારઃ દિવ્ય ભાસ્કર તા. ૯–૭–૨૦૨૧

# એજ્યુકેશન સિસ્ટમ પર વેબિનાર આયોજિત




સુરતઃ એનએસએસ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ ભારત વિકાસ પરિષદ સુરતના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી ખાતે 'રિડિફાઈનિંગ ધ એજ્યુકેશન સિસ્ટમ ઈન યુનિવર્સિટી' વિષય પર વેબિનાર યોજાયો હતો. આ પ્રસંગે બીવીપીના પ્રમુખ રૂપિન પચ્ચીગર, ડો.શિવ નારાયણ કાલિયા, કુલપતિ ડો.કે.એન.ચાવડા અને રજીસ્ટ્રાર જયદિપ ચૌધરીએ સંબોધન કર્યું હતું.

સાભારઃ ગુજરાત ગાર્ડિયન તા. ૩–૭–૨૦૨૧

# વીર નર્મદ યુનિ. માં પૂર્વ વિદ્યાર્થીઓનું પ્રથમ ઓનલાઈન સંમેલન યોજાયું

સુરત, તા.૨

અભ્યાસક્રમને રોજગારલક્ષી કઇ રીતે બનાવી શકાય તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્ય મેળવવા જરૂરી હોય યુનિવર્સિટીમાં પ્રથમ વખત ઓનલાઇન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

**સંમેલનમાં અભ્યાસક્રમને રોજગારલક્ષી કેવી રીતે બનાવી શકાય તે માટે પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્ય મેળવવામાં આવ્યા**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રથમ ઓનલાઈન સંમેલનને કુલપતિ ડૉ.કે.એન.ચાવડા, ડૉ.શ્રીધર નિમાવત અને ડૉ.પુષ્પલ દેસાઈ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વિદ્યાર્થીઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ઝૂમ, યુટ્યુબ અને વેબેક્સ જેવા માધ્યમોથી બહોળી સંખ્યામાં જોડાયા. હતા. હાલના અભ્યાસક્રમોમાં રોજગારી લક્ષી કેવા બદલાવો કરવા જોઈએ તે માટે પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્યો ખુબ જ અગત્યના હોવાના મત સાથે કુલપતિ કે.એન. ચાવડાએ વધુને વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સીટી અને વિદ્યાર્થીઓ સાથે લાઈવ સંપર્કમાં આવે અને તેમના નિયમિત ફીડબેક યુનિવર્સીટીને પહોચાડતા રહે તે વિષય પર ભાર મુક્યો હતો.

જયારે સંમેલનમાં ડૉ. શ્રીધર નિમાવતે પૂર્વ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે પૂર્વ વિદ્યાર્થીઓ યુનિવર્સીટી ખરા 'બ્રાંડ એમ્બેસેડર' છે. યુનિવર્સીટીના કેન્દ્રમાં હમેશા વિદ્યાર્થીઓ હોય છે જે યુનિવર્સીટીનું હૃદય છે. વિદ્યાર્થીઓના ઘડતરમાં યુનિવર્સીટીનું અમુલ્ય યોગદાન છે. યુનિવર્સીટીને નવી ઉચાઈએ લઇ જવામાં પૂર્વ વિદ્યાર્થીઓની ભાગીદારી ખુબ જ મહત્વની. પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્યો યુનિવર્સીટી માટે ખુબ જ કિમતી છે. આવનારી વિદ્યાર્થીઓની નવી પેઢીને ઉત્તમ શિક્ષણની અને રોજગારી તકો મળે તે માટે પૂર્વ વિદ્યાર્થીઓ આગળ આવે તે જરૂરી છે.

સાભાર : લોકતેજ તા. ૪–૭–૨૦૨૧

# नर्मद यूनिवर्सिटी द्वारा एप्लीएशन फीस में की गई 25 प्रतिशत की कटौती

**कोरोना के कारण माता-पिता गँवाने वाले छात्रों को मिलेगी ट्यूशन फीस में राहत**

लोकतेज संवाददाता

सूरत। सूरत स्थित वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी द्वारा कोरोना महामारी के इस कठिन समय में काफी सराहनीय कदम उठाया गया है। महामारी के बीच जहां आम लोग आर्थिक परेशानी से गुजर रही है, उस समय यूनिवर्सिटी द्वारा कुछ उत्तम कदम उठाए गए है। बता दे की 12वीं के रिजल्ट के साथ ही कॉलेज के प्रवेश की ऑनलाइन कार्यवाही शुरू हो चुकी है। ऐसे में यूनिवर्सिटी द्वारा प्रवेश के लिए एप्लिकेशन फीस में 25 प्रतिशत की छुट देने का निर्णय लिया गया है।

यूनिवर्सिटी द्वारा अब तक छात्रों से एप्लिकेशन फीस के तौर पर 200 रुपए लिए जाते थे। पर महामारी के चलते उसमें 25 प्रतिशत की कटौती की गई है। जिसके चलते अब छात्रों को मात्र 150 रुपए ही प्रति एप्लिकेशन देने पडेगे। बता दे की यूनिवर्सिटी द्वारा तय की गई यह फीस राज्य की सभी युनिवर्सिटियों में सब से कम है। फिलहाल अन्य सभी यूनिवर्सिटी तथा निजी यूनिवर्सिटियाँ 300 से लेकर 2000 तक का चार्ज लिया जाता है। इसके अलावा यूनिवर्सिटी की सिंडीकेट की बैठक में एक और महत्व का नियम लिया गया था। जिसके अनुसार, वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी कॉलेज या यूनिवर्सिटी में पढ़ाई करने वाले किसी भी छात्र के माता-पिता की यदि कोरोना के कारण मौत हुई हो तो ऐसे छात्रों की ट्यूशन फीस माफ की जाएगी। बता दे की कॉलेज द्वारा मांगी जाने वाली फीस में 80 प्रतिशत जितनी फीस ट्यूशन फीस होती है, ऐसी स्थिति में यह निर्णय कोरोना का भोग बने हुये परिवार के छात्रों के लिए काफी बड़ी आर्थिक राहत साबित होगी।

સાભારઃ સંદેશ તા. ૪–૭–૨૦૨૧

# પપ વિદ્યાર્થીને પ્રવેશ સાથે ફી ઘટાડો યુનિવર્સિટીમાં એમએડ્‌નો ખાનગી અભ્યાસક્રમ ફરી શરૂ કરવા કવાયત

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરિસરમાં આવેલા એજ્યુકેશન વિભાગમાં હવે ફરીવાર એમએડ્‌નો ખાનગી અભ્યાસક્રમ શરૂ કરવાની કવાયત હાથ ધરાઇ છે. થોડા વર્ષો પહેલા ધરખમ ફી અને અન્ય કેટલાક પરિબળોને કારણે અભ્યાસક્રમ બંધ કરી દેવાયો હતો. જોકે, તેમાં ફેરફારો સાથે હવે નવા શૈક્ષણિક સત્રમાં ફરીવાર એમએડ્‌નો ખાનગી અભ્યાસક્રમ શરૂ કરવાની તૈયારીઓ કરાઇ છે. જેના ભાગરૂપે ૨૮ બીએડ્‌ કોલેજના વિદ્યાર્થીઓને માહિતી આપવા માટે રવિવારે ૧૧ વાગ્યે વેબીનાર યોજાશે.

યુનિવર્સિટી સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, યુનિવર્સિટી પરિસરમાં આવેલા એજ્યુકેશન વિભાગમાં એમએડ્‌ના ગ્રાન્ટેડ અને ખાનગી બન્ને અભ્યાસક્રમને એનસીટીઈની મંજૂરી અપાઈ છે. પરંતુ ૮૦ હજાર રૂપિયા વાર્ષિક ફી અને અન્ય પરિબળોને કારણે વિદ્યાર્થીસંખ્યા ન થતાં થોડા વર્ષો પહેલા ખાનગી અભ્યાસક્રમ બંધ કરી દેવાયો હતો. જોકે, હવે એનસીટીઈએ દેશભરમાં એમએડ્‌ અભ્યાસક્રમને મંજૂરી આપવાનું બંધ કરતા યુનિવર્સિટી પાસે સારી તક છે. જેને પગલે ફરીવાર કોર્સ શરૂ કરવાની તૈયારી સાથે રવિવારે વેબીનારનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ઈ ડબલ્યૂએસ ક્વોટા સાથે પપ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાશે. ફીમાં પણ ઘટાડો કરાશે અને સાથે જ ગ્રાન્ટેડ અભ્યાસક્રમ બપોરે ચાલતો હોય વિદ્યાર્થીઓની સરળતા ખાતર ખાનગી અભ્યાસક્રમ સવારની પાળીમાં ચલાવવા તૈયારી કરાઇ છે.

સાભારઃ સંદેશ તા. ૧–૭–૨૦૨૧

## યુનિવર્સિટી દ્વારા કોલેજોને પણ આગળ આવવા અનુરોધ કરાયો

# માનવતાપૂર્ણ નિર્ણય : કોરોનામાં વાલી ગુમાવનારા વિદ્યાર્થીની ટ્યૂશન ફી માફ

## નવા સત્રમાં પ્રવેશ ફોર્મ ફીમાં પણ ઘટાડો, સિન્ડિકેટ બેઠકમાં નિર્ણય

। સુરત ।

કોરોના મહામારી વચ્ચે માતા-પિતા ગુમાવનારા વિદ્યાર્થીઓ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ મોટો નિર્ણય લીધો છે. બુધવારે મળેલી સિન્ડિકેટ બેઠકમાં કોરોનામાં માતા-પિતા ગુમાવનારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી વિભાગોમાં ચાલતા અભ્યાસક્રમોમાં ટ્યૂશન ફી માફીનો નિર્ણય લેવાયો છે. તે સાથે જ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને પણ ખાસ કિસ્સામાં વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી માફીનો લાભ આપી સામાજિક જવાબદારી અદા કરવાનો અનુરોધ કરાયો છે.

યુનિવર્સિટી વિભાગો અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને વિશેષ કેસમાં ફી માફીનો લાભ આપવાની માંગ ઊઠી હતી. એવામાં યુનિવર્સિટી સિન્ડિકેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, યુનિવર્સિટી વિભાગોમાં ચાલતા તમામ અભ્યાસક્રમોમાં કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ટ્યૂશન ફી માફ કરીને પ્રવેશ અપાશે. જ્યારે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને પણ કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને સ્વેચ્છાએ ટ્યૂશન ફી માફ કરવા માટે ભલામણ કરાઇ છે. આ સાથે જ કોરોનાથી ઉદ્‌ભવેલી અસામાન્ય પરિસ્થિતિને કારણે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે યુનિવર્સિટીના પ્રથમ વર્ષમાં પ્રવેશ ફોર્મની ફી ઘટાડી ૧૫૦ રૂપિયા કરવામા આવશે. આમ, યુનિવર્સિટીએ વિદ્યાર્થીહિતમાં મોટો નિર્ણય લીધો છે.

**ટેલી મેડિસિન અને B.A. માસ કોમ્યુ. કોર્સ શરૂ થશે**

સિન્ડિકેટ બેઠકમાં મંજૂરી આપવાની સાથે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે જ ટેલી મેડિસિન સિસ્ટમ-સુવિધાની શરૂઆત કરવા, જરૂરી તમામ સાધન-સુવિધા ખરીદવા, કર્મચારીની નિમણૂકની કાર્યવાહી સાથે તજજ્ઞ ડોક્ટરોની પેનલની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો હતો. ઉપરાંત, યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનમાં ૨૦૨૧-૨૨ના સત્રથી જ બી.એ. માસ કોમ્યુનિકેશનનો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. વિવાદાસ્પદ વરિયાવ અને જી.એન.પંડ્યા કોલેજનું જોડાણ ભૂતકાળમાં રદ કર્યા બાદ હવે માત્ર કસૂરવાર કર્મચારી સામે પગલાં લેવાની તૈયારી સાથે જોડાણ અકબંધ રાખવાનું નિર્ધારિત કરાયું છે.

સાભારઃ ધબકાર તા. ૫–૭–૨૦૨૧




# દક્ષિણ ગુજરાતની અગ્રણી કોલેજોમાં તપોવન કેન્દ્ર અને ચિલ્ડ્રન યુનિ. ના સ્ટડી સેન્ટર શરૂ થશે

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા.૦૪

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડો. કે. એન. ચાવડાની ઉપસ્થિતિમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદભાઇ શાહ દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પોની પરીચય બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં શ્રી હર્ષદભાઇ શાહે વિશ્વની એક માત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રનો વિગતે પરીચય આપ્યો હતો. પ્રત્યેક બાળક તેજસ્વી બને તે ઉદ્દેશ્ય સાથે ગર્ભસ્થ શીશુ અને માતાને પ્રશિક્ષિત કરતાં તપોવન કેન્દ્ર તથા બાળકનાં સર્વાંગી વિકાસ માટે જરૂરી કૌશલ્યો કેળવતાં વિવિધ સર્ટીફિકેટ કોર્સની વિગતે વાત કરી હતી.

આ પ્રસંગે ડો. નરેશભાઇ શુકલ (ગુજરાતી વિભાગ), ડો. પ્રિતીબેન શુકલ (ગણિતશાસ્ત્ર વિભાગ), ડો. સંજયભાઇ ડુંગરાણી (સિન્ડીકેટ મેમ્બર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), સિંટી), ડો. કૃણાલ પંચાલ (અધ્યક્ષ, વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), ડો. હેમાંગીબેન મહેતા (એસો. પ્રો. તપોવન કેન્દ્ર), દિવ્યાબેન રાવલ (આચાર્યા, શિશુવાટિકા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), પૂર્વ મેયરશ્રી જગદિશભાઇ પટેલ (સુરત મહાનગર પાલિકા) ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રી ડો. કે.એન.ચાવડાએ જણાવ્યુ હતુ કે દક્ષિણ ગુજરાતની અગ્રણ્ય કોલેજોમાં તપોવન કેન્દ્ર અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટર શરૂ થશે. જે સાચા અર્થમાં તેજસ્વી ભારતના નિર્માણ માટેનું પાયાનું કામ બની રહેશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આ કેન્દ્ર શરૂ કરવા તથા તેની માહિતી મેળવવા માટે હેલ્પલાઇન નંબર - ૦૨૬૧ ૨૩૮૮૮૮૮ અથવા info@vnsgu.ac.in અથવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઇટ http://www.cugujarat.ac.in/ પર સંપર્ક કરી શકો છો. દક્ષિણ ગુજરાતની વધુમાં વધુ સંસ્થાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રકલ્પમાં જોડાય તેવું આહવાન કુલપતિશ્રી ડો.કે.એન. ચાવડા કર્યું હતું.

**નર્મદ યુનિવર્સિટીના કુલપતિ ડો. ચાવડાની જાહેરાત, યુનિ. ખાતે ચિલ્ડ્રન યુનિ. ની પરિચય બેઠક યોજાઇ**

સાભારઃ ગુજરાતમિત્ર તા. ૧–૭–૨૦૨૧

# કોરોનામાં માતા-પિતા ગુમાવનાર યુવાનોને યુનિ. કેમ્પસના તમામ કોર્સની ફીમાં માફી મળશે

**યુનિ.** દ્વારા આવા વિદ્યાર્થીઓને ફી માફી માટે ખાનગી કોલેજોને પણ માનવીય અભિગમ દાખવવા માટે વિનંતી કરાશે

સુરતઃ શહેરની વીર નર્મદ યુનિ. વિસ્તારમાં રહેતા અને કોરોનામાં માતા કે પિતા ગુમાવનારા યુવાનો માટે યુનિ.એ માનવીય અભિગમ દાખવી કેમ્પસના તમામ કોર્ષની ટ્યુશન ફીમાં માફી આપવા નિર્ણય કર્યો છે.

યુનિ.ખાતે આજે સિન્ડીકેટની સભા યોજાઈ હતી. આ સભામાં કેટલાંક કામો ઉપર નિર્ણય થયા છે. આ અંગે માહિતી આપતા સિન્ડિકેટ સભ્ય ડો.કશ્યપ ખરચીયાએ જણાવ્યું હતું કે, યુનિ.ના હેલ્થ સેન્ટરમાં ટેલીમેડિશન સેન્ટર ચાલુ કરાશે. તે માટે હેલ્થ સેન્ટરમાં જરૂરી વ્યવસ્થાઓ કરાશે. તેવી જ રીતે યુનિ.એ કોરોનામાં માતા કે પિતાનું છત્ર ગુમાવ્યું હોય તેવા યુવક યુવતિઓને ટ્યુશન ફીમાં માફી આપવા ઠરાવ કરાયો છે. યુનિ. કેમ્પસના જે જે કોર્ષ છે તે તમામ હાલ ટ્યુશન ફી સંપૂર્ણ માફ કરાશે. આ રકમ આશરે ટોટલ ફીના નેવું ટકા કરતા અધિક થાય છે. યુનિ.આ ઉપરાંત હવે ખાનગી કોલેજોને પણ ફી અંગે માફી આપવા વિનંતી કરશે. ખાનગી કોલેજો જો માની જશે તો યુનિ.ના આ પ્રયાસથી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે.




## વરિયાવ કોલેજના પ્રિ.મંદિરવાલાને પગાર આપવા યુનિ. મધ્યસ્થી કરશે

યુનિ.ના સિન્ડીકેટ સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે વરિયાવ કોલેજના મામલે યુનિ. મધ્યસ્થી કરશે. આ સંસ્થાએ લાંબો સમયથી પ્રિન્સીપાલનો પગાર રોકી રાખ્યો છે. જે સંચાલકોએ પૂરેપરો ચૂકવવો પડશે તે માટે યુનિ. કોલેજના સંચાલકોને પણ તેડાવશે. જો સંચાલકો નહિં માને તો યુનિ. પાસે જે ડીપોઝીટ પડી છે તેમાંથી પ્રિ. મંદિરવાલાને પગાર ચૂકવી દેવાશે.

## બીએ માસકોમ કોર્સ શરૂ કરવામાં આવશે

યુનિ.કેમ્પસના પ્રવિણકાંત રેશમવાલા ઇન્સ્ટિટ્યુટ ઓફ જર્નાલિઝમ તરફથી આગામી વર્ષથી યુનિ.માં બીએ માસકોમ કોર્ષ શરૂ કરવા માટે મંજૂરી માંગવામાં આવી છે. યુનિ.એ આ કોર્ષ ચાલુ કરવા ગ્રીન સિગ્નલ આપ્યું છે.

સાભારઃ લોકતેજ (હિન્દી) તા. ૧૫–૭–૨૦૨૧

# वीर नर्मद साउथ गुजरात यूनिवर्सिटी में जीनोम सिक्वेंसिंग टेस्ट को मंजूरी

## सूरत गांधीनगर के बाद दूसरा शहर होगा जहां जिनोम सीक्वेंसिंग होगा

**कोरोना वायरस के प्रकार और उसके म्यूटेशन का पूरी तरह से परीक्षण किया जाएगा**

लोकतेज संवाददाता

सूरत। गुजरात सरकार ने गुजरात जैव प्रौद्योगिकी अनुसंधान केंद्र (श्क्क्ष्ट) गांधीनगर के समन्वय से सूरत के वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के बायोटेक विभाग में जीनोम अनुक्रमण परीक्षण करने की मंजूरी दे दी है। यह जीनोम सीक्वेंसिंग प्रयोगशाला कोरोना वायरस के वेरिएंट और वे कितने घातक हैं, इसका परीक्षण करती है। जिसमें वायरस के प्रकार और उसमें किए गए बदलावों की पूरी तरह से जांच की जाती है।

विश्व स्वास्थ्य संगठन (डब्ल्यूएचओ) का दावा है कि कोरोना वायरस का डेल्टा संस्करण दुनिया भर में तेजी से फैल रहा है। विश्व स्वास्थ्य संगठन ने सभी देशों को चेतावनी दी है कि डेल्टा संस्करण 104 देशों तक पहुंच गया है और जल्द ही दुनिया पर हावी हो जाएगा।

गुजरात में अहमदाबाद के बाद सूरत शहर में कोरोना संक्रमण के सबसे ज्यादा मामले सामने आए। सूरत शहर में जीनोम सिक्वेन्सिंग टेस्ट होता है तो जीस टेस्ट का रिपोर्ट गांधीनगर से दो महीने में आता था वह महज 8 से 10 दिन में आ जाएगा। रिपोर्ट जल्द आने से उस दिशा में तेजी से काम किया जाएगा।

गांधीनगर में समग्र राज्य से परीक्षण के लिए ज्यादा सेम्पल आते है क्योंकि कोरोना संक्रमण बहुत व्यापक है। जीबीआरसी जीनोम अनुक्रमण के लिए नमूना परीक्षण से भरा हुआ है। ऐसे में अगर सूरत शहर में टेस्ट ऑपरेशन शुरू होता है तो गांधीनगर आने वाले टेस्टींग रिपोर्ट का बोझ कम होगा। अहमदाबाद के बाद सूरत में कोरोना संक्रमण के हालात बेहद भयावह हो जाते हैं। इस लिए सूरत में भी जीनोम अनुक्रमण प्रयोगशाला शुरू करने की मांग थी, लेकिन प्रयोगशाला के लिए उच्च सुरक्षा मानक का विशेष ध्यान रखना होता। उसके बाद ही परीक्षण के लिए स्वीकृती मिलने की उम्मीद होती है। तमाम मामलों की जांच के बाद सूरत के लिए बड़ी राहत की खबर है की वीर नर्मद दक्षिण गुजरात युनिवर्सिटी में जीनोम सिक्वेसिन्ग की अनुमति प्राप्त हुई है। वीएनएसजीयू के सूक्ष्म जीव विज्ञान विभाग के डॉ प्रवीण दुधागरा ने कहा, 卐हम हर सोमवार को सभी सीवेज पंपिंग केंद्रों से नमूने एकत्र करेंगे।卐 कोरोना वायरस की उपस्थिति के लिए नमूनों का परीक्षण किया जाएगा। अभी तक सूएज ट्रिटमेन्ट प्लान्ट से जितने सैंपल लिए गए हैं, उनमें डेल्टा वायरस नहीं मिला है जो हमारे लिए अच्छी खबर है।

सूरत नगर निगम के उप स्वास्थ्य आयुक्त आशीष नायक ने कहा कि एसएमसी के स्वास्थ्य विभाग ने ट्रिपल-टी रणनीति ( परीक्षण, अनुरेखण और उपचार) जारी रखा है। घर-घर जाकर नियमित रूप से स्वास्थ्य सर्वेक्षण किया जा रहा है। जीनोम लैब को अनुमति देने से बहुत से वास्तविक कार्य आसान हो जाएंगे। इसका सबसे बड़ा फायदा यह है कि लंबे समय से चली आ रही सैंपल की जांच के नतीजे जल्दी आएंगे।



સાભાર: દિવ્ય ભાસ્કર તા. ૧-૮-૨૦૨૧

## વર્ષ 2021-22થી એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ પર અમલ

# હવે વિદ્યાર્થી સરળતાથી પોતાના પસંદગીના વિષય ભણી શકશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ વર્ષ 2021-22થી એબીસી (એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ)નો અમલ કરશે. યુજીસીએ એબીસીનું નોટિફિકેશન જાહેર કર્યું હતું. એબીસી વિદ્યાર્થીઓની એકેડેમિક ક્રેડિટને સ્ટોર અને ટ્રાન્સફર કરવાની શૈક્ષણિક સેવાનું મિકેનિઝમ છે. વિદ્યાર્થીઓની ઈન્ટરડિસિપ્લિનરી કે પછી મલ્ટીડિસિપ્લિનરી એકેડેમિક મોબિલિટીને પ્રોત્સાહન આપવા એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ કેન્દ્ર સ્તરની એક સુવિધા છે. એબીસીથી વિદ્યાર્થીઓને એક જ સમયે એકથી વધારે કોલેજો કે યુનિવર્સિટીમાં પોતાની પસંદગીના વિષયો શિખવામાં મદદ મળશે. વિદ્યાર્થીઓ એકેડેમિક ક્રેડિટ એકાઉન્ટ દ્વારા વિષયો બદલી શકશે અથવા અભ્યાસ છોડવો કે પછી ફરી શરૂ કરવો હોય તો કરી શકશે.

એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ ઓનલાઈન સ્ટોર હાઉસ હશે. જેના માટે યુનિક આઈ.ડી.અપાશે. એબીસી વિદ્યાર્થીની શૈક્ષણિક ક્રેડિટનો રેકોર્ડ રાખશે. જેના આધારે, વિદ્યાર્થીઓને ડિગ્રી, ડિપ્લોમા કે પ્રમાણપત્ર મળશે. આમાં ક્લાસવર્ક અને ટ્યુટોરિયલ્સના આધારે તૈયાર શૈક્ષણિક ક્રેડિટ સંગ્રહિત કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાની મનપસંદ ડિગ્રી બનાવી શકશે. તે એક વર્ષમાં એક સંસ્થામાં અભ્યાસક્રમ ભણવાનું પસંદ કરી શકે છે અને આવતા વર્ષે બીજી સંસ્થામાં જઈ શકે છે.

### હવે એક સાથે બે ડિગ્રી કોર્સ પણ કરી શકાશે

વીએનએસજીયુના વિદ્યાર્થીઓ હવે એક સાથે બે ડિગ્રી કોર્સ કરી શકશે. યુનિવર્સિટીમાં શનિવારે એકેડેમિક કાઉન્સિલની બેઠક મળી હતી. જેમાં નિર્ણય કરાયો હતો કે એક સાથે બે ડિગ્રી અંતર્ગત વિદ્યાર્થી એક સાથે બે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો હાજરી સાથે ઈન્ટરનલ અને યુનિવર્સિટીની પરીક્ષા આપવી ફરજિયાત રહેશે. આ માટે કોઈ અલગ વ્યવસ્થા કરાશે નહીં. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રેગ્યુલર કે પછી એક્સર્ટનલના વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીમાં પણ પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. જોકે, આ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પાસેથી માઈગ્રેશન સર્ટિ નહીં, પરંતુ એનઓસી લેવાની રહેશે.

સાભાર: સંદેશ તા. ૧-૮-૨૦૨૧

## યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં મહત્ત્વનો નિર્ણય

# કોલેજોમાં વિદ્યાર્થી રેગ્યુલર-એક્સ્ટર્નલ કોર્સનો અભ્યાસ એક સાથે કરી શકશે

### વિદ્યાર્થી અન્ય યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પણ જોડાઈ શકશે

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર છે કે, હવે વિદ્યાર્થી એકસાથે રેગ્યુલર અને એક્સ્ટર્નલ એમ બન્ને કોર્સમાં અભ્યાસ કરી શકશે. આ સાથે જ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો વિદ્યાર્થી અન્ય યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પણ જોડાઈ શકશે. છેલ્લાં ઘણાં વર્ષોથી એક સાથે બે ડિગ્રીના અભ્યાસને લઈને વિદ્યાર્થીઓમાં અનેક ફરિયાદો સાંભળવા મળતી હતી. તે સામે શનિવારે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાતા વિદ્યાર્થી આલમમાં ચર્ચાનું મોજું ફળી વળ્યું છે.

શનિવારે એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે, જો વિદ્યાર્થી એક સાથે બે ડિગ્રી અંતર્ગત એક સાથે અભ્યાસક્રમમાં એનરોલમેન્ટ કરવા માંગતા હોય તો હાજરી, ઈન્ટર્નલ પરીક્ષા, યુનિવર્સિટીની પરીક્ષાઓ આપવી અનિવાર્ય રહેશે. આ માટે કોઈ અલગથી વૈકલ્પિક વ્યવસ્થા કરાશે નહીં. તેમાં વિદ્યાર્થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા રેગ્યુલર-એક્સ્ટર્નલ અભ્યાસક્રમ સાથે અન્ય યુનિવર્સિટીમાં ચાલતા એક્સ્ટર્નલ, ડિસ્ટન્સ એજ્યુકેશન અંતર્ગતના અભ્યાસક્રમોમાં જોડાઈ શકશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા રેગ્યુલર અભ્યાસક્રમ સાથે આ યુનિવર્સિટીમાં ચાલતા એક્સ્ટર્નલ, ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં જોડાઈ શકશે. જો વિદ્યાર્થી અન્ય યુનિવર્સિટીમાં જાય તો તે અંગે એનઓસી આપવા સર્ટિફિકેટ આપવાનું રહેશે. આમ, શનિવારે એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં મહત્ત્વના નિર્ણય બાદ તેના અમલ માટે સિન્ડિકેટને ભલામણ કરાઈ છે. સિન્ડિકેટમાં હવે આખરી નિર્ણય લેવાશે.

### ઓફલાઇન પરીક્ષા આપી ન શકનારાને વધુ એક તક

એકેડેમિક કાઉન્સિલમાં લેવાયેલા નિર્ણય મુજબ, ૨૯ જુલાઇથી શરૂ થયેલી રેગ્યુલર-એક્સ્ટર્નલ ઓફલાઇન પરીક્ષા કોઇક સંજોગોમાં ન આપી શકનારા વિદ્યાર્થીઓ માટે જે તે પરીક્ષાનો સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયેથી ૧૫ દિવસમાં વધુ એક તક આપવામાં આવશે. આવા તમામ વિદ્યાર્થીઓએ એક જ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે. વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન એમ ત્રણેય વિદ્યાશાખાનું પરીક્ષા માળખું તૈયાર કરાશે. સેમેસ્ટર-૧ અને ૫માં કોઇક કારણસર ઓનલાઇન પરીક્ષા ન આપી શકનારા વિદ્યાર્થીઓને જે તે પરીક્ષા પૂર્ણ થયેથી ૧૫ દિવસમાં વધુ એક તક આપવામાં આવશે. એકથી વધારે પેપર ન આપી શકનારા અને તેઓ તે પેપર પૂરક પરીક્ષામાં આપે છે એવા સંજોગોમાં વિદ્યાર્થીને બન્ને પરીક્ષાને ધ્યાનમાં રાખી ફક્ત એક જ માર્કશીટ અપાશે.

સાભાર: ગુજરાત સમાચાર તા. ૧-૮-૨૦૨૧

## નર્મદ યુનિવર્સિટીમાં ન્યુ એજયુકેશન પૉલીસીને મંજુરી

# કૉલેજ છોડી દીધા બાદ બે-ત્રણ વર્ષે ફરી ભણવાનું મન થાય તો પ્રવેશ મેળવી શકાશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

નર્મદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ન્યુ એજયુકેશન પોલીસી પર એકેડમીક કાઉન્સીલની આજની છેલ્લી બેઠકમાં મંજુરીની મહોર મારી હતી. આથી આગામી વર્ષછી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ ગમે ત્યારે પ્રવેશ મેળવશે અને ગમે ત્યારે છોડી શકશે. વિદ્યાર્થીઓની એક વચ્યુઅલ ક્રેડીટ બેન્ક પણ અમલમાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ એક સાથે બે ડિગ્રી પણ કરી શકશે. નર્મદ યુનિવર્સિટીની એકેડમીક કાઉન્સીલમાં ડીન અને અધર ધેન ડીન બિનહરીફ ચૂંટાઇ આવ્યા બાદ આવતીકાલ રવિવારને ૧ લી ઓગસ્ટ થી નવી બોડીની ટર્મ શરૂ થાય છે. ત્યારે આજે જુની કાઉન્સીલની મળેલી છેલ્લી બેઠકમાં ઘણા મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં પી.એચ.ડીના શિક્ષકોની માન્યતા આપવાની સાથે જ સિલેબસની મંજુરી આપી હતી. પરંતુ સૌથી મહત્વનો નિર્ણય ન્યુ એજયુકેશન પોલીસીને લઇને લેવાયો હતો. યુજીસીએ તો મંજુરીની મહોર મારી જ દીધી છે. પરંતુ નર્મદ યુનિવર્સિટીમાં હજુ સુધી અમલવારી બાકી છે. આથી આજે મળેલી એકેડમીક કાઉન્સીલની બેઠકમાં સર્વાનુંમતે મંજુરીની મહોર મરાઇ હતી. આગામી વર્ષથી વિદ્યાર્થીઓ માટે મલ્ટીપલ એન્ટ્રી અને એકઝીટ રહેશે. મતલબ કે ફસ્ટ યર કર્યા પછી કોઇ કારણસર ભણવાનું છોડી દેવુ પડે અને ફરી પાછા બે-ત્રણ વર્ષે ભણવાનુ મન થાય તો ભણી શકશે. વિદ્યાર્થીઓ હવે મરજીના માલિક રહેશે. એટલુ જ નહીં યુજીસીની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓની ક્રેડીટ બેન્ક બનશે. આ બેન્કમાં વિદ્યાર્થીની ક્રેડીટ જમા થશે.મતલબ કે વિદ્યાર્થીઓ જેટલુ ભણ્યા છે. તેની ક્રેડીટ જમા થશે. અને વિદ્યાર્થી ત્યારબાદ બીજી કોલેજમાં ભણવા જશે તો આ ક્રેડીટ ત્યાં ઉમેરાશે. આ ઉપરાંત સૌથી મહત્વની અમલવારી ડિગ્રીને લઇને કરાઇ છે. વિદ્યાર્થીઓ હવે એક સાથે બે ડિગ્રી મેળવી શકશે. આ માટે નર્મદ યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે. નર્મદ યુનિવર્સિટી દ્વારા પણ ઘણા સર્ટિફિકેટ કોર્સ શરૂ થઇ રહ્યા હોવાથી વિદ્યાર્થીઓ કોલેજમાં ભણતા ભણતા પણ આવા સર્ટિફિકેટ કોર્સ કરીને એક સાથે બે ડિગ્રી લઇ શકશે. આમ છેલ્લી બેઠકમાં ન્યુ એજયુકેશન પોલીસીને લઇને મહત્વની મંજુરી આપતા હવે સિન્ડીકેટમાં આ બાબત મુકાશે.

### યુજીસી ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓ જેટલું ભણ્યા હોય તેની ક્રેડિટની બેંક બનશે: હવે એકસાથે બે ડિગ્રી પણ મેળવી શકાશે

સાભાર: દિવ્ય ભાસ્કર તા. ૨-૮-૨૦૨૧

# યુનિવર્સિટી પણ 'આત્મનિર્ભર'ના પંથે BAમાં રોજગારલક્ષી કોર્સ સમાવાયા

**એજ્યુકેશન રિપોર્ટર. સુરત :** વિદ્યાર્થીઓને સરળતાથી રોજગારી મળી જાય કે પછી આત્મનિર્ભર બને તે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અમલમાં મૂકવાની સાથે બેચલર ઓફ આર્ટ્સના અભ્યાસક્રમમાં ફેરફાર કર્યો છે.

### 6 સેમ સુધી લીડરશીપ, રિસર્ચ મેથડોલોજી, ટેલી વગેરે ભણાવાશે

સૂત્રોએ કહ્યું કે બીએના એકથી છ સેમેસ્ટરમાં સ્કોટ સ્કિલના રોજગારલક્ષી વિષય મૂકાયા છે. જે અઠવાડિયામાં બે દિવસ ભણાવાશે. આ વિષયને બે ક્રેડિટ અપાઈ છે. સેમેસ્ટર એક અને બેમાં મ્યુઝિક-1 કે ઈન્ડિન કલ્ચર કે માસ કોમ્યુનિકેશન કે સ્ટડીઝ ઓફ વિવેકાનંદ કે બેઝિક કોમ્પ્યુટર એમ 5માંથી 1 વિષય પસંદ કરવાનો રહેશે. એન્વાયરમેન્ટ સ્ટડીઝની જગ્યાએ હુમન રાઈટ્સ એન્ડ ડ્યુટિઝ કે ફેમિલિ સ્ટડીઝ કે ઈમ્પેક્ટ ઓફ મોડર્નાઈઝેન ઓન લેંગ્વેજ એન્ડ લીટરેચર ઓફ ગુજરાતી કે ગુજરાતી લોકબોલી કે ફંડામેન્ટલ ઓફ કોન્સ્ટિટ્યૂશનમાંથી કોઈ એક પસંદ કરી શકાશે. સેમેસ્ટર 3 અને 4માં લેંગ્વેજ થ્રૂ લીટરેચરની જગ્યાએ સ્પોકન એન્ડ રિટન કોમ્યુનિકેશન કે હિન્દી-ગુજરાતીમાં ભાષા સાહિત્ય કૌશલ કે પ્રત્યાયન કૌશલ પસંદ કરી શકશે. સાથે મ્યુઝિક-2 કે લીડરશીપ કે જર્નાલિઝમ કે બેઝિક સ્ટેટેસ્ટિક કે વૂમન ઈમ્પાવર્મેન્ટમાંથી કોઈ એક પસંદ કરવાનો રહેશે. સેમેસ્ટર 5 અને 6માં લેંગ્વેજ થ્રૂ લીટરેચરની જગ્યાએ સ્પોકન એન્ડ રિટન કમ્યુનિકેશન કે હિન્દી અથવા ગુજરાતીમાં ભાષા સાહિત્ય કૌશલ કે પ્રત્યાયન કૌશલ વિષય પસંદ કરી શકશે. સાથે રિસર્ચ મેથડોલોજી કે બેઝિક કોમ્પ્યુટર કે હેલ્થ ન્યૂટ્રિશન કે ઈ-બેકિંગ કે આટ્ર્સ ઓફ કલ્ચર ઓફ ગુજરાતમાંથી કોઈ એક પસંદ કરવાનો રહેશે. ઉપરાંત ટેલી વીથ જીએસટી અને સીસીસીનો સર્ટિફિકેટ કોર્સ પણ કરી શકાશે.

साभार: दैनिक भास्कर ता. २२-७-२०२१

## वीर नर्मद यूनिवर्सिटी

# लाइब्रेरी फिर से खुली, रोज 16 घंटे के साथ छुट्टी के दिन भी पढ़ाई कर सकेंगे छात्र

**सूरत** | वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी की लाइब्रेरी फिर से शुरू हो गई है। छात्रों को सोशल डिस्टेंसिंग के मुताबिक बैठने की व्यवस्था की गई है। लाइब्रेरी सुबह 7:00 बजे से रात 10:00 बजे तक खुली रहेगी। रविवार और अन्य सरकारी छुट्टियों पर भी लाइब्रेरी चालू रहेगी। लाइब्रेरी में यूनिवर्सिटी कैंपस के छात्रों के अलावा कॉलेजों के छात्र भी आकर पढ़ाई कर सकते हैं। इसके लिए उन्हें यूनिवर्सिटी से प्रवेश कार्ड बनवाना पड़ेगा। उसी के आधार पर उन्हें प्रवेश मिलेगा। किताब की आधी कीमत जमा करके छात्र उसे पढ़ने के लिए घर भी ले जा सकते हैं।

સાભાર: દિવ્ય ભાસ્કર તા. ૧૩-૭-૨૦૨૧

## યુનિવર્સિટીમાં ગ્લોબલ ઈલેક્ટિવ કોર્સ દાખલ

# હવે વિદ્યાર્થી એક વિષય છોડીને બીજા કોર્ષનો વિષય લઈ શકશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

યુનિવર્સિટીમાં યુજી-પીજીના વિદ્યાર્થી પોતાનો એક વિષય છોડીને અન્ય કોર્સનો એક વિષય પસંદ કરી શકશે. યુનિવર્સિટીની સોમવારની એકેડેમિક કાઉન્સિલમાં 11 ફેકલ્ટીના અંડર અને પોસ્ટ ગ્રેજ્યુએટના વિવિધ કોર્સમાં ગ્લોબલ ઈલેક્ટિવ કોર્સ દાખલ કરવાનો નિર્ણય કરાયો છે. આ કોર્સ એટલે કે વિદ્યાર્થી પોતાનો એક વિષય છોડીને અન્ય કોર્સોનો એક વિષય પસંદ કરી શકશે. તે પછી વિદ્યાર્થીને તે વિષયનો અભ્યાસ અપાશે અને પરીક્ષા લઈને તે વિષયના નામ સાથે માર્ક્સ પણ રિઝલ્ટમાં લખાશે.

ઉદાહરણ તરીકે સમજીએ તો બી.કોમના કોઈ વિદ્યાર્થીને એન્વાયરમેન્ટ વિષયની જગ્યાએ બીએ કે પછી બીએસસી સહિતની ફેકલ્ટીમાં કોઈ પણ કોર્સનો કોઈ વિષય ભણવો હોય તો લઈ શકશે.

### અભ્યાસ મુજબ સર્ટિ કે પછી ડિગ્રી અપાશે

પહેલું વર્ષ પાસ કર્યું હોય તો રિઝલ્ટ સાથે સર્ટી, બીજું વર્ષ પાસ કર્યું હોય તે રિઝલ્ટ સાથે ડિપ્લોમા અને ત્રીજુ વર્ષ પાસ કર્યું તો રિઝલ્ટ સાથે ડિગ્રી અપાશે. પોસ્ટ ગ્રેજ્યુએટમાં પહેલું વર્ષ પાસ કર્યું હોય તો રિઝલ્ટ સાથે ડિપ્લોમાં અને બીજુ વર્ષ પાસ કર્યું હોય તો રિઝલ્ટ સાથે ડિગ્રી અપાશે. વિદ્યાર્થીને રિઝલ્ટની સાથે સર્ટિ કે પછી ડિગ્રી જોઈતી હોય તેણે ઓનલાઈન ફોર્મ ભરવું પડશે.

જોકે, આ વિષય પસંદ કરવા માટે યુનિવર્સિટી યાદી જાહેર કરશે. એકેડેમિક કાઉન્સિલના ડીન સૂત્રએ કહ્યું કે, 15 જુલાઈએ ફેકલ્ટીની બેઠક મળશે અને તેમાં ફેકલ્ટી મુજબ ગ્લોબલ ઈલેક્ટિવ કોર્સની યાદી બનશે. આ કોર્સ 30 કલાકનો હશે.

સાભારઃ ગુજરાત ગાર્ડિયન તા. ૧૧-૭-૨૦૨૧

# કોરોનાની સંભવત ત્રીજી લહેરનો આયુર્વેદિક દવાથી સામનો કરવા નર્મદ યુનિવર્સિટીમાં સંશોધન શરૂ કરાયું

સુરત, તા.૧૦

કોરોના વાયરસના બે લહેરના આક્રમણ બાદ હવે ત્રીજી લહેરમાં દર્દીઓને ભારે હાલાકીનો સામનો નહીં કરવો પડે, તેમજ આર્યુવેદીક દવાથી પણ ત્રીજી લહેરને કઇ રીતે કંટ્રોલમાં કરી શકાય તે માટેનું સંશોધનકાર્ય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

કોરોનાની બીજી લહેર પછી હાલ લોકો નિરાંત અનુભવી રહ્યા છીએ અને સ્થિતિ ફરી યથાવત થઇ છે ત્યારે આ પરિસ્થતિ વચ્ચે ભવિષ્યમાં આવનારી કોરોનાની ત્રીજી લહેરના ખતરાને ધ્યાનમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટ દ્વારા સાવચેતીના ભાગરૂપે આર્યુવેદીક દવાના ઉપયોગ બાબતનું સંશોધન કાર્ય શરૂ કર્યું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટના પ્રોફેસર વિભાગીય વડા ડો. એમ. એન. રેડ્ડી અને ડો. રાજેશ પટેલનાં માર્ગદર્શન હેઠળ કોરોનાના સરળ અને બિનહાનિકારક ઉપચાર માટે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.આ રિસર્ચ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ભારતમાં પ્રાચીન કાળથી ચાલતી આયુર્વેદિક પદ્ધતિનો ઉપયોગ કરીને કોરોનાનો ઉપચાર માટે વાપરવામાં સલામત હોય તેવી આયુર્વેદિક દવાઓ શોધવાનો છે.આ પ્રોજેક્ટ દરમિયાન સૌપ્રથમ અલગ અલગ વનસ્પતિઓના રાસાયણિક તત્વોનું સંશોધન કરીને કોમ્પ્યુટેશનલ અભ્યાસ દ્વારા કોરોના સામેની તેની સક્રિયતા ચકાસણી તેમજ સાયન્ટિફિક રીતે પૃથ્થકરણ કરીને તેનું નિષ્કર્ષ કરવામાં આવશે.

## બાયોસાયન્સના પ્રોફેસર ડો. એમ. એન. રેડ્ડીના માર્ગદર્શન હેઠળ સરળ અને બિનહારિકારક દવાઓનું સંશોધન કરાશે

નિષ્કર્ષ કરેલા રાસાયણિક તત્વોની સરખામણી કરતા અભ્યાસ દ્વારા સુરક્ષિત તત્વોનું અલગીકરણ તથા પરીક્ષણ કરીને જુદી જુદી વનસ્પતિમાંથી આયુર્વેદિક મિશ્રણ તૈયાર થશે. આ તૈયાર થયેલા એક કરતા વધુ વનસ્પતિના આયુર્વેદિક મિશ્રણની કોરોના સામે સક્રિયતા તથા મિશ્રણની પુષ્ટિ કરવા માટે ઈન વિટ્રો અભ્યાસ કરવામાં આવશે. આ રીતે તૈયાર થયેલું આયુર્વેદિક મિશ્રણ જયારે કોરોના ત્રીજી લહેર દરમ્યાન ખુબ જ ઝડપી ફેલાવાનું શરુ કરે ત્યારે એન્ટીવાયરલ દવાની માંગ ને પહોંચી વળવામાં મદદરૂપ સાબિત થઇ શકે છે. આમ આ સંશોધન કાર્યથી કોરોનાનો સરળ, બિનખર્ચાળ તેમજ બિનહાનિકારક ઈલાજ શોધી શકાશે.

આ અંગે વધુમાં ડો.એમ.એન.રેડ્ડીએ જણાવ્યું હતુ કે આ પ્રકારનું સંશોધનકાર્ય રાજયની અન્ય યુનિવર્સિટીઓ દ્વારા પણ શરૂ કરવામાં આવ્યું છે, જેથી કરીને દરેક રાજયની આબોહવા, વાતાવરણ સહિતની બાબતોનું પરિક્ષણ કરીને આર્યુવેદીક સારવારને શ્રેષ્ઠત્તમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

સાભારઃ ધબકાર તા. ૩૦-૭-૨૦૨૧

# નર્મદ યુનિવર્સિટી ખાતે કોરોના વાઈરસના વેરિયન્ટ જાણવાના પરીક્ષણો થશે

## બાયોસાયન્સ વિભાગ ખાતે ૫૫ લાખ રૂપિયાનું મશીન ખરીદવામાં આવ્યું

ધબકાર પ્રતિનિધિ સુરત, તા.૨૯

નર્મદ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગ દ્વારા કોરોના વાઇરસના જુદા જુદા પ્રકારો પણ શોધવામાં આવશે. ગુજરાત હવે સુરત ખાતે પણ કોરોના વાઇરસના જુદા જુદા વેરિયન્ટ (પ્રકારો) જાણવા માટે પરીક્ષણો થશે.

ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં અંદાજે ૨૦ પ્રકારના કોરોના વાઇરસ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરને મળી આવ્યા હોવાની વાત જાણવા મળી હતી. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કોરોના વાઇરસના જુદા જુદા પ્રકારોને શોધવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ૫૫,૦૦,૦૦૦ રૂપિયાના ખર્ચે ઇલુમિના સિક્વહિéલંગ મશીન ખરીદવામાં આવ્યું છે.

નર્મદ યુનિવર્સિટીની માઇક્રો બાયોલોજી લેબને આરસીએમઆરની મંજૂરી મળતા આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. દરમિયાન માઇક્રોબાયોલોજી લેબ કોરોના વાઇરસના જુદા જુદા પ્રકારો પણ શોધશે.

સાભાર ગુજરાતમિત્ર તા. ૩૧-૭-૨૦૨૧

# સુરતથી 1200 કિ.મી. દૂર લક્ષદ્વીપના કવરત્તી ટાપુ ઉપર નર્મદ યુનિ. નર્સિંગ કોલેજને જોડાણ આપશે

**લક્ષદ્વીપના ડિપાર્ટમેન્ટ** ઓફ હેલ્થ દ્વારા નર્સિંગ કોલેજને જોડાણ માટે નર્મદ યુનિ.ને અરજી કરવામાં આવી હતી

**યુનિયન ટેરેટરીના** આ પ્રદેશમાં હાલ હેલિકોપ્ટર સેવા બંધ હોવાથી જોડાણ માટે વર્ચ્યુઅલ એલઆઈસી મુકાશે



સુરતઃ શહેરની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ભારતની પહેલી એવી યુનિવર્સિટી બનશે જે યુનિયન ટેરટરીના અરબી સમુદ્રના લક્ષદ્રીપ ટાપુ ઉપર સુરતથીવિમાની માર્ગે 1200 કિલોમીટર દૂર રેગ્યુલર નર્સિંગ કોલેજનું જોડાણ આપશે.

વીર નર્મદ યુનિ.ખાતે આજરોજ મળેલી સિન્ડિકેટની બેઠકના એજન્ડા ઉપર એક ગૌરવ લેવા જેવી બાબત આવી હતી. સુરતથી બાયરોડ ગણીએ તો ફરી ફરીને 2283 કિલોમીટર દૂર અને બાય ફ્લાઇટ ગણીએ તો 1176 કિલોમીટર દૂરની સંસ્થાએ નર્મદ યુનિ.પાસે જોડાણ માંગ્યું છે. આ અંગે માહિતી આપતા યુનિ.ના યુવા સિન્ડિકેટ સભ્ય ડો.કશ્યપ ખરચિયાએ કહ્યું હતું કે યુનિયન ટેરેટરી ઓફ લક્ષદ્વીપ એડમિનિસ્ટ્રેશનના ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સર્વિસ તરફથી કવરત્તી ટાપુ ઉપર બી.એસસી. નર્સિંગ કોલેજના જોડાણ માટે અરજી કરવામાં આવી છે. જેને મંજૂર કરવામાં આવી છે. જોકે, આ જોડાણ અરજી સંદર્ભે ત્યાં રૂબરૂ લોકલ ઈન્કવાયરી કમિટી જઇ શકે તેમ નથી. વળી તેમના એડમિનિસ્ટ્રેશન તરફથી પણ કહેવાયું છે કે હાલ હેલિકોપ્ટર સેવા પણ બંધ છે. જેથી વર્ચ્યુઅલ લોકલ ઇન્કવાયરી કમિટીની બેઠક યોજાશે .યુનિ.એ આ અરજીનો સ્વીકાર કરી વર્ચ્યુઅલ લોકલ ઇન્કવાયરી કમિટી માટે પરવાનગી આપી છે. નજીકના દિવસમાં કુલપતિ આ કમિટી માટે તજજ્ઞોના નામો પણ આપશે.

સાભારઃ સંદેશ તા. ૧૫-૭-૨૦૨૧

## રાજ્ય-રાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરનારને સુરક્ષા કવચ

# યુનિવર્સિટીની નવતર પહેલ : 11582 રમતવીરોનો સામૂહિક વીમો ઉતરાવશે

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, વિભાગોમાં અભ્યાસ કરતા ૧૧૫૮૨ રમતવીરોને વીમાનું સુરક્ષા કવચ પૂરું પાડવાનો મહત્વનો નિર્ણય બોર્ડ ઓફ સ્પોર્ટ્સની બેઠકમાં લેવાયો છે.

## 3 જુદી જુદી કેટેગરીમાં વીમા કવચનો લાભ આપવા નિર્ણય

હમણાં સુધી રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઇને દક્ષિણ ગુજરાતિ યુનિવર્સિટીનું નામ રોશન કરનારા વિદ્યાર્થીઓને આ પ્રકારે વીમાનો કોઇ લાભ મળતો ન હોય યુનિવર્સિટીએ હવે ખેલાડીઓને સુરક્ષા પૂરી પાડવાની દિશામાં નવતર પહેલ કરી છે.

યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેનની નિમણૂક છેલ્લાં બે વર્ષથી ટલ્લે ચઢી હતી. દરમિયાન કુલપતિપદે ડો. કે.એન.ચાવડાની નિયુક્તિ બાદ દોઢ મહિનામાં જ ચેરમેનપદે નવયુગ કોમર્સ કોલેજના આચાર્ય ડો. વિનોદ પટેલની પસંદગી કરાઇ હતી. બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન નિમાયા બાદ મંગળવારે મળેલી બેઠકમાં રમતવીરોનો સામૂહિક વીમો લેવાનું નિર્ધારિત કરાયું હતું. બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્ય કિરણ ઘોઘારીએ જણાવ્યું હતું કે, હમણાં સુધી યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ ગણાતા રમતવીરોનો કોઇ વીમો લેવાતો ન હતો, પરંતુ હવે ત્રણ જુદી જુદી કેટેગરીમાં વીમા કવચનો લાભ આપવામાં આવશે. રમતવીરનું ટુર્નામેન્ટ દરમિયાન મૃત્યુ થાય, શારીરિક વિકલાંગતાનો ભોગ બને અને ઇજા થાય તો મેડિકલ ખર્ચનો લાભ મળે. આ ત્રણ કિસ્સામાં સામૂહિક વીમાનો લાભ મળશે.

સામૂહિક વીમાનું પ્રિમિયમ યુનિવર્સિટી ખુદ ભરશે. આગામી દોઢ અઠવાડિયામાં વિવિધ વીમા કંપનીઓ સાથે વાટાઘાટો કરીને આ મુદ્દે આખરી નિર્ણય લેવાશે.

સાભારઃ સંદેશ તા. ૨૮-૭-૨૦૨૧

## દ.ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયામાં આ વર્ષે મહત્ત્વનો ફેરફાર

# ધો.૧૨ સાયન્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ કોમર્સ કોલેજમાં પ્રવેશ મેળવી શકશે

## પાંચ ઝોનમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં પાંચ દિવસમાં ૮૭૧૩ અરજી

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં નવા સત્રમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઇ છે. દરમિયાન યુનિવર્સિટી પ્રશાસને ૨૦૨૧-૨૨ની પ્રવેશ પ્રક્રિયામાં અનેક મોટા ફેરફાર કર્યા છે. જે અંતર્ગત ધો-૧૨ સાયન્માં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ હવે કોમર્સ કોલેજોમાં પ્રવેશ મેળવી શકશે. યુનિવર્સિટીના આ નિર્ણયનો અમલ ૨૦૨૧-૨૨ના ચાલુ સત્રથી જ કરી દેવાયો છે. બીજીબાજુએ ૫ ઝોનમાં પ્રવેશ માટે શરૂ થયેલી પ્રવેશ પ્રક્રિયામાં પાંચ દિવસમાં ૮૭૧૩ અરજી કરવામાં આવી છે.

યુનિવર્સિટી પ્રશાસને ચાલુ સત્રમાં પ્રવેશ પ્રક્રિયા માટે બારડોલી, ભરૂચ, નવસારી, સુરત અને વલસાડ એમ પાંચ ઝોન બનાવ્યા છે. બીસીએ, બીકોમ અને બીએસસીમાં ઝોન આધારીત પ્રવેશ પ્રક્રિયા ચાલશે. તેમાં મંગળવાર સુધીમાં ૮૭૧૩ ફોર્મ ભરાયા છે. મળતી વિગતો મુજબ, બી.એ. માસ કોમ્પ્યુનિકેશનમાં ૯૧, બીબીએમાં ૪૩૮, બીકોમ એલએલબી ઓનર્સમાં ૩૭, બી.આર.એસ.માં ૧૦, બીએસસી કોમ્પ્યુટર સાયન્સમાં ૧૯૪, એમએસસી બાયોટેક્માં ૩૫, એમએસસીઆઇટીમાં ૧૧૮, પાંચેય ઝોનમાં બીસીએમાં ૮૨૩, બીકોમમાં ૧૨૯૦ અને બીએસસીમાં ૫૭૦૨ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. હાલમાં ધો-૧૨નું પરિણામ જાહેર થયું હોય તે જ વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવવાની છૂટ અપાઇ છે. એટલે કે ધો-૧૨ સાયન્સના અને ગત વર્ષે ધો-૧૨ પાસ કરનારા વિદ્યાર્થીઓ હાલમાં રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

યુનિવર્સિટી પ્રશાસને નવા સત્રથી કોલેજ ટ્રાન્સફરના નિયમો પણ હળવા કર્યા છે. કોલેજમાં પ્રથમ સત્ર બાદ વિદ્યાર્થીઓને ટ્રાન્સફરની છૂટછાટ અપાઇ છે ત્યારે હવે નવા સત્રમાં પ્રવેશ પ્રક્રિયાને લઇને પણ ધરખમ ફેરફારો કરાયા છે. પાંચ ઝોનમાં પ્રવેશ સાથે સાયન્સના વિદ્યાર્થીઓને કોમર્સ માટે લીલીઝંડી અપાઇ છે.

### સાયન્સના વિદ્યાર્થીએ કોમર્સ માટે બ્રિજ કોર્સ પાસ કરવો પડશે

યુનિવર્સિટીએ બીકોમમાં પ્રવેશ માટે જાહેર કરેલા લાયકાતોના ધોરણોમાં ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીએ કોમર્સ એટલે કે બીકોમમાં પ્રવેશ માટે બ્રીજ કોર્સ પાસ કરવો પડશે. જે વિદ્યાર્થીએ ધો-૧૨માં એકાઉન્ટ, કોમર્સ, આંકડાશાસ્ત્ર અથવા વાણિજ્ય ગણિત, અર્થશાસ્ત્ર, બેન્કીંગની પરીક્ષા પાસ કરી ન હોય એવા વિદ્યાર્થીઓએ એકાઉન્ટન્સી, કોમર્સનો બ્રિજ કોર્સ તેમજ આંકડાશાસ્ત્ર, વાણિજ્ય ગણિત, અર્થશાસ્ત્ર, બેન્કીંગમાંથી કોઇ પણ એક વિષયનો બ્રિજ કોર્સ પાસ કરવાનો રહેશે. આમ, ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીને બ્રિજ કોર્સના સહારે કોમર્સમાં પ્રવેશ મળશે.

વીએનએસજીયુના કન્વેન્શન હોલમાં જ્ઞાનવત્સલ સ્વામીએ સંબોધન કર્યુ

# 'શિક્ષણ એવું ડિવાઈન પ્રોફેશન છે, જે સરદાર પટેલ જેવી વ્યક્તિ પેદા કરે છે'

## યુનિવર્સિટી અને બીએપીએસ વચ્ચે આઈપીડીસી અભ્યાસક્રમ માટે ઓમઓયુ કરાયા

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને બીએપીએસ


જ્ઞાનવત્સલસ્વામી

સ્વામિનારાયણ સંસ્થા સાથે મળી ઈન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ શરૂ કર્યો છે. યુનિવર્સિટીના કન્વેન્શનલ હોલમાં યોજાયેલા આ કોર્સના લોન્ચિંગ કાર્યક્રમમાં જ્ઞાનવત્સલ સ્વામીએ સંબોધનમાં જણાવ્યું હતું કે,' શિક્ષકો ભવિષ્યના ઘડવૈયા છે, શિક્ષણ ડિવાઈન પ્રોફેશન છે, એક ડોક્ટર શિક્ષક તૈયાર કરી શકતો નથી, પરંતુ શિક્ષક સેંકડો ડોક્ટરો તૈયાર કરે છે, જેવો શિક્ષક તેવો જ સમાજ ,તેવો જ દેશ હશે, શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની છે, શિક્ષક એવો હોવો જોઈએ કે વિદ્યાર્થીને જુએ કે વાર્તાલાપ કરી ઓળખી લે, શિક્ષકનું કેલિબર એ નથી કે તેણે 10 હજાર કે પછી 20 હજાર વિદ્યાર્થીઓને ભણાવ્યા હોય, શિક્ષકનું કેલિબર તો એ છે કે ડો.એપીજે અબ્દુલ કમાલ, સરદાર વલ્લભભાઈ જેવા વ્યક્તિ તૈયાર કરે, વિદ્યાર્થીઓ પણ એવા છે જ કે જે ભણવાની રૂચી ધરાવે છે, જે સદગુણ કેળવવા ઈચ્છે છે, વિદ્યાર્થી પણ તકની રાહ જોતો હોય છે, તેને તક મળે કે તે ઉત્તમ કાર્ય દેખાડે છે. આજે સમાજમાં વેલ્યુબેઝ્ડ પ્રોફેશનલ અને વેલ્યુ બેઝ્ઢ હ્યુમનબિંગ થાય તે ખૂબ જ જરૂરી છે.

### 'આંતરિક મૂલ્યના સ્ટ્રક્ચર માટે IPDC છે'

જ્ઞાનવત્સલ સ્વામી આઈપીડીસી કોર્ષ બાબતે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું કે ,'કાર્બનથી બનેલા કોલસો, ગ્રેફાઈટ અને હીરો ત્રણ સગા ભાઈ, સગા કરતા પણ વધુ કહીએ તો ટ્રિપલેક્સ છે. ત્રણેયના મૂલ્યો અલગ છે. ત્રણેયમાં કાર્બનના કણની ગોઠવણી અલગ છે. તમે વિદ્યાર્થી છો. પોત- પોતાના ક્ષેત્રમાં શિક્ષા પ્રાપ્ત કરશો. આંતરિક મૂલ્યનું સ્ટ્રક્ચર જેવું ગોઠવાશે તેવું મૂલ્ય નક્કી થશે અને આંતરિક મૂલ્ય સ્ટ્રક્ચર ગોઠવવા માટે IPDC અભ્યાસ છે.


(તસવીર : ડિમ્પલ બંગડીવાલા)

# આઈ.પી.ડી.સી કોર્સ વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્ય સ્ટ્રક્ચર ગોઠવવા માટે છે : જ્ઞાનવત્સલ સ્વામી

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૧૫

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આજરોજ ઈન્ટરગ્રેટેડ પર્સનાલિટી ડેવલોપમેન્ટ સર્ટિફિકેટ કોર્સના ઉદ્ધાટન સમારંભમા વિખ્યાત મોટિવેશનલ સ્પીકર પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવત્સલ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને આઇ.પી.ડી.સી કોર્સ વિશે અલગ-અલગ ઉદાહરણો આપે માહિતગાર કર્યા હતા.

પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીએ આઇ.પી.ડી.સી સર્ટિફિકેટ કોર્ષ સંદર્ભે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું હતું કે કાર્બનથી બનેલા કોલસો, ગ્રેફાઇટ અને હીરો ત્રણ સગા ભાઇઓ, સગા કરતાં પણ વધુ કહીએ તો ટ્રિપલેક્સ છે. ત્રણેયના મૂલ્યો અલગ છે. કારણ ત્રણેયમાં કાર્બનના કણના સ્ટ્રકચરની ગોઠવણી અલગ છે. તમે બધા વિદ્યાર્થીઓ છો. બધા પોતપોતાના ક્ષેત્રમાં શિક્ષા પ્રાપ્ત કરશો, પરંતુ આંતરિક મૂલ્ય સ્ટ્રકચર જેવું ગોઠવાશે તેવું મૂલ્ય નક્કી થશે અને આંતરિક મૂલ્ય સ્ટ્રકચર ગોઠવવા માટે આઇ.પી.ડી.સી. અભ્યાસ છે.

અનુ. પાના ૭ પર

**જે વ્યક્તિના જીવનમાં મૂલ્યો નથી એવી વ્યક્તિ જીવનમાં સફળ તો થાય છે પણ એ સફળતા લાંબો સામે ટકતી નથી : જ્ઞાનવત્સલ સ્વામી**

# નર્મદ યુનિ.માં મૂલ્ય આધારિત પર્સનાલિટી ડેવલપમેન્ટ અભ્યાસક્રમ IPDCનો પ્રારંભ

સુરત, તા.૧૫

વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે પર્સનાલિટી ડેવલોપમેન્ટનો પણ અભ્યાસ કરી શકે તે માટે યુનિવર્સિટી દ્વારા ખાસ IPDCનાં અભ્યાસક્રમનો આરંભ કરાયો છે. આ પ્રસંગે હાજર રહેલા જ્ઞાન વત્સલ સ્વામીએ વિદ્યાર્થીઓને સફળતા ખાતર બાંધછોડ ન કરવાની ટકોર કરી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં IPDC (ઈન્ટીગ્રેટેડ પર્સનાલિટી ડેવલોપમેન્ટ કોર્ષ)નો કોર્સનો લોન્ચિંગ કરવાની સાથે BAPS



## જીવનમાં સફળ થવા માટે પોતાના આદર્શો અને મૂલ્ય સાથે બાંધછોડ કરવાની જરૂર નથી: જ્ઞાનવત્સલ સ્વામી

સાળંગપુરનાં વિજય સ્વામીએ આ સમગ્ર કોર્સ માહિતી આપતા જણાવ્યું હતુ કે આ કોર્ષ વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવવા સક્ષમ છે. આજના આ યંત્રવત જીવનમાં ઘણા લોકો એકલતા અનુભવે છે, ડિપ્રેશનનો શિકાર બને છે, સોશિયલ મીડિયાની લતના કારણે તેઓ પોતાના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત નથી કરી રહ્યા, જનરેશન ગેપ વધી રહ્યો છે, પારિવારિક ઝગડાઓ વધી રહ્યા છે અને કેટલાક વ્યસનોનાં આદિ બને છે ત્યારે આ કોર્સ

• અનુસંધાન પાના ૫ ઉપર

પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ માટે યુનિવર્સિટી-BAPS સંસ્થાનો એમઓયુ

# આજે સારા વ્યવસાયિકો કરતાં મૂલ્યનિષ્ઠ વ્યક્તિની વધારે જરૂર : જ્ઞાનવત્સલ સ્વામી

## બે સેમેસ્ટરના કોર્સમાં વિદ્યાર્થીને નૈતિક જીવનમૂલ્યોના પાઠ ભણાવાશે

| સુરત |

'આજે દેશ અને વિશ્વમાં સારા વ્યવસાયિકોની કોઈ કમી નથી. ડોક્ટર, સીએ, એન્જિનિયર, આર્કિટેક મોટી સંખ્યામાં છે. કોઈ પણ ક્ષેત્રમાં ૧૫ ટકા વ્યવસાયિકો જોબલેસ છે, પરંતુ આજે સમાજમાં મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓની વધારે જરૂર છે. વ્યક્તિગત, પારિવારિક અને જાહેર જીવનમાં ક્યાંક નવું-જુદું કરી શકે એવા વ્યક્તિની જરૂર છે.' આ શબ્દો છે બી.એ.પી. એસ. સંસ્થાના સંત અને જાણીતા મોટિવેશનલ સ્પીકર એવા જ્ઞાનવત્સલ સ્વામીના. બુધવારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઈન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ શરૂ કરવા માટે યુનિવર્સિટી અને બીએપીએસ સંસ્થાન વચ્ચે એમઓયુ થયા હતા. દરમિયાન મુખ્ય વક્તા તરીકે જ્ઞાનવત્સલ સ્વામી હાજર રહ્યા હતા.

બુધવારે સવારે ૧૧ કલાકે યુનિવર્સિટી કન્વેન્શનલ હોલમાં આયોજિત સમારોહમાં જ્ઞાનવત્સલ સ્વામી, અડાજણ બીએપીએસ મંદિરના કોઠારી સ્વામી, યુનિવર્સિટીના કુલપતિ ડો. કે.એન.ચાવડા, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર, આઈપીડીસી કોર્સના કો-ઓર્ડિનેટર ડો.ભાવેશ વનપર્યા, ડો. શ્રીધર નિમાવત, સિન્ડિકેટ-સેનેટ સભ્યો, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. બે સેમેસ્ટરના કોર્સમાં વિદ્યાર્થીઓને જીવનમૂલ્યના પાઠ ભણાવાશે. સમારોહમાં જ્ઞાનવત્સલ સ્વામીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં સ્નાતક અને અનુસ્નાતક થવું એ સામાન્ય થઈ ગયું છે, પરંતુ એક્સ્ટ્રા ઓર્ડિનરી ઓથ માટે મૂલ્યનિષ્ઠા જરૂરી છે. અનુભવ પછી જ્યારે ઊંચા પદ પર નિમણૂક કરવાની હશે ત્યારે ભણતર કે અનુભવ નહીં, પરંતુ મૂલ્યનિષ્ઠાને આધારે પસંદગીના માપદંડ નક્કી થશે.



### લોકડાઉનમાં 65 ટકા યુવાનોએ એકલતાનો અનુભવ કર્યો :સરવે

સમારોહમાં ડો. કે.એન.ચાવડાના ઉદ્‌બોધન બાદ જ્ઞાનસ્વામીએ વૈશ્વિક કક્ષાએ યુવાનો પર થયેલા વિવિધ સર્વેની વિગતો રજૂ કરી હતી. જ્ઞાનસ્વામીના જણાવ્યા મુજબ એક રિસર્ચ ફાઉન્ડેશનના સર્વે પ્રમાણે લોકડાઉન દરમિયાન ૬૫ ટકા યુવાનોએ એકલતાનો અનુભવ કર્યો હતો. જ્યારે ૪૭ ટકા યુવાનો નોકરી મેળવવા માટે સારો એટિટ્યૂડ ધરાવતા ન હોવાનું પણ બહાર આવ્યું હતું.

ગુજરાતમિત્ર તા. ૨૫–૩–૨૦૨૨

# 25 વરસ બાદ નર્મદ યુનિ. દ્વારા શૈક્ષણિક સત્ર પહેલાં કોલેજોની જોડાણની પ્રક્રિયા પૂરી !

**યુનિ.એ 540 કમિટીની રચના કરી 155 પૈકી 140 કોલેજનું જોડાણ નિયત કરી દેવાયું**

### ભૂતકાળમાં એલઆઇસી રિપોર્ટ સમયસર જમા કરાવતા ન હતા

વીર નર્મદ યુનિ.માં ભૂતકાળમાં કોલેજોનાં જોડાણના નામે ઘણા વિવાદો થતા હતા. કોલેજોના જોડાણમાં ભંગાણ પાડવા કે જે-તે કોલેજ સંચાલકો સાથે જૂનો હિસાબ ચૂકતે કરવા લોકલ ઇન્કવાયરી કમિટીમાં માણસોની નિમણૂક પણ સામે ચહેરા જોઇ કરાતી હતી. મહિનાઓ સુધી લોકલ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટ પણ સબમીટ નહોતા કરાતા.

### એલઆઈસીના સભ્યો ભૂતકાળમાં રોફ બતાવી કવરો પણ પડાવાતાં હતાં

વીર નર્મદ યુનિ.માં કોલેજોનાં જોડાણના નામે પહેલાં ચેમ્બર પ્રેક્ટિસ ચાલતી હતી. યુનિ.ના કુલપતિના લાડકા સભ્યો કોલેજોના જોડાણનો કારભાર હાથ ઉપર લઇ ખાનગી કોલેજોનું નાક દબાવતા હતા. ખાનગી કોલેજોનાં જોડાણ માટે યુનિ. તમામ સવલતો સહિત ભથ્થાં આપતી હોય છે. તેમ છતાં કેટલાક સભ્યો ખુલ્લેઆમ કવર ઉઘરાવતા હતા.

સુરતઃ શહેરની વીર નર્મદ યુનિ.એ છેલ્લાં 25 વરસમાં સૌપ્રથમ વખત નવા સત્રારંભ પહેલાં ખાનગી કોલેજોનાં જોડાણો માટે એલઆઇસી વિઝિટ સંપન્ન કરી છે. શહેરની વીર નર્મદ યુનિ.ના કુલપતિ ડો.કે. એન.ચાવડાએ કોલેજોના જોડાણની પ્રક્રિયા ઝડપી અને પારદર્શી બનાવવા કરેલી મહેનત લેખે લાગી છે. નર્મદ યુનિ. વિસ્તારમાં આવેલા સાત જિલ્લામાં આશરે 155 જેટલી સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે. આ માટે યુનિ.એ કોલેજોના હંગામી ચાલુ તેમજ ક્રમિક જોડાણ માટે દર વરસે કુસ્તી કરવી પડે છે. અત્યાર લગી તો આ પ્રક્રિયા જે-તે શૈક્ષણિક વરસનું અડધું સત્ર પતી જતું ત્યાં લગી ચાલતી હતી. જેને લઇ પછી લોકલ ઇન્કવાયરી કમિટી પણ આંખ બંધ કરી કોલેજોનાં જોડાણ ઉપર મહોર મારી દેતી હતી. યુનિ. સંલગ્ન 155 કોલેજ પૈકી 140 કોલેજના જોડાણની પ્રોસિજર પૂરી થઇ ગઇ છે. આ અંગે વધુ વિગતો આપતાં યુનિ.ના એકેડેમિક કાઉન્સિલના સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે, કુલપતિ ડો.ચાવડાએ નવા સત્રારંભ પહેલાં સ્નાતક અને અનુસ્નાતકની 540 લોકલ ઇન્કવાયરી કમિટીની ફટાફટ રચના કરી દીધી હતી. આ રચના બાદ જે-તે સભ્યોને કાગળો પાઠવી સમયાંતરે રિમાઇન્ડર કોલ કરાતા હતા. જેને લઇ લોકલ ઇન્કવાયરી કમિટીની કામગીરી ઝડપી બની છે. યુનિ.એ સને-1998 બાદ સૌપ્રથમ વખત કોલેજાના જોડાણની પ્રોસિજર એડ્વાન્સ પૂરી કરી છે.

ગુજરાતમિત્ર તા. ૨૬–૩–૨૦૨૨

# નર્મદ યુનિ. હવે ગ્રેડ સાથે ઈન્ટર અને એક્ષટર્નલ માર્કસ દર્શાવતા પત્રક પણ અલગથી આપશે

**સને-2011થી સીબીસીએસ બાદ સીજીપીએ ફોર્મેટને પગલે સરકારી નોકરી વખતે ટકાવારી જરૂરી પડતી હતી**

### 200 રૂપિયા ફી ભરી માર્કશીટ મળશેઃ ડો.કશ્યપ ખરચીયા

યુનિ.ના એકડેમિક કાઉન્સિલના સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઇન્ટરવ્યુ માટે સેમેસ્ટર વાઇઝ ટકાવારી દર્શાવતી માર્કશીટ જરૂર હોય તેવા કિસ્સામાં હવેથી સેમેસ્ટર દીઠ વિષયવાર મેળવેલા આંતરિક તેમજ બાહ્ય પરીક્ષાઓના ગુણને દર્શાવતું કોન્સોલિડેટેડ સ્ટેટમેન્ટ અપાશે. જેમાં સેમેસ્ટર કે યર બેઇઝ જે સિસ્ટમ હોય તે આધારે ગુણપત્રક અપાશે. 200 રૂપિયા ફી ભરીને માર્કશીટ મેળવી શકાશે

સુરતઃ નર્મદ યુનિ.એ હવેથી સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જે ઉમેદવારોને ઈન્ટર અને એક્ષટર્નલ ટોટલ ગુણ દર્શાવતુ પત્રક આપવા જોગવાઇ કરી છે.

કુલપતિ ડો.કે.એન.ચાવડાએ કહ્યું હતું કે, તાજેતરમાં નવસારીની એક છાત્રાએ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની નોકરી માટે ટકાવારી દર્શાવતું પત્રક એટલે કે માર્કશીટની માંગણી કરી હતી. આ બાબત એકેડેમિક કાઉન્સિલના એજન્ડા ઉપર સમાવાઇ હતી. જેમાં યુનિ.એ સને-2011થી દાખલ કરેલી ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અને ત્યારબાદ સીજીપીએ એસજીપીએ વગેરે ફોર્મેટથી માર્કશીટ આપવાની જોગવાઇ સાથે સરખામણી કરી હતી. યુનિ.એ અગિયાર વરસથી ગ્રેડ સિસ્ટમથી માર્કશીટ આપવાની શરુઆત કરી હતી. ગ્રેડ સાથે મેળવેલા ગુણ કન્વેન્સ કરી શકાતા નહોતા. સરકારી નોકરી કે જ્યાં મેરિટ આધારીત માર્કશીટની જરૂર હોય તેવા કિસ્સામાં યુનિ.એ વધારાની માર્કશીટ આપવા નવી પ્રથા શરૂ કરી છે.

સંદેશ તા. ૨૬–૩–૨૦૨૨

### કોલેજોમાં વિવિધ પરીક્ષાઓની સાથે જ પરિણામની મૌસમ શરૂ

# બી.કોમ. એક્સટર્નલની ઓફલાઈન પરીક્ષાનું પરિણામ 10 દિવસમાં જાહેર

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં હાલમાં ૧૪ માર્ચના રોજ પૂરી થયેલી બીકોમ એક્સટર્નલની ઓફલાઈન પરીક્ષાનું પરિણામ ૧૦ દિવસમાં જ જાહેર કરી દેવાયું છે. થર્ડ યર બીકોમ એક્સટર્નલનું પરિણામ ૩૪ ટકા અને બીએ સેમેસ્ટર-૧નું પરિણામ ૭૬ ટકા જાહેર કરાયું છે.

દિવાળી વેકેશન પછી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પરીક્ષાઓનો દૌર ચાલી રહ્યો છે. જેમાં ફેબ્રુઆરી માસમાં શરૂ થયેલી અને હાલમાં ૧૪ માર્ચે જ પૂરી થયેલી બીકોમ એક્સટર્નલ થર્ડ યરની ઓફલાઈન પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે. ૫૭૫ વિદ્યાર્થીઓ સાથે ૩૪.૦૭ ટકા પરિણામ આવ્યું છે. ૭ વિદ્યાર્થીઓને સેકન્ડ ક્લાસ અને ૧૪૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૨૯૮ વિદ્યાર્થીઓ નાપાસ અને ૧૧૫ ગેરહાજર હોવાનું નોંધાયું છે. આ સાથે જ ફેબ્રુઆરી માસમાં શરૂ થયેલી બીએ ફર્સ્ટ સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ પણ જાહેર થયું છે. તેમાં કુલ ૧૭૧૬૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૩૦૭૫ વિદ્યાર્થીઓ પાસ થતાં ૭૬.૧૭ ટકા પરિણામ આવ્યું છે. તેમાં ૨૪૧૭ વિદ્યાર્થી નાપાસ અને ૮૨૯ વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા છે. ૩૮૦ વિદ્યાર્થીના ફોર્મ વીથડ્રો કરાયા છે. જ્યારે ૩૬૧ વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવ્યા છે.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org.in**